



બંધઘાટ · શ્રીનગર

ફોટો-ડૉ. ડી. ડી. મહેતા

૨૭૦

કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ



ધરતીનાં છોરૂ ચિત્રકાર · કનુ દેસાઇ

(લંડન પ્રદર્શનમાં રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ગૅલેરીઝમાં એક વખત મુકાએલું ચિત્ર)

સુરજ ને સાંજ બે ભાંડુની જોડલી ઉતરતી જે ઘડી નભ–ઓવારે,
ધરતીના ભાઇ ને બેનની બેલડી ઘરભણી વેગ–પગલાં વધારે;
વેઢિયાં દાતણો, વેચિયાં સૂંથિયાં, લોહીની ટશર હાથે વહીં'તી,
વધ્યુંઘટ્યું ધાન વસ્તીતણું ભાળીને ચર્ચતાં જાય શું આપવાની!




ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત અંકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧–૪–૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં ઑડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



તમને આવી કોઈ ટેવ ખરી કે?


કાનની બૂટ કે હોઠ ખેંચવા, નખ કરડવા, મુક્કી પછાડવી ....

આ બધી તમારા હાથની હીલચાલો તમારા સ્વભાવની ચાડી ખાય છે

તમને તો તેનું ભાન પણ ન હોય. પરંતુ તમારા હાથ વડે જે અમુક હીલચાલો કરવાની ટેવ તમને પડી ગઈ હોય છે તે તમારામાં રહેલી ખામીઓ ને વિશેષતાઓ, તથા તમારા વિચારો અને ભાવોદ્રેકોને ખુલ્લાં પાડી દેતી હોય છે. દાખલા તરીકે કોઈ ચર્ચા કરતી વખતે તમારા હાથના પેન વડે કે તર્જની આંગળી વડે ઠોકઠોક કરવા જેવી ક્રિયા કરવાની તમને ટેવ હોય તો તે તમારું નિશ્ચયબળ યા તો એ વિષય માટેની તમારી આંતરિક પ્રતીતિ બતાવે છે. આવી કેટલીક સામાન્ય ટેવોનાં ચિત્રો તથા તેનાં અર્થસૂચન અહીં આપ્યાં છે.

[૧]

↑ નખ કરડવાની કે અંગૂઠો મોંમાં રાખવાની ટેવવાળા માણસો, વણપૂરી કામનાઓ અથવા તૃષ્ણાને લીધે અસંતુષ્ટ અને તંગ રહેતા મનવાળાં હોય છે.



[૨]→

વારંવાર કાનની બૂટ ચોળવાની કે ખેંચવાની ટેવ જેને હોય તે અસાધારણ માનસ ધરાવતા હોય છે અને એવા માણસો સામાન્ય રીતે અભ્યાસી, નર્મ કટાક્ષ કરનારા, બુદ્ધિશાળી, ખબરદાર કે ભપકેદાર પણ હોય છે.



←[૩]

હોઠ ખેંચવાની ટેવવાળા શાંત, ગણત્રીબાજ ને વિચારશીલ તથા બુદ્ધિપ્રધાન હોય છે.



[૪]→

હાથના અંગૂઠા આંગળામાં દબાવી બેસવાની ટેવવાળાઓ બાળક માનસ વ્યક્ત કરતા હોય છે, ને તે મોટે ભાગે પરાવલંબી અને આશ્રયવાંછુ હોય છે;



←[૫]

એ જ રીતે, વાત કરતી વખતે સામાના હાથ પકડવાની તમને ટેવ હોય તો તે તમારા મુદ્દા તેને સમજાવવાની તમારી શક્તિ વિષેની અશ્રદ્ધા કે આત્મવિશ્વાસની ખામી બતાવે છે.



[૬]→

ચર્ચા દરમ્યાન ટેબલ પર મુક્કી કે હાથ પછાડવાની ટેવ જલદ ને ઊકળી ઊઠે તેવો સ્વભાવ દર્શાવે છે અને એવાઓની બુદ્ધિ હમેશાં ભાવોદ્રેકથી ઢંકાઈ ચંપાઈ જતી હોય છે.



←[૭]

ટેબલ કે કોઈ વસ્તુ પર નગારાની માફક આંગળાંના ટકોરા મારવાની ટેવ તમે કોઈ ગૂંચમાંથી અગર કંટાળાજનક પરિસ્થિતિ કે અણગમતી લપમાંથી છૂટવા માગો છો એવી અધીરતા બતાવે છે.

(અમેરિકન મેગેઝીન)

કુમાર

આવતી કાલનાં નાગરિકોનો જીવનમંત્ર:

આશા ઉત્સાહ ઉદ્યમ

આશા, ઉત્સાહ ને ઉદ્યમ આ શબ્દ ત્રિપુટીનો મેં જીવનભર જાપ કર્યો છે, એટલે અનુભવના જોર પર હું તેની ખાત્રીથી હિમાયત કરું છું. આ ત્રણ શબ્દો તમારા હૃદયમાં કોતરી રાખો અને જુઓ કે તમારી ભાવનાઓ, મહેચ્છા અને કાર્યસિદ્ધિ પલટાય છે કે નહિ! કોઈ પણ વ્યક્તિ કે દેશની ઘટનાઓ તપાસી જોશો તો જણાશે કે આ ત્રણ ગુણોએ તેમની તપશ્ચર્યામાં મોટામાં મોટો ફાળો આપેલો છે. એ એકેક શબ્દ પર તમે વિચાર કરી જોશો તો જણાશે કે તેમાં બહુબહુ રહસ્ય છે.

આશા એટલે અભિલાષા, ઈચ્છા, સંકલ્પ, ભાવના, મહેચ્છા, પ્લાન જે કહો તેનો ગમે તે અર્થ લઈ શકાશે. તમારું જીવન આશાઓ વિનાનું હોય તો તમને કોઈ પ્રવૃત્તિ સૂઝે જ નહિ. તમારે કોઈ કામ કરવાનું હોય તો એ કેવી રીતે કરશો તેનો વિચાર કરવો જ પડશે. આશા જ આવતી કાલના જગત સુધી લંબાતો માર્ગ છે. એટલે પ્રત્યેક મનુષ્યે આશાઓનો સંગ્રહ કર્યા જ કરવો જોઈએ. આશાનો ત્યાગ એટલે તુરત વિનાશ. એના બળથી રંકમાં રંક, હીનમાં હીન બાળકોએ જગતનાં સિંહાસનો પ્રાપ્ત કર્યાં છે. મહાન શોધો કરી છે, વિજયો મેળવ્યા છે. થાકતાં, હારતાં, પડતાં, આખડતાં જેમણે આશાતંતુને પકડી રાખ્યા છે, તેઓ હંમેશાં તરી નીકળ્યા છે.

આશા મેળવ્યા પછી 'હું આવું જરૂર કરીશ; હું જ કરી શકીશ; કોઈ દિવસ જરૂર પાર પહોંચીશ; ગમે તે થાઓ પણ મારું કાર્ય, મારી શોધ, મારો અભ્યાસ પરિપૂર્ણ કર્યા વિના જંપીશ નહિ;' એવા સંકલ્પથી જીવન ભરી દેવું એ ઉત્સાહનું તત્ત્વ છે. ઉત્સાહ જ કાર્ય કરવાનો વેગ લાવે છે. ઉત્સાહ જ મુશ્કેલીઓને તોડી પાડે છે, હળવી કરી નાખે છે. દરેક તરુણે પોતાની આશા ને સંકલ્પોને સફળ કરવા ઉત્સાહ ને તેની જોડીદાર હિંમતની ખૂબ સાધના કરી લેવી જોઈએ. આ ગુણ ખીલવવા આત્મશોધનની બહુ જરૂર છે ને તે માટે એક સરળ રીત એ છે કે દરેક જણે પોતાની દૈનિકી લખવી. દૈનિકી એટલે રોજની પ્રવૃત્તિઓનું અવલોકન- ડાયરી. આ ટેવ જેઓ રાખશે તેમનાં સ્મૃતિ, જ્ઞાન ને અનુભવમાં બહુ ઝડપે આશ્ચર્યભરી પ્રગતિ થશે એમ હું નિશ્ચયપૂર્વક કહી શકું છું.

અહીં હું—

• પૃથ્વી •

અહીં હું વિરમું હવે સકલ પૃથ્વીને આવરી
વિરાટ ગરુડ શો, પ્રલંબ મુજ પાંખ આ વિસ્તરું,
વટાવી ક્ષિતિજો સુદૂર દિકઆન્તને સ્પર્શતો,
પ્રશાન્ત પરમા સુદાની કમનીય શાંતિ સ્રવું.

અને મુજ નખોતણી પકડમાં પડ્યાં પૃથ્વીનાં
બળો અજગરો સમાં સળવળી મથી સૌ હવે
થતાં શિથિલ શાંત, કોક વળ ખાઈ ઝાંવું ભરે,
અરે, પણ બધી ય એની ગતિ ક્લાન્ત થૈને ઢળે.

ધરાતલથી ઊર્ધ્વદેહ ગિરિઅગ્ર ઉત્તુંગ શો,
હવે ગગન મેર ચક્ષુ મુજ હું વિકાસી રહું.
ખુટ્યા ભરખ ભૂમિના, ગગનના અમીકૂપની
દિશે નયન માંડી આતુર અગાધ ઝંખી રહું.

અહો ગગનશાયિ! આવ મુજ પૃષ્ઠ આસીન થા,
મને વહન સોંપી તારું જયસિદ્ધિમાં લીન થા!

સુન્દરમ્



સિદ્ધિ મેળવવાનો માર્ગ તમે જાણ્યો હોય, તમારા મનમાં ઉત્સાહ પણ હોય, છતાં તમારે તમારો ભાર ઉઠાવીને આગળ પગલાં ભરવાં જ પડશે. સિદ્ધ પણ મોં ફાડીને બેઠો રહે તો મોંમાં ખોરાક આવી પડતો નથી. જગતની ગમે તે શોધો અને સિદ્ધિઓના સર્જકોનાં જીવન તપાસો. નિષ્ફળતાઓ, નિરાશાઓ, તિરસ્કારો અને અવગણનાની ખુવારી વેઠીને પણ તેમણે આશા અને ઉત્સાહ સાચવી પ્રયત્ન જારી રાખ્યા ત્યારે તેમના પ્રયત્નો ફલિત-સફળ થયા છે. તમારે આરોગ્ય જોઈતું હોય, તમારે સંપત્તિ જોઈતી હોય કે કોઈ વિદ્યાકલા પ્રાપ્ત કરવી હોય તો તમારે એક એક પગથિયું કષ્ટપૂર્વક ચડતા જવું પડશે. જંગલની કેડીઓ, રાજમાર્ગો કે પહાડો વટાવીને સિદ્ધિનગરમાં જવાને તમારે જાતજાતની માહિતી, ઉપાસના, સંગ્રહ અને આત્મ જાગૃતિનું સેવન કરવું પડશે.



જીવનસિદ્ધિ માટે ત્રણ શબ્દોનો આ મંત્ર છે તે મારો નથી. જગતના આરંભથી આજ સુધીના સિદ્ધો અને મહાન નરોનો એ મંત્ર છે. જેઓ નસીબ, કિસ્મત કે દેવની રાહ જોતા દુઃખી ને કંગાલ છે તેમનો એ મંત્ર નથી. જેઓ કોરી ધરતી ખોદીને પણ અમૂલ્ય સમૃદ્ધિ મળી શકે એવી આશા, ઉત્સાહ ને ઉદ્યમ બતાવે તેઓ જ જગતના નાયકો, ધનાઢ્યો કે મહાન સંતો બની શક્યા છે.


રવિશંકર રાવળ

[ગયા માસમાં રાજપીપળામાં ભરાએલા 'કુમાર સાહિત્ય સંમેલન'ના પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનના પ્રારંભનો ઉદ્બોધક ભાગ]

પ્રવાસ-મંજરી

એક સંસ્કાર યાત્રાનાં સંસ્મરણો

[૩] દિલ્હીથી આગળ



દિલ્હીનું ભૌગોલિક સ્થાન અને વિશિષ્ટતા સમજવાને નકશો જોશો તો જણાશે કે ત્યાંથી એક રાત કે એક દિવસની રેલવેની મુસાફરીમાં અનેક ઉપયોગી અને પ્રસિદ્ધિવાળાં સ્થાનો આવેલાં છે. માત્ર થોડા કલાકના પ્રવાસથી પણ આગ્રા, મથુરા વગેરે જેવાં સ્થળે પહોંચી શકાય છે. દિલ્હી સુધી જનારાને સમય હોય તો ટૂંકી મુસાફરીથી એવો ઘણો લાભ લઇ શકે. આથી જ દિલ્હી સ્ટેશન હિંદુસ્તાનનું એક મોટામાં મોટું જંકશન ગણાય છે અને દરેક પ્રાંતના પ્રવાસીઓને ત્યાં થોડાક કલાક તો રોકાવાનું બને જ છે. ગુજરાતમાંથી જતા પ્રવાસીઓ માટે ત્યાંની 'ગુજરાતી સમાજે' એક સાદું પણ સારૂં આશ્રયસ્થાન બનાવ્યું છે જે સ્ટેશનની પાસે જ છે, એ વિષે આગળ કહીશ. પણ હાલ તો, રેલવે ઉપરાંત આસપાસના પ્રદેશોમાં ફરી વળવાને ત્યાં મોટર બસની જે વિપુલ સગવડ છે તે ઉપર પ્રવાસીઓનું ખાસ ધ્યાન ખેંચવું જોઇએ. એ મોટર બસના વ્યવહારથી દિલ્હીથી છેક મસૂરી સુધી, અને બીજી બાજુ લાહોર, રાવળપીંડી અને કાશ્મીર સુધી, તેમજ પેશાવરથી સળંગ કલકત્તા સુધી માલ અને ઉતારૂઓની ભરમાર લાઇન-લાઈન બારે માસ ચાલુ રહે છે. દિલ્હીની આસપાસના ચાળીસ માઈલની વસતિ તો રોજ દિલ્હીમાં આવે-જાય છે. પ્રવાસીઓ આ બાબતની માહિતી મેળવી લે તો તેમને વખતનો બચાવ અને પ્રવાસની સગવડ જરૂર થાય.

લૅન્ડસ-લાઇન


મેં મારા કુટુંબને લઇને હરદ્વાર અને હૃષિકેશ જવાનો મનસૂબો કર્યો ત્યારે રેલવેની ટિકિટો મેળવવાની અને ટ્રેન પર પહોંચવાની ખટક થવા માંડી. પરંતુ શ્રી યશવંત પંડયાએ ખબર મેળવી કે બાજુના રસ્તામાંથી જ 'લૅન્ડ્સ લાઈન' નામની એક મોટર સર્વિસ હરદ્વાર, દહેરાદૂન વગેરે સ્થળો માટે રોજ ચાલુ છે. બેઠકોની સંખ્યા કરતાં વધારે ટિકિટો કાઢતા જ નથી, અને તેની ૨૧ બેઠકોવાળી ગાડી પણ ઍર કન્ડીશનવાળી, એટલે ગરમી કે ઠંડીની અસર ન થાય એવી રચનાવાળી તથા કમાનની ગાદીઓવાળી છે ભાડું ઇન્ટરના વર્ગ જેટલું, એટલે દિલ્હીથી હરદ્વારનું માત્ર આઠ રૂપિયા. ન્યૂ દિલ્હી અને પુરાણી દિલ્હીના ઉતારૂઓ લઇ બપોરે બાર વાગ્યે ઊપડે તે સમયપત્રક પ્રમાણે જ મીરત જઈ અરધો કલાક રોકાય. ત્યાંથી ચારેક વાગ્યે રૂડકી પહોંચીને સાત કે સાડાસાતે હરદ્વારના અડ્ડામાં દાખલ થઈ જાય. અને આ સાતઆઠ કલાકનો પ્રવાસ કરતાં છતાં એમાં જરાયે થાક કે કંટાળો આવતો નથી. એ તરફના રસ્તા બહુ સાફ અને જાળવણીવાળા છે. અમને એ પ્રવાસ ખરેખર ગમી ગયો. રસ્તામાં ગાડી થોભે ત્યાં જરૂરી હાજતોની સગવડો છે અને ચાપાણી પણ મળે છે.

આ મોટરરસ્તે એક વિશેષ લાભ એ થાય છે કે ઘણાં ગામ–ગામડાં અને વસતિનું ખરૂં સ્વરૂપ જોવા મળે છે. દિલ્હી છોડયા પછી તરત જ પ્રજાનું જે સ્વરૂપ જોયું તે ખરેખર કરૂણ હતું. માટીનાં ઝૂંપડાં અને ઘાસના છાપરાંમાં અર્ધ નગ્ન અને કૃશ જનતાને જોઇ આજની તંગીએ કેટલો કેર વર્તાવ્યો છે તેનો ખ્યાલ આવે. ઉત્તર હિંદુસ્તાનને ગંગા-જમનાની નહેરોએ વરસાદના દુકાળથી બચાવ્યું છે અને સારા વખતમાં ત્યાં દૂધ-દહીં અને ગોળસાકરની છાકમછોળ લાગતી. પણ આજે એ બધાંમાં ભેળસેળ પેસી ગયો છે રસ્તામાં કોઇ સારૂં મકાન દેખાય તો જાણવું કે એ કોઈ 'સ્યૂગર ફૅક્ટરી' કે કારખાનું હશે. શેરડીનાં ગાડાંની લંગારોની લંગારો રસ્તે ચાલી જતી અને ખાંડનાં કારખાનાંનું કામકાજ ચાલુ રાખતી. કેટલાંક ગામોમાં તો ખાંડ અમે ઢગલાબંધ વેચાતી જોઈ, જ્યારે દિલ્હીમાં અમે તેની એટલી તંગી અનુભવી કે ચા કરવા જેટલી પણ કુટુંબને ભાગ્યે જ પૂરી થતી. આજની નાકાબંધી અને અંકુશની આ બધી ખૂબી હતી!

મીરતની લશ્કરી છાવણીનો વિસ્તાર, સફાઇ ને શિસ્તવાળા ત્યાંના માણસો પ્રજા અને નોકરો વચ્ચે નવો પડદો રજૂ કરતાં. રૂડકી તો મોટી વિખ્યાત એન્જીનીઅરિંગ કૉલેજ ધરાવે છે. અમારી બસ રોકાઇ ત્યાં જ એક 'નૅશનલ ઍમ્પોરિયમ' નામની સંસ્થા હતી તેમાં એન્જીનીઅરિંગ કામનાં બહુ સરસ ઓજારો બનતાં જોયાં. ઊંચા પ્રકારની કમ્પાસ-બૉક્સ, ટી સ્કવેર, ડ્રૉઇંગબોર્ડ વગેરે એટલાં સરસ હતાં કે પરદેશી બનાવટને ભૂલી જવાય. પણ માલ એટલો ઓછો બને છે કે બહાર મોકલી શકાતો નથી. તેમાં સાહસિક વેપારીઓ હોય તો એ સુંદર કારીગરીનો લાભ આખા હિંદુસ્તાનને મળે અને પુ૦ ળ નાણું દેશમાં બચીને રહે. એ જ પ્રમાણે એક વેપારી ઉતારૂ અમારી સાથે હતો તેણે હરદ્વારના જંગલમાં ટ્રી-પ્લાઇ-બોર્ડ (ત્રણ પડનાં પાટિયાં) બનાવવાનું કારખાનું કર્યું છે. તેણે વાત કરી ત્યારે જણ્યું કે તેનો માલ કરાચી કે મુંબાઇ સુધી પહોંચાડવાનું તેને સૂઝયું જ નથી.

હરદ્વારમાં

સાંજે દીવા બળીના અરસામાં સાડાસાતને શુમારે અમે હરદ્વાર પહોંચી ગયા. દિલ્હીથી મેં કાંગડી-ગુરુકુલવાળા મારા મિત્ર શ્રી શંકરદેવ વિદ્યાલંકારને ખબર આપ્યા હતા, એટલે તેમની તરફથી કોઈ મોટર બસ ઉપર મળશે એવી આશા હતી. પણ ટપાલની અનિયમિતતા આજે હિંદુસ્તાનભરમાં ઘણી મૂંઝવણ ઊભી કરી રહી છે. સુભાગ્યે મેં દિલ્હીથી શ્રી દેવદાસ ગાંધી પાસેથી હરદ્વારમાંના 'બિરલા અતિથિગૃહ' માટે ચિઠ્ઠી લઈ રાખી હતી, એટલે મજૂર પાસે સામાન ઉપડાવી અમે બિરલાના મુનિમજી પાસે પહોંચ્યા. તેમણે ચિઠ્ઠી વાંચી તરત નજીકમાં આવેલા બિરલા-ઘાટ ઉપરનું ગૃહ ખોલાવી



બિરલાઘાટ—હરદ્વાર (સ્કેચ ર. મ. રા.)

આપ્યું. હરદ્વારના રસ્તાઓ સ્વચ્છ અને સીધા છે. વીજળીના બંદોબસ્તથી રાત્રે પણ નિર્ભયતાથી ફરી શકાય છે.

બિરલા અતિથિગૃહમાં વીજળી અને હાજતોની અદ્યતન સગવડો છે તેમજ રસોઇનાં જરૂરી સાહિત્ય પણ મળે છે. સારૂં આશ્રયસ્થાન મળતાં અમને બહુ સંતોષ થયો. અંધારાને લીધે બહારનું દૃશ્ય દેખાતું ન હતું; પણ ધીરેધીરે ખળખળ નાદ સાંભળ્યો, અને બારી ખોલી જોયું તો અમારૂં સ્થાન ખુદ ગંગાના પ્રવાહને સ્પર્શી રહ્યું હતું અને મકાનની નીચેની કમાનોમાંથી પ્રવાહ વહી રહ્યો હતો. મકાનમાંથી જ નીચે ઊતરીને ગંગામાં સ્નાન કરી શકાય એવી ગોઠવણ હતી,—જાણે ઘરમાંનો જ બાથરૂમ!

રાત્રે તો ઉપાહારથી જ ચલાવી લઇ અમે આરામ લીધો. પણ સવાર પડતાં જ ચોમેરનું મનોહર દૃશ્ય ખુલ્લું થયું. અમારૂં સ્થાન હરદ્વારના છેવટના એકાંત ભાગમાં હતું. પાછળ ગંગાનો વિશાળ વેગવંત જલપ્રવાહ હિંદુસ્તાનના નીચેના પ્રદેશો પ્રતિ મહાવેગથી ધસી રહ્યો હતો. આગળના ભાગમાં સુંદર નાની સડક હતી અને સામે પહાડોની હારો લાગી હતી. સડકની સામી બાજુએ એક સંન્યાસી-આશ્રમ હતો. તેનું મકાન પાકી બાંધણીનું સરસ સગવડોવાળું હતું અને તેમાં એક સુંદર શિવાલય પણ હતું. નિવૃત્ત માણસને સંન્યાસી થઈ રહેવું હોય તો અહીં ઉત્તમોત્તમ સગવડ જણાઇ. પણ પાછળથી જણાયું કે ત્યાં પણ લાગવગ અને ભેરૂબંધીનો સખત પવન છે.

ઉત્તર હિંદમાં પણ હવે ગુજરાત પેઠે ચાનો પ્રચાર થવા લાગ્યો છે, પણ હજુ પીવાની રીત જૂની છે. એ બાજુ ઉચ્છિષ્ઠ અથવા એઠજૂઠનો ખ્યાલ બહુ હોવાથી એક વાર પીધેલું પાત્ર ઉટકાયા વગર બીજા વાપરતા નથી. એટલે આવી ખટખટથી બચવા લોકો માટીના નાના કટોરા વાપરે છે. કોઇ પણ સ્થળે દૂધ, ચા કે દહીં લ્યો એટલે માટીના કટોરામાં મળે. પીને તે જમીન પર ફેંકી દેવાનો. પણ ગુજરાતીઓને એમાં ચાનો સોડમદાર સ્વાદ મળે નહિ, એટલે મૂંઝાય છે.

કુટુંબનાં માણસોને ચા વગર દિવસનું કામકાજ ફાવે નહિ, એટલે વહેલી સવારની ઠંડીમાં હું ચાની શોધ કરવા નીકળ્યો. તે વખતે મોટી મોટી હવેલીઓ જેવી ધર્મશાળાઓ હજી બંધ હતી. દુકાનો પણ ઊઘડી ન હતી. પણ પહાડોમાંથી મજૂરી માટે ઊતરી આવતા કઠિયારાઓની ચારચાર પાંચપાંચની ટોળીઓ જોઈ. તેમની છાતી ઉપર માત્ર ગુણપાટનું ફાટેલું એક એક બદન હતું, અને બે હાથની અદબ વચ્ચે દબાવેલો કુહાડો ખભે રાખી શહેરીઓ માટે કે કારખાનાંઓ માટે જંગલો કાપવા જતા હતા. બંને બાજુ મોટા પ્રાસાદો જેવાં મકાનો, એ પ્રાસાદોમાં ગોઠવાએલા ગોર-પંડાઓ અને વેપારીઓ, અને મહંતોનાં મકાનો તો કેટલાંક હવેલીઓ જેવાં સુંદર; અને તેમની વચ્ચેના નિર્જન રસ્તામાં આ કંગાલિયતનું ચિત્ર જોઇ મને વિચાર આવ્યો કે હિંદુ ધર્મ પોતાની હૂંફમાં આવેલા આ મનુષ્ય-પ્રાણી માટે શું કરી શક્યો છે? હિંદુસ્તાનમાં ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મે આવાં અનેક ઉપેક્ષિત પ્રજાજનોને જરા જેટલા સામાજિક અધિકાર અને સુખનાં આકર્ષણો આપી ધર્માંતર કરાવ્યું હોય તો તેમાં શી નવાઈ? હિંદુ ધર્મ અને એ ધર્મના આચાર્યો પોતાની ફરજ વિચારી શકતા નહિ હોય? એક તરફ લઠ્ઠ, હૃષ્ટપુષ્ટ સાધુબાવાઓને બેઠાંબેઠાં માલપુવાના પ્રસાદો, વસ્ત્રો અને સગવડો અપાય છે ત્યારે આ કંગાલ પહાડી પ્રજાને જ્ઞાન, પોષણ કે રક્ષણનાંયે સાંસાં છે. અને આપણે ઊજળા બનેલા નાગરિકો આપણી શારીરિક અને માનસિક નબળાઈઓથી નિષ્ક્રિય અને સ્વપરાયણ બની બેઠા છીએ.

ચાની ગોઠવણ કરી, ગરમ કપડામાં તેને લપેટી માંડમાંડ મુકામ પર લાવ્યો. પણ મને હરદ્વારમાં કાંઈ જ યાત્રાભાવ સ્ફૂર્યો નહિ. એક માત્ર ગંગાપ્રવાહ મારા મનની કવિતાને જીવાડી શક્યો; અને ભાવિક સંગાથીઓને ‘હર કી પાવડી’ નામે સ્થાન પર સ્નાનપૂજન કરાવી દસ વાગ્યે અમે ટાંગો કરીને કાંગડી–ગુરુકુલ જવા નીકળ્યા.

કસોટી

બુદ્ધિને કસતા નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ. ૧૪૫ ઉપર આપેલા છે; પણ તે જોતાં પહેલાં તમે પ્રયત્ન તો કરી જુઓ.

(૧) એક લુહારે પોતાના ઉમેદવારની પરીક્ષા કરતાં કહ્યું, ‘જો, આ ૬ ફૂટ ને ૬ ઇંચ લાંબી લોઢાની પાટીનું વજન ૧૩ શેર છે; એટલે કે દર ૬ ઇંચે ૧ શેર વજન થાય છે. હવે તેના એવા ત્રણ કટકા કરી લાવ કે જે વડે આપણે ૧ થી ૧૩ શેર વજન સુધીનો બધો તોળ કરી શકીએ. તો ઉમેદવારે કેટકેટલા વજનના ટુકડા કર્યા હશે? (૨) દુધની પત્ની દુત્રી હોય અને બરફની પત્ની બરફી હોય, વળી બરફી દુધની પુત્રી હોય તો દુધીનો હલવો કે જે દુધીનો પુત્ર છે તે બરફનો શો સગો થાય? (૩) ડાબી બાજુએ ગોઠવેલા સિક્કામાંથી માત્ર ત્રણ જ સિક્કા ફેરવીને એ દેરડીની રચના ઊંધી °。°。°。° આવી કરી શકશો? (૪) એક °。° ખેડૂતે બે બળદ ખરીદ્યા પણ



તે બંને પોતાને નકામા જણાયાથી ૧૨૦૦ રૂપિયે પાછા વેચી નાખ્યા. તેમાં પહેલા બળદ ઉપર તેને ૨૦ ટકા નફો થયો ને બીજા ઉપર ૨૦ ટકા ખોટ ગઈ. તો એકંદરે તેને નફો થયો, ખોટ ગઇ કે સરભર થઈ રહ્યું? (૫) દુનિયાના દેશો એકબીજાની સાથે સહિયારી સરહદથી જોડાએલા તો હોય જ છે; તેમાં કયા બે દેશો વચ્ચે લાંબામાં લાંબી સહિયારી સરહદ છે? (૬) નીચેની વસ્તુઓ પ્રાણીજન્ય, વનસ્પતિજન્ય કે ખનિજ જે હોય તે ખોળી શકશો?: રબર, મોતી, પેટ્રોલ, સમુદ્રફીણ, ગંધક, વાદળી, ગૂગળ, કસ્તુરી.

અકિંચન દશા, અપમાનિત જીવન ને કઠોર કલાસાધનાના કપરા માર્ગ પર ખેડેલા જીવનની પુરુષાર્થકથા

કથકલી કલાનાયક કુંજુનાયર

જેનાં માતા અને પિતા બંને એક ધનિકના ઘરમાં મામૂલી ચાકર હતાં, જેના મોટા ભાઇને મદ્રાસમાં કાંઈક મજૂરી કરીને પેટિયું કાઢવું પડતું ને કૂબા જેવા માટીના નાના ઘર સિવાય જેના કુટુંબને કશો જીવનાધાર ન હતો, એવો મલબારનો એક સામાન્ય જાતિનો અકિંચન બાળક આજે દક્ષિણ હિંદની કથકલી નૃત્યકલાનો અપ્રતિમ અદાકાર અને અનન્ય આવિષ્કારક થયો છે. તેની જીવનકથા, એ અનેક અડચણો ને આઘાતો પર પગ મૂકીને કરેલી કપરી સફરની પુરુષાર્થકથા છે.

લેખક • યોગેન્દ્ર પ્રિયદર્શી

મલબારની અસ્ત થતી કથકલી પેઢીના 'Big Three' જેવા ત્રણ મહારથીઓના તે આજે અગ્રણી વારસદાર અને નવી ઊગતી પેઢીના શિરોમણિ ગણાય છે. મલબારના સૌથી બુઝર્ગ ને કથકલી ગુરુઓના ગુરુ નૃત્યાચાર્ય શ્રી રામકૃષ્ણ મેનોનના તેઓ પટ્ટશિષ્ય છે ને પોતાના ગામ 'વાળંકડા' પરથી તેઓ 'વાળંકડા કુંજુનાયર' તરીકે પ્રસિદ્ધ છે.

તેમની કથકલી-સાધના દીર્ઘકાલની અને બીજા બધા કરતાં કઠોર ગણાય છે. કથકલીનો અભ્યાસકાળ સામાન્યત બાર વર્ષનો લેખાય છે, પરંતુ શ્રી કુંજુનાયરનો અધ્યયનકાળ એ અવધિને પણ ઓળંગી જાય છે. ઘોર પરિશ્રમ અને અખંડ સાધનાથી તેમણે માત્ર તેત્રીસ વર્ષની વયમાં તો આજે પોતાના ગુરુજનોથી પણ અધિક સિદ્ધિ સંપાદન કરી છે. આથી તેઓ મહાન ગુરુના સમાન ગુરુ તરીકે પણ ઓળખાય છે.

કથકલીનું તેમનું શાસ્ત્રીય જ્ઞાન પણ એટલું સર્વોત્તમ મનાય છે કે કથકલીના ઉત્તમોત્તમ અધ્યાપક તરીકે મલબારમાં તેમનું સ્થાન તેમના ગુરુ પછી બીજું જ આવે છે. કથકલીનું તેમના જેવું તલસ્પર્શી, વ્યાપક અને શાસ્ત્રશુદ્ધ જ્ઞાન મલબારના અન્ય કોઇ પણ કલાકારોમાં દૃષ્ટિગોચર થતું નથી. એકાદ અપવાદ બાદ કરતાં ગુજરાતમાં, પણ પ્રત્યેક કથકલી નૃત્ય જાણકાર તેમનો જ શિષ્ય છે.

તેમના ખરબચડા શ્યામવર્ણા મુખવાળા શરીરમાં પણ એક અજબ પ્રકારનું વ્યક્તિત્વ છે. તેમનું નિરાડંબરપણું કોઇને પણ આકર્ષે તેવું છે. અંગ ને ભાવ પરનું તેમનું પ્રભુત્વ અદ્‌ભુત છે. ભાવ અને ક્રિયાની અત્યંત બળવાન અને પ્રાણભરપૂર અભિવ્યક્તિ તેમજ તેનું સૂક્ષ્મ, સ્પષ્ટ અને શુદ્ધ સંપૂર્ણ સૌષ્ઠવ એ તેમના ઉત્તમ નૃત્યકાર તરીકેના ખાસ ગુણ છે. તેમનામાં મહત્ત્વાકાંક્ષાનો અભાવ કે આગળ આવવાની ઉદાસીનતા ન હોત તો તેઓ આજે માત્ર મલબારના જ નહિ પણ સમસ્ત ભારતવર્ષના નભોમંડળમાં તેજસ્વી તારકની જેમ ચમકતા હોત.



શ્રી કુંજુ નાયર (ફોટો: યોગેન્દ્ર પ્રિયદર્શી)

તેમનું મૂળ નામ તો કૃષ્ણ નાયર. તેમનો જન્મ ગોકુલ અષ્ટમીએ થયો હોવાથી તેમનું નામ પણ કૃષ્ણ જ પાડવું એવા કુટુંબીઓના આગ્રહથી મામના વિષ્ણુક્ષેત્રમાં તે મુજબ નામકરણ કર્યું. પણ નિર્ધન સ્ત્રીને ધનકુંભ જડે તેમ, મોટી ઉંમરે આ બીજા પુત્રની પ્રાપ્તિનું ભાગ્ય સાંપડવાથી પ્રેમાર્દ્રપાકુલ માતા નાના કૃષ્ણને 'કુંજુ' (નાનકા) ના હુલામણા નામથી બોલાવતી; અને એ નામ કાયમ રહી ગયું.

મલબારમાં 'વાળંકડા' નામના એક નાના ગામડામાં મોસાળમાં—માસીને ઘેર તેમનો જન્મ થયો. મલબારના રિવાજ મુજબ બાળકનું એ મૂળ ઘર ગણાય. એટલે તેમના જન્મથી જ તેમની અવહેલના શરૂ થઇ. માસીનો મોટો પુત્ર ઘર પરના પોતાના અધિકારમાં આ નવા ભાગીદારના આવવાથી દાઝે બળ્યો. આથી કુટુંબમાં કલહ ઊભો થયો. મસિયાઇ ભાઈ અનેક વાર કઠોર શબ્દો કહીને અસભ્ય વર્તાવ કરતા, પરંતુ અન્ય સ્થળે જઈ નિભાવ કરવાનો રસ્તો ન હોવાથી કુંજુની માતા તે બધું સહી લેતી. પણ અંતે વાત એટલે સુધી પહોંચી ગઈ કે એક વાર માતા નાના કુંજુને ખવડાવતી હતી ત્યારે મસિયાઈ ભાઇએ આવીને ખાવાનું વાસણ ઝૂંટવી લીધું. માતાએ અત્યાર સુધી તો અનેક અપમાન ને કષ્ટો મૂંગે મોઢે સહ્યાં હતાં, પણ તે આ સાંખી શકી નહિ અને તે જ ક્ષણે તે નાના કુંજુને લઇને ત્યાંથી ચાલતી થઈ. ક્યાં જવું તે પ્રશ્ન હતો. આખરે તેના પતિ ગણપતિ નાયર, બાજુના ગામમાં એક ધનવાન નંબુદ્રિ બ્રાહ્મણના આવાસમાં નોકરી કરતા હતા ત્યાં જઇને તે પણ કામવાળી તરીકે રહી ગઈ, ને ત્યાં માટીનું એક નાનું ઘર બાંધીને પતિપત્ની રહેવા લાગ્યાં.

છ સાત વર્ષની ઉંમરે પડોશમાં જ ઘરની નિશાળ ચલાવતા એક ગુરુજીને ત્યાં કુંજુએ વિદ્યારંભ કર્યો ત્યાં મૂળાક્ષર વગેરેનો પ્રાથમિક પરિચય કરી મામના પંડિતજીની પાઠશાળામાં તે દાખલ થયો.

તે વખતે મલબારમાં જૂની પ્રણાલિકા મુજબનો વિદ્યાભ્યાસ જ ચાલતો. તેમાં પ્રથમ, જમીન પર પાથરેલી રેતીમાં વચલી આંગળીથી મૂળાક્ષરો લખતાં શીખવાતું. ત્યાર બાદ ગણપતિસ્તોત્રમ્, સરસ્વતિસ્તોત્રમ્, મુકુંદ-અષ્ટકમ્, ગણાષ્ટકમ્, મંગલાષ્ટકમ્, મણિપ્રવાલમ્ વગેરે સંસ્કૃત સ્તુતિગ્રંથોના ઇશ્વરવંદનાના શ્લોકો તેમજ નીતિસારમ્, અમરકોષમ્, વરરુચિકૃત વાક્યમ્ (જેમાં ગણિત, ખગોળ, જ્યોતિષ વગેરે વિષયોનો સમાવેશ થાય છે તે)નો અભ્યાસ કરાવવામાં આવતો ને ખાસ કરીને રામાયણ, મહાભારત, ભાગવત વગેરે પુરાણોનું પારાયણ કરાવવામાં આવતું. લેખન માટે તાડ-

પત્રીનો ઉપયોગ થતો. રોજ એક પાઠ તાડપત્રીમાં લખીને ગુરુને બતાવવો પડતો. તે વખતની શિક્ષા પણ અનેકવિધ અને કઠોર પ્રકારની હતી. પાઠશાળા ઘરથી બહુ દૂર ન હતી, છતાં પુત્ર પ્રત્યેના અપાર પ્રેમને કારણે અપાય શંકાથી માતા જ કુંજુને શાળાએ મૂકી આવતી. પુત્ર પ્રત્યેનો તેનો આ અનહદ પ્રેમ લોકોમાં મજાકનું કારણ પણ બનતો. આ પાઠશાળામાં મળેલા પુરાણો આદિ પ્રાચીન સાહિત્યના પરિચયથી કુંજુ નાયરની કલાસક્તિનું પ્રથમ બીજારોપણ થયું.

શિશુવર્ગનો અભ્યાસ પૂરો થયા બાદ અંગ્રેજી શાળામાં દાખલ થઈ શકાય તેવી ધનસ્થિતિ ન હોવાથી માતાપિતા એ બાબતમાં ઉદાસીન હતાં, પરંતુ કુંજુની એ વિષેની ઉત્કંઠા વધતી ગઈ. બાજુના ગામમાં અંગ્રેજી નિશાળ હતી ત્યાં જવા માટે જતાં આવતાં ત્રણ દુ છ માઈલનો દુર્ગમ પહાડી રસ્તો કાપવો પડતો અને રસ્તામાં એક વોંકળો તરીને પાર કરવો પડતો. પણ તે કંઈ ન ગણકારતાં એક દિવસ રમવા જવાને બહાને કુંજુ બીજા ગોઠિયા સાથે ત્યાં પહોંચી ગયો અને શાળામાં દાખલ થઇ ગયો. શાળામાં તે હમેશાં પહેલો નંબર રાખતો અને પરીક્ષામાં પણ પ્રથમ નંબરે જ પાસ થતો. શાળાના અધ્યાપકો અને ગામના ઉદાર સજ્જનોની સહાયથી તેણે ચાર ધોરણ સુધીનો અભ્યાસ ખંતપૂર્વક પૂરો કર્યો.

જ્યાંની અંગ્રેજી નિશાળમાં તે જતો તે જ ગામમાં કથકલીના ચક્રવર્તી નૃત્યાચાર્ય શ્રી રામકુન્ની મેનોન પણ રહેતા. એમને ઘેર કથકલીનો નૃત્યાભ્યાસ ચાલતો, તે નિશાળે જતાં આવતાં કુંજુ રોજ ત્યાં ઊભો રહીને જોયા કરતો. તેને રોજ આટલી તન્મયતાથી કથકલીનો અભ્યાસ જોઇ રહેતો જોઇને એક દિવસ ગુરુજીએ પૂછ્યું. 'કેમ, તને પણ કથકલી શીખવું ગમે છે શું?' આ સાંભળીને એ બાળક આનંદોલ્લાસથી એટલો ગદ્ ગદ્ થઇ ગયો કે કંઇ જવાબ જ આપી શક્યો નહિ પણ ત્યારથી કથકલીના અભ્યાસની તેની ઈચ્છા તીવ્રતર થઈ ગઈ.

આજુબાજુના કોઇ પણ ગામમાં કથકલી થવાનું છે એમ સાંભળતાં જ કુંજુ ત્યાં પહોંચી જતો. કથકલીના પ્રયોગો લગભગ આખી રાત સુધી ચાલે છે કુંજુ પણ સહેજ ઊંઘ્યા વગર રાતોની રાત સુધી એ પ્રયોગો જોયા કરતો. દિવસે જ્યાં ગમે તે ખાઇને જ્યાં જગ્યા મળે ત્યાં સૂઈ રહેતો. સાંજે વગડામાં નીકળી પડીને કથકલીના અદાકારોને આંખોમાં મૂકવાના 'ચુંડપુવ'* શોધી લાવતો અને તેને ખૂબ કાળજીપૂર્વક મસળીને તૈયાર કરી પ્રેમપૂર્વક કથકલીના અદાકારોને આપતો. તેમના દરેક કામ માટે તે તત્પર રહેતો અને કોઇ પણ રીતે તેમની સેવાનો સાધન બનીને કૃતકૃત્યતા અનુભવતો. આમ છતાં કોઈ ગુરુ મેળવીને કથકલીનો અભ્યાસ કરી શકવા જેટલું પોતાનું ધન્ય ભાગ્ય હજી ન થતું હોવાથી તે ખૂબ સંતાપ પામતો.

નૃત્યની જેમ ચિત્રકલા પ્રત્યે પણ તેને પ્રથમથી જ રૂચિ હતી. ચિત્રાભ્યાસ માટે તેમણે કન્યાકુમારી તરફની કોઇ ચિત્રશાળામાં જોડાવાની તૈયારી પણ કરેલી. પરંતુ ત્યાં પહોંચવાના યે ખર્ચના સાંસા હતા. આ માટે તે એક ઉદાર ગૃહસ્થની સહાય મેળવવાનો પ્રયત્ન કરતા હતા, એવામાં તેણે સાંભળ્યું કે નીલકંઠ નંબુદ્રિ નામના બ્રાહ્મણ ધનિકના આશ્રય તળે વાળંકડા ગામમાં જ કથકલીનો નૃત્યાભ્યાસ શરૂ થયો છે. તેથી તેણે તરત ચિત્રકલા પડતી મૂકીને કથકલી જ શીખવા જવાનો નિરધાર કરી લીધો. અને તેની જોગવાઇ થતાં જ તેણે શાળાના અભ્યાસને તિલાંજલિ આપી. વાળંકડા તો તેની માશીનું જ ગામ. પણ, અગાઉ જોયું તેમ, મશિયાઈ ભાઈ



શ્રી કુંજુનાયર 'દુર્યોધન વધમ્'માં ભીમના પાત્રમાં (ફોટો: દિલીપ કોઠારી)

તો તેને ઊભા યે રહેવા ન દે તેમ ન હતું; પરંતુ એ ભાઈની નોકરી પેલા નંબુદ્રિ ગુરુને હસ્તક હોવાથી તેના દબાણથી કુંજુને આશ્રય આપ્યા વગર તેનો છુટકો ન થયો.

શરૂઆતનો ચાર વર્ષનો અભ્યાસ ત્યાં શ્રી કોપન નાયર અને ગોવિંદ શારોડી નામના ગુરુઓ પાસે પૂરો કરી લીધા પછી કુંજુને વધુ અભ્યાસ કરાવી શકે એવા હવે કથકલિના ગુરુ શિરોમણી મહામહોપાધ્યાય શ્રી રામકુન્ની મેનોન જ રહ્યા. કુંજુ નાયર હવે ત્યાં ગયા. ગુરુએ તેમની તૈયારી જોઈ સંતોષપૂર્વક તેમનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો અને તેમના હાથ નીચે કુંજુએ આગળનો ઘોર કઠોર નૃત્યાભ્યાસ આરંભ્યો. નૃત્યાભ્યાસ ગામના દેવાલયમાં ચાલતો. મસિયાઇ ભાઈને ત્યાંથી કાચુંકોરૂં જે મળતું તેના પર કુંજુ નાયર નિભાવ કરતા. અને ગુરુનું આપે પડતું વેતન, નૃત્યમાં માલિશ માટેનું તેલ, તેમજ તે દરમ્યાન કાંજીમાં ખાવાનું ઘી વગેરેનો ખર્ચ ગામના ઉદારભાવીઓ પાસેથી માગીને મેળવવો પડતો.


તેમનો અદમ્ય ઉત્સાહ અને અવિરત સાધના જોઇ ગુરુને પણ સર્વે શિષ્યો કરતાં તેમના પ્રત્યે અધિક પ્રીતિ થવા માંડી અને થોડાજ વખતમાં તે તેમના પટ્ટશિષ્ય થઇ પડ્યા. તેમની ગુરુભક્તિ પણ અનન્ય હતી. ગુરુની સ્નાનાદિ ક્રિયા વખતે દાંત ઘસવાની ભૂકી, મુખશુદ્ધિ માટે આંબાનાં લીલાં પાંદડાં, ઊલ ઉતારવા માટે તાડ કે નાળિયેરીના પાનની સળી, માથું ચોળવા માટે લીલી વનસ્પતિ, શરીરે ચોળવાનું તેલ વગેરે સાધનો તે જ તૈયાર કરતા. ગુરુનાં કપડાં પણ તે જ ધોતા ને ભોજન બાદ ગુરુની તાંબુલ પેટીમાં પાન સોપારી વગેરે લાવી મૂકવાનું પણ તેમને જ માથે હતું.

ગુરુ પ્રેમાળ હોવા છતાં શીઘ્રકોપી અને અભ્યાસ બાબતમાં ખૂબ કઠોર હતા. રજ માત્ર ગફલત પણ તેમના કોપના ભોગ કરી મૂકતી. પણ કુંજુ નાયરને શારીરિક (અનુ૦ આગળ પાન ૧૪૦મે)

* આંખો લાલ કરવા કથકલીમાં વપરાતા એક જાતના છોડનાં બી.

લઘુકથા

હીરાની વીંટી



દુર્ગાદાસ કપરી ભીડમાં આવી પડ્યો હતો. માબાપના મરી પરવાર્યા પછી આ વિશાળ સંસારમાં તેને એકલો છોડી જનારા એકમાત્ર નિકટના સગા તેના નાના તેને વારસામાં એક મૂલ્યવાન હીરાની વીંટી આપતા ગયા હતા; પણ સાથે વીલમાં શરત કરતા ગયા હતા કે અન્ન અને દાંતને વેર થવા જેવી અદ્દલ સ્થિતિમાં તે આવી ન પડે ત્યાં સુધી તેનાથી તે વેચાય નહિ. અને દુર્ગાદાસે એ શરત પાળવાનું વચન આપી તેમના મોંમાં મરતી વખતનું છેલ્લું પાણી મૂક્યું હતું.

તો હવે સટ્ટાબજારનું આવતું મોટું વલણ ચૂકવવું કઇ રીતે?

પણ દુર્ગાદાસ અમદાવાદી ખેલાડી હતો. તેના નાના પણ શોખીન સજાવટવાળા આવાસમાંની એકેએક ચીજનો પૂરી કિંમતનો વીમો તેણે કટકે કટકે ઉતરાવી લીધો હતો. પણ પોળને નાકે આવેલા કોઈકના ભાડાના મકાનને ત્રીજે માળે સહેલાઈથી આગ લાગે એ શક્ય ન હતું.

સિગરેટ સળગાવીને મુશ્કેલીનો તોડ કાઢવાનો વિચાર કરતો બેઠો હતો ત્યાં, તેની નજર સિગારેટના મોગરાના અગ્નિની સાથે ચમકી રહેલી હીરાની વીંટી ઉપર પડી. એક તુક્કો તેના મગજમાં ચમકી ગયો અને પ્રસન્ન મનથી તે આજના શ્રાવણી સોમવારનો લાભ લેવા ભીમનાથને ઓવારે નહાવા ઊપડ્યો.

પ્રેમાભાઇ હૉલ આગળથી પસાર થતાં તેણે ડાબી બાજુને રસ્તેથી પોતાને નીચલે માળ રહેતા ઘરધણીના છોકરાને ઉતાવળો ઉતાવળો પોતા તરફ આવતો જોયો. પણ ભીમનાથ કૅમ્પની બસ, સામેના સ્ટૅન્ડ પર ઊપડતી હતી. તે દોડીને એમાં ચડી બેઠો ને પાછળ દોડતો આવતો મોહન એક ધીમી બૂમ પાડી નિરાશ બની ઊભો રહી ગયો.

ભીમનાથને ઓવારે જઇને તે નાહ્યો અને વિચારી રાખેલી યોજના મુજબ તેના હાથ પરની હીરાની વીંટી સાબરમતીનાં ઊંડાં પાણીમાં ગરક થઇ ગઇ.

વળતાં, ત્રીજીવાર 'દાસી'ની ફિલ્મ જોઇને, તેનાં લોકપ્રિય ગીતના સૂર ગુંજતો ઘેર આવીને તે વીમા કંપનીને કાગળ લખવા બેઠો. પોતે બપોરનો કેવી રીતે ઘર બહાર નીકળી ગયો હતો અને એ કમનસીબ સાંજે ક્યાં ક્યાં ફર્યો હતો તેનું વિગતવાર વર્ણન, ચતુર સટોડિયાની બધી ખબરદારીથી તેમાં તેણે કર્યું, અને છેવટે આશા વ્યક્ત કરી કે પોતે તો એ વીંટી પાછી જડી આવે એમ જ ઇચ્છે છે માતામહની મરતી વેળાની એ મોંઘી ભેટના બદલામાં વીમા કંપની તેની પૂરી કિંમતના બે હજાર રૂપિયા ચૂકવી આપશે તો પણ તેને તો મંગલી ખોટનો વસવસો જ રહી જવાનો.

પત્ર ઉપર બીજી ઑગસ્ટની તારીખ પણ તેણે ખૂબ સ્પષ્ટતાથી નાખી, અને તે ટપાલમાં નાખવા જવા માટે નીચે ઊતર્યો ત્યાં મોહન ચોકમાં પાટ ઉપર બેઠો હતો. દુર્ગાદાસને જોતાંવેત મોહન પોતાના કોટનાં બટન ખોલી તેને કાંઈક આપવા જતો હતો, પણ કાગળ ટપાલમાં નાખવાની કેટલી ઉતાવળ હતી? હમણાં જ પોતે પાછો આવે છે એમ કહી તે ઝટપથી નીકળી ગયો.

દુર્ગાદાસ પાછો આવી સિગરેટ સળગાવી પોતાની અડવી આંગળી તરફ જોતો મુશ્કરાતો વિચારતો બેઠો. એવામાં જમી પરવારીને મોહન આવ્યો. દુર્ગાદાસે તેને ઉમળકાપૂર્વક આવકાર્યો અને કબાટમાંથી ઑરેન્જ ક્રશનો શીશો કાઢી ઠંડા પીણાનાં બે મોટાં ટંબલર તૈયાર કર્યા. તેને આખા દિવસ કરતાં અત્યારે ખૂબ ખુશમિજાજમાં જોઈ જરા હળવે મને તેણે પૂછ્યું, 'આજ કાંઈ તડાકો પડ્યા છે કે શું? બહુ મોજમાં લાગો છો.'

'હા; આજે પાસા પોબાર છે.' દુર્ગાદાસે કહ્યું.

મોહને ઝભ્ભાના ગજવામાંથી એક કાગળ કાઢી દુર્ગાદાસના હાથમાં મૂકતાં કહ્યું, 'તો તો મારી આટલી ગલતી તમે માફ કરશો. આ કાગળ અમારી ટપાલ ભેગો અઠવાડિયા ઉપર ટપાલી નાખી ગએલો; પણ બાપા બહારગામ ગયા છે એટલે પેઢીના કામની જંજાળમાં હું તમને આપવાનું વિસરી ગએલો આજે બે ય વખત હું તમને એ જ આપવા પ્રયત્ન કરતો હતો, પણ તમે બહુ જ ઉતાવળમાં હતા.'

પણ આ દરમ્યાન તો દુર્ગાદાસે કાગળ વાંચવા માંડયો હતો, અને તેની આંખ સામે, જાણે પ્રારબ્ધના લખ્યા કપરા લેખ હોય એવા શબ્દો તરતા હતા: 'આપની હીરાની વીંટીની પોલીસીની છેલ્લી મુદ્દત તા. ૨૯મી જુલાઇએ પૂરી થાય છે. તે જો ફરી ચાલુ રાખવા આપ ઇચ્છતા હો તો અમને જણાવશો; નહિતર ...' (સૂચિત)

આપણી અધૂરપ

જિંદગીની આખી કિતાબમાંથી માત્ર એકાદ પ્રકરણ સિવાય વધુ વાંચ્યું હોય એવું કોઇ બતાવશો? આપણામાંના ઘણાખરાએ તો ફક્ત એના ડઝનેક પૅરેગ્રાફમાં જ માંડ ડાફોરિયાં માર્યા હોય છે, તો યે આપણે તેના હાંસિયામાં આપણા નિશ્ચિત અભિપ્રાયો ટપકાવવાની ધૃષ્ટતા કરીએ છીએ. કાદવિયા પાણીના ખાબોચિયામાં નાનો શો પથરો પડ્યાનો અવાજ માત્ર કાને પડે ત્યાં તો આપણે માની લઇએ છીએ કે આપણે ઘૂઘવતા સાગરનો ઉદ્ઘોષ સાંભળી લીધો; અને આપણું ખોબા જેવડું કોડિયું પેટ્યું ન પેટ્યું હોય ત્યાં તો સારી રાતનો અંધકાર આપણે ટાળી દીધાનો ગર્વ લેતા ફરીએ છીએ! —આલ્ડસ હક્સ

કુંજુ નાયર

(અનુસંધાન પાછળ પાન ૧૩૮થી)

શિક્ષા ખમવાનો એકપણ પ્રસંગ આવેલો નહિ. તેમની માતાને પણ કથકલી ઘણું પ્રિય હતું. તે અવારનવાર પુત્રનો નૃત્યાભ્યાસ જોવા આવતી અને ખૂબ સંતોષ પામતી. જોકે કથકલી અભ્યાસની કઠિનતા અને ઉગ્ર કષ્ટપીડા જોઇને પુત્રવાત્સલ્યથી તેનું હૃદય દ્રવી જતું. કથકલી અભ્યાસને તે ‘આયુર્બલ પરીક્ષા’ અથવા ‘જીવન સાથેનું કટોકટીભર્યું યુદ્ધ’ માનતી. છતાં પોતાનો પુત્ર મહાન કથકલી નૃત્યકાર બને એમ તે પોતાના મનમાં ઝંખતી.

પરંતુ પુત્રને મહાન કથકલીકાર બનેલો જોવા તે જીવી નહિ. એકવાર તે દસ માઇલનો પંથ કાપીને એક સ્થળે પુત્રનો કથકલી પ્રયોગ જોવા ગઈ. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં તેને કૉલેરા લાગુ પડયો ને બીજે જ દિવસે તેનો દેહાંત થયો. પિતા પણ રોગગ્રસ્ત થઇ મરણપથારીએ પડયા હતા, તે યે થોડા વખતમાં પરલોકવાસી થયા. આમ અભ્યાસકાળ દરમ્યાન જ માતાપિતા તેમને નિરાધાર મૂકી ચાલતાં થયાં. તેમનું અન્ય કોઈ સગું તો હતું નહિ. મસિયાઈ ભાઈ તો જનમના વેરી હતા. તેમના અભ્યાસખર્ચમાં ખૂટતા પૈસા પણ માતા જ મોકલી આપતી. આ માટે તેણે થોડું દેવું કરેલું તે પેટે રહ્યુંસહ્યું ઘરનું ઝૂંપડું પણ તેમને હવે વેચી દેવું પડયું.

માતાના મરણ પછી મસિયાઈ ભાઇનો ઉપદ્રવ વધી ગયો. ભાભી પણ તેમાં પૂરો સાથ પુરાવતાં. ત્યાં તેમને પૂરૂં ખાવાનું પણ મળતું નહિ. ભાણામાં પીરસ્યું હોય તેથી વધુ માગી શકાતું નહિ. અભ્યાસ કરીને ઘેર ખાવા જતાં કોઈ ભાવ પૂછતું નહિ, અને ખૂબ ટગાવીને, આખરે દયા કરતા હોય તેમ વધ્યુંઘટ્યું ખાવાનું આપતા તે પણ શાંતિથી આરોગી શકાતું નહિ. મસિયાઈ ભાઈ તે વખતે તિરસ્કારયુક્ત સરસ્વતીસૂક્તોનો મારો ચલાવતા. પરંતુ આ સર્વ શાંતિથી સહી લઇને પણ તે અભ્યાસમાં એકાગ્ર રહેતા. મસિયાઈ ભાઇને રાજી રાખવા રજાઓના દિવસમાં તે ખેતરમાં કામ કરવા પણ જતા. ખેતીકામનો તેમને અનુભવ નહોતો, છતાં ખેતરમાં ખાતર પૂરવું, ગોડવું, પાણી વાળવું, ઘાસચારો વાઢી લાવી ઢોરોને નીરવો વગેરે કામો તે કરતા. પરંતુ આ સર્વ પ્રયત્નો પત્થર પર પાણી જેવા જ નીવડતા.

આ અરસામાં તેમના જીવનની એક મહત્ત્વની ઘટના બનવા પામી. ગામના મંદિરોત્સવ નિમિત્તે તેમના પ્રથમ રંગપ્રવેશનો વિધિ ગોઠવવામાં આવ્યો. તેમાં તેમણે શ્રી કૃષ્ણની ભૂમિકા એટલી તો સુંદર રીતે ભજવી કે તે જોઇને ગામની એક મુગ્ધ કન્યકા તેમની સાથે સ્નેહગાંઠ બાંધી બેઠી તેણે આ દીનહીન અને તિરસ્કૃત છોકરા પ્રત્યે મુકુલિત મંદ હાસ્ય શરૂ કર્યું અને રસ્તામાં આવતાં જતાં એ રીતે પોતાનો મર્મ પ્રગટ કરવાનો પ્રયત્ન કરવા લાગી. પરંતુ અભ્યાસમગ્ન કુંજુ તો તે તરફ ધ્યાન પણ આપતો નહિ. એ બાલા પડોશના એક કથકલી નટની પુત્રી હતી. એકવાર કામ પ્રસંગે ત્યાં જવાનું થતાં બાળાએ પોતાના મનની વાત કુંજુને કહી પણ આથી કુંજુની સ્થિતિ કફોડી બની. કેમકે બીજા અનેક ધનસંપન્ન ને કુળવાન ઘરોનાં માગાં અવગણીને તેનાં માતાપિતા આમાં સંમતિ આપે તે અસંભવિત હતું. પરંતુ કન્યાનો પ્રેમબંધ વધુ ને વધુ ગાઢ બનતો ગયો. કથકલી પ્રયોગો જોવાને બહાને તે અનેકવાર તેમને મળવા આવતી. કુંજુ નાયરની દીન અને ઉપેક્ષિત સ્થિતિ તે જાણતી, આથી તે અવારનવાર દૂધ કે કંઇ ખાવાની વસ્તુની પણ તેમના માટે વ્યવસ્થા કરતી.

અંતે લગ્નની મંજૂરી માટે કન્યાએ ઘર સામે સત્યાગ્રહ માંડયો. તેના પ્રેમની સચ્ચાઇ સામે માતાપિતાને આખરે નમતું મૂકવું પડયું. પરંતુ લગ્નના ખર્ચ માટે કુંજુ નાયર પાસે કોડી પણ ન હતી. તેની જોગવાઈ પણ કન્યાએ જ કરી આપી તેણે કયાંકથી થોડા પૈસા માગી લાવીને તેમને આપ્યા અને જેમતેમ કરીને બધું પાર ઉતાર્યું. લગ્ન બાદ કુંજુએ પત્નીને પૂછ્યું, ‘ધનસંપત્તિવાળા અનેક કુલશ્રેષ્ઠો તારી પ્રતીક્ષા કરતા ઊભા હતા તે સર્વની ઉપેક્ષા કરીને આ ગરીબ કંગાલને વરીને તેં શું મેળવ્યું?’ પત્નીએ કહ્યું. ‘તેમાં મારો દોષ નથી કૃષ્ણનો વેષ લઇને તમે જ મારા મનોરત્નને ચોરી લીધું હતું. આજે તે પાછું મેળવીને હું કૃતાર્થ થઇ.’

મસિયાઇ વડીલ ભાઇનો ત્રાસ હવે તો વધી ગયો. પરંતુ ગામના મહાજનોની શરમે તેનાથી કુંજુને ઘરમાંથી ખુલ્લી રીતે કાઢી મુકાય તેમ ન હતું. આથી ટાઢા પાણીએ ખસ જાય તેવા ઉપાયો તે અજમાવવા લાગ્યા. આ અરસામાં માતાનો શ્રાદ્ધદિન આવ્યો. દર વર્ષે શ્રાદ્ધદિનની ક્રિયા ઘર તરફથી જ કરવામાં આવતી, પરંતુ આ વર્ષે કોઇએ કશું કર્યું નહિ અને આગળથી જણાવ્યું પણ નહિ. આથી કુંજુ નાયરને ઘણું લાગી આવ્યું, અને એ ઘર પર પોતાનો પૂરો હક્ક હોવા છતાં તેનો ત્યાગ કરવાનું વધારે ઉચિત માનીને કશું પણ બોલ્યાચાલ્યા વગર ત્યાંથી ચાલતા થયા અને બાજુની નદીએ જઇને શ્રાદ્ધકાર્ય કરી પત્નીને ઘેર ગયા. લગ્ન બાદ તેમણે કથકલી કાર્યક્રમોમાંથી પાંચેક રૂપિયાની મૂડી સંપાદન કરી હતી, તે પત્નીનાં માતાપિતાના હાથમાં મૂકીને કહ્યું, ‘આમાંથી મને એક મહિના સુધી જે ખાવાનું આપી શકાય તે આપજો.’ માતાપિતાએ કહ્યું, ‘ખાવાનું નહિ હોય તો આપણે સૌ ભીખ માગીશું. પણ તમે હવે અહીં જ રહો.’ ત્યારથી તે ત્યાં જ સ્થિર થયા.

પત્નીનાં માતાપિતાની સ્થિતિ પણ બહુ સારી ન હતી. તેથી તેઓ અશક્ત થતાં તેમના ઘરનો ભાર ધીમે ધીમે કુંજુએ જ પોતા પર ઉપાડી લીધો. લગ્ન બાદ એક વર્ષે તેમના કથકલી અભ્યાસની સમાપ્તિ થઈ અને અસ્ત થતી કથકલી પેઢીના નવા ઊગતા વારસ તરીકેની તેમની સુપ્રજ્વલિત કારકિર્દીની શરૂઆત થઈ. થોડા જ વખતમાં તે કથકલી વ્યોમમાં સૂર્યની પ્રખરતાથી પ્રકાશવા લાગ્યા.

આ સમય સુધી મલબારમાં નૃત્યાભ્યાસ માટે પદ્ધતિસરની કોઈ સંસ્થા ન હતી. નૃત્યાભ્યાસ જૂની ગુરુપ્રથા પ્રમાણે ચાલતો. ઉપરાંત કેટલાક ધનિકો પોતાના આશ્રયે અમુક વિદ્યાર્થીઓને નૃત્યાભ્યાસ કરાવતા. એટલામાં મલબારના મહાકવિ શ્રી વલ્લાથોલે ‘કેરાલા કલામંડલમ્’ નામની એક નૃત્ય-સંસ્થાની સ્થાપના કરી તેના ગુરુપદે આચાર્ય શ્રી રામઉન્ની મેનોનને નિયુક્ત કર્યા. પરિણામે કુંજુ નાયર શ્રી વલ્લાથોલના સંપર્કમાં આવ્યા અને તેના પ્રખર નૃત્યાભ્યાસ અને વિરલ સિદ્ધિથી પ્રસન્ન થઈ કવિએ સંસ્થાના ઉપગુરુ તરીકે તેમની નિમણૂક કરી. ત્યાં તેમણે જાણીતા નૃત્યકારો પૈકી શ્રી રામગોપાલ, શ્રીમતી રાગિણીદેવી, મીસ લાઈટવૂડ, શ્રી રત્ના, કુમારી શાંતા રાવ આદિને શિક્ષણ આપ્યું. આ જ અરસામાં પૌરસ્ત્ય કલાના ચાહક એક યુરોપિયન સદ્‌ગૃહસ્થે આ નૃત્યકલાની જાળવણી માટે એક મોટી સખાવત કરી. તેમાંથી એક વર્ગ ખોલીને તેમણે કેટલાક ચુનંદા વિદ્યાર્થીઓને કથકલી નૃત્યાભ્યાસ કરાવ્યો.

આ બાદ તેઓ મલબારની સુપ્રસિદ્ધ ‘આર્યવૈદ્યશાલા’ના સ્થાપક સ્વ૦ વૈદ્યરત્ન પી. એસ. વારીઅરના ‘નાટ્યસંઘમ્’માં જોડાયા. નાટ્યસંઘમ્ શરૂઆતમાં મલબારમાં સૌથી સુપ્રસિદ્ધ નાટ્યમંડળી હતી. પરંતુ વૈદ્યરત્નને કથકલી પ્રત્યે વિશેષ આકર્ષણ થતાં તેમણે તેનું કથકલી નૃત્યમંડળીમાં રૂપાંતર કરવાના આશયથી તેનું શિક્ષણ આપવા કુંજુ નાયરને આમંત્ર્યા. (અનુસંધાન આગળ પૃ ૧૪૭મે)


વીજળીના દીવાનો ઇતિહાસ

પ્રકાશ ઉત્પન્ન કરવા માટે વીજળીનો ઉપયોગ કરવાના જે જે પ્રયત્નો આજ સુધી થયા છે તે બધાને અંતે વીજળીના દીવાની એક રસમય ઇતિહાસકથા બની ગઈ છે. તેમાંથી મુખ્ય મુખ્ય બનાવો નીચે પ્રમાણે છે:

(૧) આર્ક લૅમ્પ: કાર્બનના બે લાંબા ટુકડાને પાસે પાસે રાખી તેમાંથી વિદ્યુત્ પસાર કરવામાં આવે તો વચ્ચે રહેલી ખાલી જગ્યામાં અત્યંત ગરમી સહિત પ્રકાશ ઉત્પન્ન થાય છે. તેને કાર્બન આર્ક કહે છે. આનો સૌથી પહેલો ઉપયોગ ઈ. ૧૮૧૦માં સર હમ્ફ્રી ડેવીએ, બે કાર્બનમાં હજારેક વોલ્ટેઇક વિદ્યુત્ કોષોમાંથી વિદ્યુત્પ્રવાહ પસાર કરીને કર્યો. ૧૮૪૬ અને ૧૮૭૭ દરમ્યાન જ્યારે સરળ વિદ્યુત્ઉત્પાદક યંત્ર (ડાયનેમો)ની શોધખોળ અને પ્રગતિ થઈ ત્યારે આ આર્ક લૅમ્પના વપરાશ વધી. પારીસ ઑપેરા હાઉસમાં આવા કાર્બન લૅમ્પનો પહેલવહેલો જાહેર ઉપયોગ થયો. ત્યાર પછી કેટલેક સ્થળે દીવાદાંડીમાં પણ આ લૅમ્પ વપરાતો. પણ આ લૅમ્પમાં કાર્બન જલ્દી બળી જતા હોવાથી, આર્ક ચાલુ રહે તે માટે વારંવાર ટુકડાઓ ગોઠવવા સારૂ કોઇકને હાજર રહેવું જ પડતું. ૧૮૭૭માં જેબ્લોચકોફે ધીમેધીમે સળગે તેવો ઑલ્ટર્નેટિંગ કરન્ટથી પ્રકાશ આપતો લૅમ્પ બનાવ્યો. આવા લૅમ્પ પારીસ, લંડન વગેરે શહેરોના રસ્તાની બત્તીઓ માટે મોટા પ્રમાણમાં વપરાવા લાગ્યા. ૧૮૯૭માં લોહચુંબકની અસર નીચે કાર્બન આર્કમાંથી ઝળહળતી જ્યોત ઉત્પન્ન કરી તેમાં પ્રકાશ મળે તેવી શોધ કરવામાં આવી. પણ કાર્બન આર્કનો પ્રકાશ અસ્થિર અને તેમાંથી નીકળતાં અલ્ટ્રા વાયોલેટ કિરણોને લઇને આંખને નુકસાન પહોંચાડે તેવો હોય છે અને લૅમ્પના કાર્બનને વારંવાર ગોઠવવાની કડાકૂટ પડે છે, એ તેની નબળી બાજુઓ છે.

(૨) ફિલામેન્ટ લૅમ્પ: ઈ. ૧૮૪૦માં પ્લૅટીનમના ફિલામેન્ટવાળા લૅમ્પ ગ્રોવ અને દ'મોલિન્સે બનાવ્યા. ફિલામેન્ટ એટલે ધાતુના બારીક તાર. આવા તારમાંથી ભારે વિદ્યુત્પ્રવાહ પસાર કરવામાં આવે છે જ્યારે તે ગરમ થઇને સફેદ પ્રકાશ આપે છે. ઉપર્યુક્ત ફિલામેન્ટ લૅમ્પને ખાસ સફળતા મળી નહિ. ૧૮૪૫માં સ્ટાર અને કિંગે ઑકસીડેશન ન થાય તે માટે અવકાશ (Vacuum)માં ધાતુ અથવા કાર્બનના ફિલામેન્ટ લૅમ્પની શકયતા સૂચવી. ૧૮૭૩માં લોડીગીને નાઇટ્રોજન વાયુથી ભરેલો કાર્બન ફિલામેન્ટવાળો લૅમ્પ બનાવ્યો.

૧૮૭૫માં સ્પ્રેન્ગેલે પહેલો સારો વૅક્યુમ પમ્પ બનાવ્યો. તે પછી ૧૮૭૮–'૭૯માં સ્વૉને ઇંગ્લંડમાં અને એડીસને અમેરિકામાં પહેલા સફળ અને વાપરવામાં સહેલા કાર્બન ફિલામેન્ટવાળા લૅમ્પ બનાવ્યા. ૧૮૮૦માં એડીસનનો વાંસમાંથી બનાવેલા કાર્બન ફિલામેન્ટવાળો લૅમ્પ લગભગ ૩ કેન્ડલ પાવર જેટલો પ્રકાશ આપતો હતો. ૧૮૭૮માં કાર્બન ફિલામેન્ટમાં રહેલા વાયુઓ અને બલ્બમાં રહેલી હવાને સંપૂર્ણ રીતે બહાર કાઢીને સ્વૉને વધારે સારો ટકાઉ લૅમ્પ બનાવ્યો અને ૧૮૮૦માં તેનું પેટન્ટ લેવામાં આવ્યું. ત્યાર પછી ૧૮૮૨માં જામેલા (કઠણ) સેલ્યુલોઝના ફિલામેન્ટ બનાવ્યા. સેલ્યુલોઝ ફિલામેન્ટ એકસરખા જાડાઇના હોય તો વધુ ટકે. તે માટે સૉયરે એક રીત શોધી કાઢી. ૧૮૮૭ સુધીમાં તો ૧૦૦૦ કૅન્ડલ પાવરનો પ્રકાશ આપતા લૅમ્પ બનવા લાગ્યા હતા.



વીજળીના દીવાની શોધ જે ક્રમે આગળ વધી તે દર્શાવતા જુદાજુદા તબક્કાઓનાં ચિત્રો: (૧) ૧૮૭૭નો જેબ્લોચકૉફનો કાર્બન આર્કનો દીવો; (૨) ૧૮૭૮માં સ્વૉને ઇંગ્લંડમાં બનાવેલો કાર્બન ફિલામેન્ટવાળો લૅમ્પ; (૩) ૧૮૭૯માં એડિસને બનાવેલો તેવો જ લૅમ્પ; (૪) ૧૮૯૭માં નર્ન્સ્ટે બનાવેલો ધાતુની ફિલામેન્ટવાળો લૅમ્પ; (૫) વૅક્યૂમવાળો ફિલામેન્ટ લૅમ્પ; (૬) ૧૯૧૩માં લૅન્ગમૂરે શોધેલો ને હાલ ચાલતા ગૅસ ભરેલા ફિલામેન્ટ લૅમ્પ.

૧૮૪૦ પછી પહેલી વાર ફરી ધાતુના ફિલામેન્ટનો ઉપયોગ ૧૮૯૭માં નર્ન્સ્ટે (Nernst) કર્યો. તેણે બનાવેલા લૅમ્પમાં રેર અર્થ્સ નામની ધાતુઓ વાપરવામાં આવી હતી. આ ધાતુના ફિલામેન્ટમાં તેને ગરમ કર્યા પછી જ વિજળી પસાર કરવામાં આવતી. પણ અવકાશ વિના ચાલતું. વિજળીની દૃષ્ટિએ કરકસરિયા પણ બરડ એવા ઓસ્મિયમ ધાતુના ફિલામેન્ટવાળા લૅમ્પ વેલ્સબેગે સફળતાપૂર્વક બનાવ્યા. (૧૮૯૮–૧૯૦૨) વૉન બોલ્ટન અને ફ્યુએટ લેંડને ૧૯૦૫માં એન્ટેલમ ધાતુ વાપરી જોઈ. આ ધાતુ ગરમીથી પોચી પડી જતી હોવાથી ફિલામેન્ટ માટે ઘણા ટેકા રાખવા પડતા. પણ બીજી ધાતુઓમાં જે બારીક તાર બનાવવાની મુશ્કેલી આવતી તે આ ધાતુના ફિલામેન્ટ બનાવવામાં નહોતી.

ટન્ગસ્ટન ધાતુ—જેનો ઉપયોગ હન્ટીન્ગટને ૧૮૮૪માં સૌથી પહેલો કરી જોયો હતો—તે ધાતુમાંથી ઝીણા તાર કાઢવાની કૂંચીજની ખાસ રીત ૧૯૦૯માં સંપૂર્ણ થઇ પછી જ ફિલામેન્ટ માટેની ખાસ standard ધાતુ બની. તેનું ગલનબિન્દુ ઘણું જ વધારે છે અને ચોકખી ટન્ગસ્ટન ધાતુ બીજી ધાતુઓ કરતાં ઘણો જ વધારે સારો સફેદ પ્રકાશ આપે છે. વૅક્યુમવાળા બલ્બમાં થોડીઘણી ગરમી ઊડી જાય છે, છતાં અમુક પ્રમાણ કરતાં ગરમી વધી જાય તો ફિલામેન્ટ ઓગળી જવાનો સંભવ રહે છે. આ વાત ખરેખર કમનસીબ છે; કારણ કે જેમ ફિલામેન્ટની ગરમી વધારે તેમ તેમાંથી વધારે પ્રકાશ નીકળે. પણ ગરમી અમુક હદથી વધવી જોઈએ નહિ; પરિણામે પ્રકાશ પણ વધારે મળે નહિ. આર્ગન જેવા 'ઇનર્ટ' કહેવાતા વાયુ ભરવાથી ફિલામેન્ટ ઓગળી જવાનો સંભવ ઓછો, પણ બીજી મુશ્કેલી એ આવે કે એ વાયુ પોતે જ ઘણીખરી ગરમી લઈ લે છે. આથી ધાતુનું ઉષ્ણતામાન જોઇએ તેટલું વધે નહિ લૅન્ગમૂરે ૧૯૧૩માં ગૅસથી ભરેલા બલ્બમાં ગૂંચળાવાળા (Coiled) ફિલામેન્ટ મૂકી આ પ્રશ્નનો નિકાલ આણ્યો. અને ૧૯૩૪થી તો નાના લૅમ્પની કાર્યસાધકતા ગૂંચળાંવાળાં (કૉઇલ્ડકૉઇલ) ફિલામેન્ટ વાપરવાથી ૨૦ ટકા જેટલી વધી ગઈ છે.

(૩) પ્રકાશ-નળી (લ્યૂમિનસ ડિસ્ચાર્જ ટ્યૂબ): ઘર્ષણ વિદ્યુત્ઉત્પાદક યંત્રમાંથી વીજળી મેળવીને હોકસબીએ આજથી ૨૦૦ વર્ષ પહેલાં વૅક્યુમ ટ્યૂબમાં થતા સ્પાર્ક જોએલા. ૧૭૫૧માં ડૉ. વૉટસને પારાના બૅરોમીટરમાં આર્ક ઉત્પન્ન કરી પ્રકાશ મેળવ્યો. ૧૮૯૫માં હાઇ ફ્રીક્વન્સી કરન્ટથી ચાલતી મૂર ટ્યૂબ બનાવવામાં આવી. અને ૧૯૦૦–૧૯૦૨માં તો ૧૦૦ થી ૨૦૦ ફીટ લાંબી નળીઓ વપરાવા લાગી. ૧૯૦૦માં કૂપર-હેવટના (અનુસંધાન આગળ પાન ૧૪૫મે)

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

૪-ફારસી ધાટીના છંદો

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણા બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મૂંઝાતા જણ્યા છે. 'દલપત-પિંગળ', 'રણપિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મકવિતા'માંનો 'પિંગળ પ્રવેશ', શીખતા શીખનારાઓ માટે જોઈએ તેટલા વિશદ જણાયા નથી. બૃહદ વ્યાકરણ વગેરેને છેડે અપાયેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાઠય પુસ્તકમાંનું આ પ્રકરણ અગોતરું પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

ગયા ત્રણ અંકમાં આપણા પિંગળશાસ્ત્ર વિષેની 'પ્રાથમિક માહિતી'ની સાથે 'અક્ષરમેળ' તથા 'માત્રામેળ' છંદો તેમજ આપણી 'દેશી'ઓનો પરિચય અપાઈ ગયો. આ છેલ્લા હપતામાં, આપણે ત્યાં પ્રચલિત મુખ્ય ફારસી ધાટીના છંદોનાં મૂળ બંધારણ સાથે અરબી-ફારસી પિંગળની પ્રાથમિક ઉપયોગી માહિતી પણ આપી છે.

લેખક · કેશવરામ કા. શાસ્ત્રી

અરબી-ફારસી અને ઉર્દૂ કવિતાના વહન તરીકે વપરાતા છંદો (બહર)નું વિશિષ્ટ શાસ્ત્ર 'ઇલ્મે અરૂજ' ખૂબ વ્યવસ્થિત છે. એના ૩૫૬ છંદો સ્વ. રણછોડભાઇ ઉદયરામે 'રણપિંગળ'માં નોંધ્યા છે. આપણે ત્યાં ગુજરાતીમાં તો આમાંના સ્વલ્પ છંદો જ વપરાય છે. બાળાશંકર, અમૃત કેશવ નાયક, દીવાના, કાન્ત, મણિલાલ નભુભાઈ, કલાપી, સાગર, દેરાસરી, ઠક્કુર નારાયણ વગેરે સિદ્ધહસ્ત કવિઓએ, કેટલાક પારસી કવિઓએ, તેમજ હાલના યુવાન મુસ્લિમ કવિઓએ આવા કેટલાક છંદોમાં કવિતા લખી છે. એમાંના અમુક પ્રચલિત છંદોનાં લક્ષણો અને ઉદાહરણો આપણે જોઇશું. પણ તે પહેલાં એની પરિભાષા વગેરે આપણે સમજવાં જોઇએ.

અર્કાન: આપણા પિંગળના ગણની માફક ફારસીમાં પણ લઘુ-ગુરુના માપ પ્રમાણે પાડેલા આઠ ગણ છે તેને 'અર્કાન' કહે છે. તેનાં નામ તથા તેના લઘુગુરુના ઉચ્ચાર, 'લ' 'દા'ના સંકેત મુજબ થતા, આ નીચે આપ્યા છે:

૧ ફઊલુન્	— લ દા દા	૫. મફાઇલતુન્	— લ દા લ લ દા
૨. ફાઇલુન્	— દા લ દા	૬. ફાઇલાતુન્	— દા લ દા દા
૩. મફાઈલુન્	— લ દા દા દા	૭. મુતફાઇલુન્	— લ લ દા લ દા
૪. મુસ્તફ્ઇલુન્	— દા દા લ દા	૮. મફ્ઊલાત	— દા દા દા લ

ઉપરના ગણના ઉચ્ચારણમાં, લક્ષણને અનુસરી, ગુરુસ્થાને—એટલે કે એક દીર્ઘ સ્વર રૂપે યા બે લઘુ રૂપે—આવી શકે તેવાને 'દા' અને એક લઘુને માટે 'લ' સંજ્ઞા આપવામાં આવી છે.

આ મુખ્ય આઠ ગણોમાંથી ટુકડા પાડી ૫૫ વિકારી ગણ બનાવેલા છે. જેમકે, 'ફઊલુન્' ગણમાંથી 'ફઊલ્', 'ફઅલ્', 'ફાલુન્' 'ફઅ્' વગેરે અનેક. આ બધા વિકારી ગણોનો ઉપયોગ અનેક પેટા છંદો બનાવવામાં કરાય છે. ગણોની આ ભાંગતોડને 'જિહાફ' કહે છે.

ઉપરના આઠ ગણ વડે ૧૯ શુદ્ધ છંદો બને છે. એનાં નામ: ૧-તવીલ, ૨ બસીત, ૩ મદીદ, ૪ કામિલ, ૫ વાફિર, ૬ હઝજ, ૭ રમલ, ૮ રિઝજ, ૯ મુતસરહ, ૧૦ મુઝારિઅ, ૧૧ સરીઅ, ૧૨ ખફીફ, ૧૩ મુજતસ, ૧૪ મુક્તઝિબ, ૧૫ મુતકારિબ, ૧૬ મુતદારિક ૧૭ ઝદીદ, ૧૮ કરીબ અને ૧૯ મુશાકિલ.

મિસરા: ઉપરના ગણો અમુક નિશ્ચિત લક્ષણો પ્રમાણે વાપરીને કાવ્યનું જે એક ચરણ તૈયાર કરવામાં આવે તેને 'મિસરા' કહે છે.

શેર: આવા બે 'મિસરા'ની જે એક કડી બને તે 'શેર' કહેવાય છે. આપણો 'શ્લોક' સામાન્યતઃ ચાર 'ચરણ'નો બનેલો હોય છે, જ્યારે 'શેર' બે 'મિસરા'નો બનેલો હોય છે.

સદર: આપણા શ્લોકમાંનાં એકી ચરણોને આપણે 'વિષમ' કહીએ છીએ તેમ, 'શેર'માંના એકી (પહેલા) ચરણને 'સદર' કહે છે.

અજઝ: આપણાં બેકી ચરણોને આપણે 'સમ' કહીએ છીએ તેમ 'શેર'માંનું બેકી (બીજું) ચરણ 'અજઝ' કહેવાય છે.

સ્થાન પ્રમાણે ગણોની સંજ્ઞાઓ: આપણા પિંગળ કરતાં આ અરબી ફારસી પદ્યરચનામાં એક વિશેષતા એ છે કે, કોઈ પણ એક છંદમાં જેટલા ગણો વપરાયા હોય તે દરેકના સ્થાન મુજબ તેની સંજ્ઞા નક્કી કરવામાં આવી છે. એ સ્થાનની ગણતરી નીચેના ત્રણ વિભાગોમાં જ થાય છે: (૧) ચરણમાં પહેલો આવતો ગણ, (૨) છેલ્લો આવતો ગણ, અને (૩) વચ્ચે આવતા બધા ગણો.

આ સમજવા એક દાખલો લઇએ: આપણે ત્યાં પ્રચલિત ગઝલનું બંધારણ 'મફાઈલુન્' ગણ દ્વારા નીચે મુજબ થાય છે:

મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્
મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્

આ બે પંક્તિમાંની પહેલી પંક્તિ (વિષમ ચરણ–સદર)માં આવતા ચાર મફાઈલુન્ ગણ પૈકીનો પહેલો મફાઈલુન્ 'સદર' સંજ્ઞાથી ઓળખાય છે; છેલ્લો મફાઈલુન્ 'ઉરૂજ' સંજ્ઞાથી ઓળખાય છે અને વચ્ચેના બંને મફાઈલુન્ ગણ 'હશવ' કહેવાય છે; જ્યારે બીજી પંક્તિ (સમ ચરણ–અજઝ)માં આવતા ચાર મફાઈલુન્ ગણ પૈકીનો પહેલો 'ઇબ્તેદા', છેલ્લો 'ઝરબ' અને વચલા બને 'હશવ' કહેવાય છે

ઉશૂલ: સંસ્કૃત વૃત્તોની માફક અરબી–ફારસી છંદો પણ અક્ષરમેળ–ગણમેળ છે. તેના ગણોમાં શબ્દોને તેનું ચોક્કસ 'વજન' સમજીને જ પ્રયોજી શકાય છે આ માટે શબ્દોના શ્રુતિસમૂહ (syllables સિલેબલ્સ)ની પણ સ્વરૂપ પ્રમાણે વિવિધ સંજ્ઞાઓ આપવામાં આવી છે. દરેક શ્રુતિ (સિલેબલ)ને 'ઉશૂલ' કહે છે.

'ઉશૂલ'ના પાછા ત્રણ પ્રકાર છે: બે માત્રાના યૂથને 'સબબ', ત્રણ માત્રાના યૂથને 'વતદ' અને ચાર માત્રાના યૂથને 'ફાસલા' કહે છે.

સબબ (બે માત્રાની શ્રુતિ)નાં ઉદાહરણ: ઘા, ઘર, છિટ વગેરે.

વતદ (ત્રણ માત્રા)નાં ઉદાહરણ: સદા, શરમ, સાધુ, સિંધુ વગેરે.

ફાસલા (ચાર માત્રા)નાં ઉદાહરણ: કવિતા, કરવત, શાશ્વત વગેરે.

'ફાસલા'માં પાછા બે પ્રકાર છે: ચાર માત્રાના પ્રકારને 'સુગ્રા' કહે છે, જેનાં ઉદાહરણ ઉપર આપ્યાં છે. બીજો પ્રકાર પાંચ માત્રાનો છે તેને 'કુબ્રા' કહે છે. 'સુગ્રા'ના છેલ્લા લઘુને ગુરુ કરવાથી આ 'કુબ્રા' સધાય છે. જેમકે 'કરવત' એ સુગ્રા છે; પણ 'કરવતો' એ કુબ્રા થયો.

વજન

સબબ, વતદ અને ફાસલાનાં જે ઉદાહરણ ઉપર આપ્યાં છે તે પરથી જણાશે કે છંદમાં અક્ષરગણતરી 'ઉચ્ચારણ' ઉપર આધાર રાખે છે; તો જ ઘા, ઘર અને છિટ સરખાં થઈ શકે. તે જ રીતે સદા, શરમ, સાધુ, સિન્ધુ વગેરેમાં પણ અક્ષરસંખ્યા વિવિધ હોવા છતાં ઉચ્ચારણ ઉપર આધાર રાખી શ્રુતિ તો બે જ ગણાય છે ફાસલામાં પણ એ જ રીતે કવિતા, કરવત, શાશ્વત વગેરે પણ વિવિધ અક્ષરસંખ્યા ધરાવતાં છતાં ત્રણ જ શ્રુતિવાળાં ગણાય છે. ફાસલા–કુબ્રામાં પણ નિર્મલા, સરગમો, એમાં ત્રણ જ શ્રુતિ ગણાય છે.

એકશ્રુતિ, દ્વિશ્રુતિ અને ત્રિશ્રુતિ પદોની આ ત્રણે સંજ્ઞાઓ પદ્ય-રચના માટે લક્ષ્યમાં રાખવી જરૂરી છે. અરબી પિંગળની વિશુદ્ધિનો ખરો આધાર આ શ્રુતિઓ ઉપર જ છે. તેથી ગુજરાતી ભાષામાં એ છંદો વાપરતાં જીવંત ઉચ્ચારણ ઉપર જ સતત ખ્યાલ રાખવો જરૂરી છે; કેમકે ગુજરાતી ભાષામાં લઘુપ્રયત્ન **અ, ઇ, ઉ** પૂર્વની શ્રુતિનાં અંગ બની જઇને પૂર્વની શ્રુતિને ગુરુ બનાવી દે છે. દાખલા તરીકે 'ઘર'; કંઈ (જે બોલવામાં 'કૈં' બની જાય છે); લઉં (જે બોલવામાં 'લૌં' બને છે.)

પૂર્વની શ્રુતિમાંનો સ્વર હ્રસ્વ હોય ત્યારે તો માત્રામાનની દૃષ્ટિએ એ શ્રુતિ ગુરુ બની રહેતાં કાંઈ વિસંવાદ ઊભો થતો નથી; પરંતુ પૂર્વની શ્રુતિમાંનો સ્વર દીર્ઘ હોય છે (ખાસ કરી **આ, એ, ઓ**) ત્યારે એ સ્વરો પછીની શ્રુતિમાંના લઘુપ્રયત્ન **અ, ઇ,** ઉને કવિતામાં કેવું સ્થાન આપવું એ મૂંઝવણમાં નાખી દે છે. **આ, એ, ઓ** એ ત્રણે સ્વરોમાં પણ **આ** નો પ્રસંગ વિકટ બને છે; કેમકે **એ** અને **ઓ** તો આપણે ત્યાં હ્રસ્વ રૂપે પણ ઉચ્ચારાય છે અને તેથી લઘુપ્રયત્ન **અ, ઇ.** ઉવાળી શ્રુતિ સહિત તે કવિતામાં ગુરુ રૂપે આવી શકે છે: જેમકે—

તું રૂપ છે, હું **પ્રેમ** છું, તું જીવ, હું શરીર.

આમાં '**પ્રેમ**' શબ્દમાં 'પ્રે' ગુરુ હોવા છતાં 'મ' તેમાં ભળી જઇને એક જ ગુરુ તરીકે ઉચ્ચારાય છે. પરંતુ—

જિગરનો **યાર** જુદો તો બધો સં**સાર** જુદો છે.

એ ગઝલનું બંધારણ ફારસી છંદોરચના પ્રમાણે આમ છે:

મફાઈલુન્, મફાઈલુન્, મફાઈલુન્, મફાઈલુન્
લ દા દા દા લ દા દા દા લ દા દા દા લ દા દા દા

એટલે, ઉપરની પંક્તિમાં કાળા કરીને બતાવેલા '**યાર**' અને સં'**સાર**'-માં અરબી-ફારસી છંદોરચના પ્રમાણે ત્યાં 'દા' અને 'લ' એમ બે જુદા શબ્દના રૂપમાં અથવા સ્વતંત્ર ઉચ્ચારવાળા 'દા' અને 'લ' આવવા જોઈએ: પૂર્વની શ્રુતિમાં ભળી જાય તે રીતના નહિ. આવાં સ્થાને ફારસીમાં 'લ'થી શરૂ થતો શબ્દ મૂકવો વધારે અનુકૂળ થઇ રહે છે. જેમકે નીચેની પંક્તિઓમાં ચેરા કરેલા અક્ષરો જુઓ.

"અગર્ ખાહી **દિલે** રૌશન્ તુરા તર્કે **હવસ્** બ્હેતર્,
ચિરાગી દર **કફે** હર કસ બુવદ્ ઝંબ્તે **નફસ્** બ્હેતર્."

આ ઉદાહરણમાંના **દિ, હ, ક** અને **ન** એ મોટા અક્ષર જુઓ અને **યાર** તથા સં**સાર** સાથે સરખાવો. એ પંક્તિ ફારસી ગણયોજના પ્રમાણે આમ બોલાય:

જિગરનોયા રજુદોતો બધોસંસા રજુદોછે.

આપણી ગુજરાતી ગઝલો વગેરેની છંદોરચના અરબી-ફારસી છંદોના શુદ્ધ રૂપને અદ્દલ અનુકૂળ કરવી હોય તો આ વસ્તુ સતત ધ્યાનમાં રહેવી જ જોઇએ. આપણે ત્યાં અરબી-ફારસી પદ્ધતિએ અમુક મુસ્લિમ કવિઓ સિવાયના લગભગ બધા કવિઓની રચનામાં ઉપર બતાવેલા ખ્યાલનો ઘણે અંશે અભાવ જણાય છે; કેમકે એમની સામે સતત રહેતા હિંદી-ગુજરાતી માત્રામેળ છંદોને લીધે એમણે સંસ્કૃત અક્ષરમેળ છંદોને અનુસરીને લઘુપ્રયત્ન **અ, ઇ,** ઉનો ખ્યાલ કેળવ્યો નથી હોતો. એટલે નવીન રચના કરનારે ઉપરની સૂચના ખાસ લક્ષ્યમાં રાખી, આ નીચે દરેક છંદના આરંભમાં આપેલા એના પારિભાષિક માત્રામાનને જ ચુસ્તપણે અનુસરવું હિતાવહ છે.

એ ખાસ ધ્યાનમાં રાખવું કે અરબી-ફારસી છંદોનો 'એકમ' **શ્રુતિ** (syllable) ઉપર જ અવલંબે છે. અમુક છંદમાં અમુક શ્રુતિ હોય, એટલે એમાં બતાવેલા મુજબના જ 'દા' કે 'લ' આવવા જોઇએ. આમ કરવામાં એક 'દા'ને બદલે બે 'લ' મૂકવાને કારણે અક્ષરો વધુ-ઘટુ આવી શકે; પણ શ્રુતિઓ (સિલેબલ્સ) તો નિશ્ચિત કર્યાં મુજબ જ આવે. જેમકે ઉપર બતાવ્યા મુજબ

મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્ મફાઈલુન્

એ છંદની શ્રુતિ આ મુજબ છે:

લ દા દા દા લ દા દા દા લ દા દા દા લ દા દા દા

તેમાં

લ લલ્ લલ્ લલ્ | લ લલ્ લલ્ લલ્ | લ લલ લલ લલ | લ લલ્ લલ્ લલ્

એમ પ્રત્યેક 'દા'ના કદાચ બબ્બે 'લ' કરી શકાય, પરંતુ એક 'દા'ના છેલ્લા 'લ' સાથે તેની પછીના 'દા'નો પહેલો 'લ' મળી જઇને તેને ગુરુ (દા) બનાવી શકે નહિ.

છંદો

આપણે ઉપર જોઇ ગયા તેમ અરબી પિંગળમાં છંદોના મુખ્ય પ્રકાર, અને એના વળી પેટા પ્રકાર અનેક છે, પણ એના ઊંડાણમાં ઊતરવું શીખનારાઓ માટે નિરર્થક છે; એટલે આપણને માત્ર પરિચિત છંદોમાંના મહત્ત્વના છંદનાં જ બંધારણ અહીં (બની શકયા તેટલાનાં ઉદાહરણ સાથે) આપ્યાં છે.

૧ તવીલ (મુસમ્મન): ૧૪ શ્રુતિ, ૨૪ માત્રા

૧૧૧૧૧ ૧૧૧૧૧૧૧ ૧૧૧૧૧ ૧૧૧૧૧૧૧
ફ ઊ લુ ન્, મ ફા ઈ લુ ન્, ફ ઊ લુ ન્, મ ફા ઈ લુ ન્ (૨૪)
લ દા દા, લ દા દા દા, લ દા દા, લ દા દા દા (૧૪)

૨ કામિલ (મુસમ્મન સાલિમ): ૨૦ શ્રુતિ, ૨૮ માત્રા

મુતફાઇલુન્, મુતફાઇલુન્, મુતફાઇલુન્, મુતફાઇલુન્ (૨૮)
લલદાલદા, લલદાલદા, લલદાલદા, લલદાલદા (૨૪)

સરખાવો 'મુસ્તફ્ઇલુન્' (દાદાલદા) થતાં બનતો નં. ૧૨નો **રજઝ** (મુસમ્મન સાલિમ) છંદ.

૩ કામિલ (મુસમ્મન મઝમર): ૧૮ શ્રુતિ, ૨૮ માત્રા

મુતફાઇલુન્, મુસ્તફ્ઇલુન્, મુતફાઇલુન, મુસ્તફ્ઇલુન (૨૮)
લલદાલદા, દાદાલદા, લલદાલદા, દાદાલદા (૧૮)

સરખાવો **કામિલ** (મુસમ્મન સાલિમ ને **રજઝ** મુસમ્મન સાલિમ) નં. ૨ તથા નં. ૧૨ના ગણના મિશ્રણથી. વળી સરખાવો 'હરિગીત'.

૪ કામિલ (મુસદ્દસ સાલિમ): ૧૫ શ્રુતિ, ૨૧ માત્રા

મુતફાઇલુન્, મુતફાઇલુન્, મુતફાઇલુન (૨૧)
લલદાલદા, લલદાલદા, લલદાલદા (૧૫)

૫ કામિલ (મુસદ્દસ મુઝમર મઝાલ): ૧૩ શ્રુતિ, ૨૧ માત્રા

મુતફાઇલુન્, મુસ્તફ્ઇલુન્, મુસ્તફ્ઇલાન્ (૨૧)
લલદાલદા, દાદાલદા, દાદાલદા (૧૩)

જુઓ **કામિલ** (મુસદ્દસ સાલિમ) નં. ૪.

૬ વાફિર (મુસમ્મન સાલિમ): ૨૦ શ્રુતિ, ૨૮ માત્રા

મફાઇલતુન્, મફાઇલતુન્, મફાઇલતુન્, મફાઇલતુન્ (૨૮)
લદાલલદા, લદાલલદા, લદાલલદા, લદાલલદા (૨૦)

સરખાવો આ પછીનો **હઝજ** (મુસમ્મન સાલિમ) નં. ૭.

૭ હઝજ (મુસમ્મન સાલિમ): ૧૬ શ્રુતિ, ૨૮ માત્રા

મફાઈલુન, મફાઈલુન, મફાઈલુન, મફાઈલુન (૨૮)
લદાદાદા, લદાદાદા, લદાદાદા, લદાદાદા (૧૬)

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,
ખરા બંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે. (મણિલાલ)

૮ હઝજ (મુસમ્મન મૌકૂર અખરબ): ૧૪ શ્રુતિ, ૨૨ માત્રા

મફ્ઊલ, મફાઈલ, મફાઈલ, ફઊલાન્ (૨૨)
દાદાલ, લદાદાલ, લદાદાલ, લદાદા (૧૪)

ઊતાર ન કંઇ પ્યારે એ દિલદાર સબર લે;
ગમખ્વાર જિગરખ્વારની કૈં યાર ખબર લે (બાલાશંકર)

આમાં છેલ્લે લઘુપ્રયત્ન અ-શ્રુતિવાળો શબ્દ આવી શકે.

૯ **રમલ** (મુસમ્મન અરુજ વ ઝર્બ મહઝૂફ): ૧૫ શ્રુતિ, ૨૬ માત્રા

ફાઇલાતુન્, ફાઇલાતુન્, ફાઇલાતુન્, ફાઇલુન્ (૨૬)
દાલદાદા, દાલદાદા, દાલદાદા, દાલદા (૧૫)
જેટલા મુખનો થવા ચાહે અરીસો અય પતીલ,
તેટલા ટુકડા થવા દે જિન્દગીના જામના. (પતીલ)

સરખાવો નરસિંહરાવનો 'ખંડ હરિગીત'. આ છંદમાં છેડે એક 'લ' ઉમેરાતાં ૧૬ શ્રુતિ અને ૨૭ માત્રાનો **રમલ** (મકસૂર) ને 'દા' ઉમેરાતાં ૧૬ શ્રુતિનો અને ૨૮ માત્રાનો **રમલ** (મુસમ્મન) બને છે.

૧૦ **રમલ** (મુસમ્મન મશકૂલ)–૧૬ શ્રુતિ, ૨૪ માત્રા

ફઇલાત, ફાઇલાતુન્, ફઇલાત ફાઇલાતુન્ (૨૪)
લલદાલ દાલ દાદા, લલદાલ દાલ દાદા (૧૬)
સમજી ગયો હવે હું પરિણામ દિલ્લગીનું,
મરવા વિના હશું યે નથી ઠામ દિલ્લગીનું. ('આર' રાંદેરી)

આ છંદના બંધારણમાંના બંને 'લલદાલ'ને સ્થાને 'દાદાલ' થઈ જતાં જુઓ **મુઝારિઅ** (મુસમ્મન અખરબ) નં. ૧૪; અને છેલ્લો 'ફાઇલિયાન' થતાં **રમલ** (મુસમ્મન મશકૂલ મુસબ્બગ) થાય છે.

૧૧ **રમલ** (મુસદ્દસ મહઝૂફ): ૧૧ શ્રુતિ, ૧૯ માત્રા

ફાઇલાતુન્, ફાઇલાતુન્, ફાઇલુન્ (૧૯)
દાલદાદા, દાલદાદા, દાલદા (૧૧)
વિશ્વવ્યાપી છે છતાં સંતાય છે,
એ સનમ શરમાય છે, શરમાય છે. (સગારશાહ)

૧૨ **રજઝ** (મુસમ્મન સાલિમ): ૧૬ શ્રુતિ, ૨૮ માત્રા

મુસ્તફઇલુન્, મુસ્તફઇલુન્, મુસ્તફઇલુન્, મુસ્તફઇલુન્ (૨૮)
દાદાલદા, દાદાલદા, દાદાલદા, દાદાલદા (૧૬)
બલિહારી તારા અંગની ચમેલીમાં દીઠી નહીં,
સખ્તાઇ તારા દિલની મેં વજ્રમાં દીઠી નહીં. (બાલાશંકર)

સરખાવો આપણો શુદ્ધ 'હરિગીત'. વળી દરેક ગણ મુતફાઇલુન્ થતાં **કામિલ** (મુસમ્મન સાલિમ બને છે); જુઓ નં. ૨.

૧૩ **રજઝ** (મુસદ્દસ સાલિમ): ૧૨ શ્રુતિ, ૨૧ માત્રા

મુસ્તફઇલુન્, મુસ્તફઇલુન્, મુસ્તફઇલુન્ (૨૧)
દાદાલદા, દાદાલદા, દાદાલદા (૧૨)
તું યાર ક્યાં? દુશ્મન કયો? જાણું નહીં!
આ દિલ ધડકતું જાય ક્યાં? જાણું નહીં! ('કલાપી')

૧૪ **મુઝારિઅ** (મુસમ્મન અખરબ): ૧૪ શ્રુતિ, ૨૪ માત્રા

મફ્ઊલ, ફાઇલાતુન્, મફ્ઊલ, ફાઇલાતુન્ (૨૪)
દાદાલ, દાલદાદા, દાદાલ, દાલદાદા (૧૪)
રંગો વસંતના છે મુજ દાગદાર દિલમાં,
પુષ્પો ખીલી રહ્યાં છે સુરભિપ્રસાર દિલમાં. ('ફકીર')

૧૫ **મુઝારિઅ** (મુસમ્મન અખરબ મકફૂફ મહઝૂફ): ૧૪ શ્રુતિ, ૨૨ માત્રા

મફ્ઊલ, ફાઇલાત, મફાઈલ, ફાઇલુન્ (૨૨)
દાદાલ, દાલદાલ, લદાદાલ, દાલદા (૧૪)

૧૬ **મુઝારિઅ** (મુસમ્મન અખરબ મહઝૂફ): ૧૩ શ્રુતિ, ૨૨ માત્રા

મફ્ઊલ, ફાઇલાતુન્, મફ્ઊલ, ફાઇલુન્ (૨૨)
દાદાલ, દાલદાદા, દાદાલ, દાલદા (૧૩)

૧૭ **મુતકારિબ** (મુસમ્મન સાલિમ): ૧૨ શ્રુતિ, ૨૦ માત્રા

ફઊલુન્, ફઊલુન્, ફઊલુન્, ફઊલુન્ (૨૦)
લદાદા, લદાદા, લદાદા, લદાદા (૧૨)
હતું રૂ, બની તેની મલમલ મુલાયમ,
થઈ છે રહી તન ઉપર કેવી કાયમ;
નહીં તાંતણો તાંતણાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે. ('પતીલ')

સરખાવો આપણો ભુજંગી છંદ.

૧૮ **મુતકારિબ** (મુસમ્મન મહઝૂફ): ૧૧ શ્રુતિ, ૧૮ માત્રા

ફઊલુન્, ફઊલુન્, ફઊલુન્, ફઅલ (૧૮)
લદાદા, લદાદા, લદાદા, લદા (૧૧)
જગત્ દિવ્યની રેખ ફુલ-પાંદડી
પરાગો સુંઘે ને સુંઘાડે અનમ. ('સ્નેહજ્યોતિ')

૧૯ **મુતકારિબ** (મુસમ્મન અસરમ): ૧૦ શ્રુતિ, ૧૬ માત્રા

ફાઅ, ફઊલુન્, ફાઅ, ફઊલુન્ (૧૬)
દાલ, લદાદા, દાલ, લદાદા (૧૦)

આને બેવડો કરતાં **મુતકારિબ** (મુસમ્મન અસરમ) થાય છે. આપણા 'ચરણાકુલ' અને 'સવૈયા' સાથે સરખાવો.

૨૦ **મુતકારિબ** (મુસમ્મન અસરમ મકસૂર): ૧૦ શ્રુતિ, ૧૫ માત્રા

ફાઅ, ફઊલુન્, ફાઅ, ફઊલ (૧૫)
દાલ, લદાદા, દાલ, લદાલ (૧૦)

સરખાવો આપણી 'ચોપાઇ'.

૨૧ **મુતકારિબ** (મુસમ્મન અસરમ મહઝૂફ): ૯ શ્રુતિ, ૧૫ માત્રા

ફાઅ, ફઊલુન્, ફાઅ, ફઅલ્ (૧૫)
દાલ, લદાદા, દાલ, લદા (૯)

સરખાવો આપણો 'જેકરી'.

૨૨ **મુતદારિક** (મુસમ્મન મકતૂઅ): ૮ શ્રુતિ, ૧૬ માત્રા

ફઅ્લુન્, ફઅ્લુન્, ફઅ્લુન્, ફઅ્લુન્ (૧૬)
દા દા, દા દા, દા દા, દા દા (૮)
આહા પૂરી ખીલી ચંદા
શીતળ મધુરી છે સુખ-કંદા
પાણી પર તે રહિ છે પસરી
રૂડી આવે લેહર મંદા. (નર્મદાશંકર)

આને 'વિદ્યુન્માલા' સાથે કશો સંબંધ નથી. પણ 'ચરણાકુલ' સાથે સરખાવી શકાય. આને બેવડો કરતાં **મુતદારિક** (મકતૂઅ) થાય.

૨૩ **મુતદારિક** (મુસમ્મન સાલિમ): ૧૨ શ્રુતિ, ૨૦ માત્રા

ફાઇલુન્, ફાઇલુન્, ફાઇલુન્, ફાઇલુન્ (૨૦)
દાલદા, દાલદા, દાલદા, દાલદા (૧૨)

સરખાવો 'ઝૂલણા'ના ચરણનું પ્રથમ અર્ધ.

૨૪ **મુતદારિક** (મુસમ્મન મખબૂન): ૧૨ શ્રુતિ, ૧૬ માત્રા

ફઇલુન્, ફઇલુન્, ફઇલુન્, ફઇલુન્ (૧૬)
લલદા, લલદા, લલદા, લલદા (૧૨)

સરખાવો 'તોટક'; આને બેવડો કરતાં **મુતદારિક** (મખબૂન) બને.

કાફિયા

અરબી ફારસી છંદોરચનામાં એક ખાસ વાત ખ્યાલમાં રાખવાની હોય છે. આપણે ત્યાં તો શબ્દાલંકારનો વિષય સ્વતંત્ર છે; શબ્દાલંકાર કવિતામાં ખાસ જરૂરી જ, એવું નથી; આપમેળે આવી

જતા હોય તો આવવા દેવાય; પણ અરબી-ફારસી છંદોમાં તો પિંગળના માપની જેમ જ કવિતામાં એ પણ અનિવાર્ય ગણાય છે. ગુજરાતીમાં જેને આપણે 'પ્રાસ' કહીએ છીએ તેને ફારસી પિંગળશાસ્ત્રમાં 'કાફિયા' કહે છે પરંતુ આપણે ત્યાં પ્રાસનો આગ્રહ માત્ર છેલ્લા અક્ષર પૂરતો જ હોય છે, જ્યારે કાફિયામાં પૂર્વશ્રુતિમાના સ્વર સહિત બનતો શબ્દ (પછી તે એક બે કે વધુ શ્રુતિનો હોય તો પણ) સમગ્ર રીતે જ પ્રાસના સ્થાનમાં આવૃત્ત થવો જોઈએ એવું બંધન છે. જેમકે—

દયાની દૃષ્ટિ મારા પર નિરંતર શારદા**ની હો**!
ઉછળતા પૂર જેવી મુજ કવિતામાં **રવાની હો**! (શયદા)

આ લીટીમાં કાફિયા 'આની' છે એ કાળા અક્ષર જોતાં જણાશે.

કહું હું શું અહીં-મુજ દિલ તણો **હર તાર** જુદો છે;
અને ફરિયાદનો **હર** તારમાં પો**કાર** જુદો છે. ('ફકીર')

આ પંક્તિઓમાં કાફિયા 'આર' છે. પંક્તિમાં આ 'કાફિયા' (ઉપર બતાવ્યા પ્રમાણે) વધુ ઊંડે પણ જઈ શકે છે; એટલું જ નહિ, પંક્તિના પ્રારંભમાં પણ આવી રહે છે. જેમકે-

અ**દા** પણ તમારી અતિ મન-પસંદ
જ**ફા** પણ તમારી અતિ મન-પસંદ. ('ઝાર' રાંદેરી)

રદીફ

ઉપરનાં ઉદાહરણો જોતાં વિશેષ એ પણ જણાશે કે કાફિયા પછી અમુક બીજા શબ્દ પણ આવૃત્ત થયા હોય છે. [આ સંસ્કૃતમાંના 'લાટાનુપ્રાસ' જેવું જણાય છે. લાટાનુપ્રાસમાં અક્ષરો તે ને તે, પણ કાકુ (ધ્વનિ) વગેરેથી ભાવ બદલતો હોય છે; અહીં અર્થભેદ નથી.] અક્ષરોની તેમ જ શબ્દોની આવી આવૃત્તિને 'રદીફ' કહે છે. ઉપરના પહેલા ઉદાહરણમાં 'હો' અને બીજામાં 'જુદો છે' એ રદીફ છે. અરબી ફારસી પ્રકારની કવિતામાં સ્થાનપરત્વે આ રદીફ પણ અનિવાર્ય ગણાય છે. છેલ્લા ઉદાહરણમાં તો લગભગ આખી પંક્તિ જ ('પણ તમારી અતિ મનપસંદ') રદીફ રૂપે આવૃત્ત થઈ છે.

અરબી-ફારસી પ્રકારની કવિતામાં આ 'કાફિયા' અને 'રદીફ' પરત્વે બીજું એક બંધન એ છે કે કાવ્યના આરંભની બંને પંક્તિઓના કાફિયા-રદીફ તો અવશ્ય મળવા જોઈએ; અને પછીની પંક્તિઓમાં એકી પંક્તિમાં ન આવે તો ચાલે, પણ દર બેકી પંક્તિમાં તો કાફિયા-રદીફ અવશ્ય મળવા જ જોઈએ; જેમકે—

જતાં મદફન તરફ ઘરથી બજવવા ઢોલ **તાસા શા**?
બજવવા ઢોલ તાશા શા? દેખવવા આ ત**માશા શા**?
થતાં પહેલાં ફના મુજને હતું ના કોઈ ઓળખતું,
કબર આગળ હવે મારી ફૂલો અંદર પ**તાસાં શાં**? (ખલીલ)

વ્યથાઓ જીવનની **અદા થઈ ગઈ**;
અદાઓ તમારી **બલા થઈ ગઈ**..
વફાની ન ખાહિશ રહી છે હવે--
વફાઓ અમારી **ખતા થઈ ગઈ**. ('ફકીર')

વિષય

પ્રાય:આ બધા છંદનો ઉપયોગ ઈશ્વરી પ્રેમની મસ્તીના વિષયમાં કરવામાં આવ્યો હોય છે. લૌકિક પ્રેમ પણ એમાં ઉદાત્ત પ્રેમના મસ્ત સ્વરૂપમાં હોય છે. પણ એમાં ભૌતિક પ્રેમને તો સ્થાન હોતું જ નથી. તેથી આ **ગઝલોનો** ગમે તે રીતનો પ્રયોગ કરી શકાતો નથી; કરતાં એ શોભતો પણ નથી. ગુજરાતીમાં હરકોઈ વાતમાં ગઝલોનો ઉપયોગ અજાણ્યે કરવામાં પણ આવ્યો છે; પરંતુ એ શાસ્ત્રીય રીતે અસિદ્ધ છે.

અરબી ફારસી પદ્ધતિએ સળંગ બંધનાં કાવ્ય જેમ થાય છે તેમ મુક્તક પદ્ધતિએ પણ થાય છે. મુક્તક પદ્ધતિનાં કાવ્યમાં પણ સામાન્યત: ૫ થી ૧૧ કડી સુધીનો એક એકમ કરવામાં આવે છે જેમાં કાફિયા-રદીફ નિયમ પ્રમાણે પાળવામાં આવે છે. છૂટાં સુભાષિત પણ બહુ સામાન્ય છે.

અરબી-ફારસી છંદોના બીજા યે સંખ્યાબંધ ઝીણવટો છે, છંદોના અનેક પેટાપ્રકાર તથા અનેક જાતનાં મિશ્રણ વગેરે પણ છે, પરંતુ એ બધું પ્રારંભકોને માટે અઘરું પડે એવું છે આનો શોખ વધતાં એના નિષ્ણાતો પાસેથી જ એ જ્ઞાન મેળવવું તેથી હિતાવહ છે.

વીજળીના દીવાનો ઇતિહાસ (અનુ૦ પાછળ પાન ૧૪૧થી)

મર્ક્યુરી વેપર લૅમ્પ-પારાની વરાળના લૅમ્પ-નું પેટન્ટ લેવાયું.

આવી નળીઓની બે જાત આવે છે: (૧) ઠંડા કૅથૉડવાળા લૅમ્પ-તેમાં એક અવકાશિત કાચની ભૂંગળીમાં બે છેડે બે ધાતુના ટરમિનલ (ઇલેક્ટ્રૉડ) રાખી વચ્ચે ઘણા જ ઓછા દબાણે ખાસ વાયુ ભરવામાં આવે છે. આ ટરમિનલમાં ભારે વિદ્યુત્ પ્રવાહ પસાર કરવાથી વાયુ ધીમો ઝાંખો પ્રકાશ આપે છે. પ્રકાશનો રંગ તેમાં ભરેલા વાયુ ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે નીયોનનો લાલ, આર્ગનનો ભૂરો, કાર્બન ડાયોક્સાઈડનો સફેદ, પારાની વરાળનો લીલો, હેલિયમનો પીળો. આવી જાતના લૅમ્પ જાહેર ખબરો માટે અથવા સુશોભનો માટે વપરાય છે. નીઑન, હીલિયમ, આર્ગન, ક્રિપ્ટાન, અને ઝીનૉન આ બધા વાયુઓમાં આર્ગન સૌથી પહેલો (૧૮૯૪માં) શોધાયો અને ત્યાર પછી નીઑન ૧૮૯૮માં. પણ નીઑનથી ભરેલી ટ્યૂબ તો છેક ૧૯૨૦માં વપરાશમાં આવી. ૧૯૦૪-૧૯૦૫માં નાઇટ્રોજનથી ભરેલી ટ્યૂબ વપરાતી. ઉપર લખેલા બધા વાયુઓ ફક્ત બલ્બ અને ટ્યૂબ બનાવવામાં જ વપરાય છે. (૨) ગરમ કૅથૉડવાળા લૅમ્પ: તેમાં ગરમ કરનારા ફિલામેન્ટવાળા નળાકાર કૅથૉડ લગાડવામાં આવે છે. આ નળાકાર કૅથૉડ થોરિયમ સાથે ભેળવેલી ટન્ગસ્ટન ધાતુના બનાવવામાં આવે છે. ગરમી તેમાંથી ઇલેક્ટ્રૉન ઉત્પન્ન કરે છે અને તેમાં વિદ્યુત્ પસાર કરવાથી આર્ક થાય છે આ કાર્ય સહેલું કરવા બલ્બને એક વૅક્યુમ જૅકેટમાં રાખીને ગરમી સંઘરવામાં આવે છે. આર્કથી ઉત્પન્ન થતી અસાધારણ ગરમી સહન કરે તેવો કાચ મેળવવાની પહેલાં મુશ્કેલી હતી. પારાની વરાળ ભરેલા લૅમ્પમાં એક ખાસ જાતના કાચનો નળાકાર ગોળો રાખવામાં આવે છે. આવા લૅમ્પમાંથી મોટે ભાગે લીલો, જાંબુડો અને અલ્ટ્રા વાયોલેટ પ્રકાશ નીકળે છે. તેમાં લાલ રંગની ખામી દૂર કરવા થોડો 'કચરો' (ભેગ) નાખવામાં આવે છે. અલ્ટ્રા વાયોલેટ કિરણો દેખી શકાતાં ન હોવાથી બહાર ફ્લુઑરેસન્ટ પાઉડર લગાડવામાં આવે છે, જેની ઉપર પેલાં કિરણો પડતાં પ્રકાશ નીકળે છે. ૧૯૩૫માં આવા પાઉડરથી રંગેલી ટ્યૂબો ઉપર ઘણા પ્રયોગો થએલા. અને લડાઈ દરમ્યાન તો ઘણા જ ઉત્તમ પ્રકારના દીવા બનાવવામાં આવ્યા છે. જોઈએ તેવા આકાર તથા કદના અને જોઈએ તેવા રંગના લૅમ્પ હવે મળે છે. સ્વપ્રકાશિત રંગો, પ્રકાશ સાથે ગરમી આપતા લૅમ્પ, જંતુનાશક લૅમ્પ વગેરે હવે દરેક ઘરમાં વપરાશે

વિજય પંડયા

(નોકસની 'ટેક્સ્ટબુક ઑવ ઇલેક્ટ્રિસિટી ઍન્ડ મૅગ્નેટિઝમ' પરથી)



કસોટીના ઉત્તરો: (૧) ૧, ૩, ૯ શેર; (૨) સાળો; (૩) નં. ૧, ૧૦ ને ૭ ફેરવીને ડાબી બાજુની આકૃતિ મુજબ (૪) રૂા ૫૦ ખોટ; (૫) રશિયા અને ચીન; (૬) અનુક્રમે: વનસ્પતિ; પ્રાણી, ખનીજ, પ્રાણી, ખનીજ, પ્રાણી, વનસ્પતિ, પ્રાણી.

ગુજરાતણ રૂપાંદે : બિહારણ કુસુમા

લેખક

પ્રાંતોના સીમાડા લોપી પ્રજાસમસ્તના સમૂહ-મનમાં સમરસ થતી લોકસંસ્કારિતાનું એક દૃષ્ટાંત ★

ઝવેરચંદ મેઘાણી

અમદાવાદથી બ ર માઇલ ઉત્તરે અડાલજ ગામમાં આવેલી સુંદર વાવને વિષે પ્રચલિત એક દંતકથા શ્રી રત્નમણિરાવ ભીમરાવે 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'માં નીચે પ્રમાણે નોંધી છે:

'રૂડાંદે નામે વીરસિંહ વાઘેલા'ની પત્ની હતી એક વખત બાદશાહ કે એના કોઈ અમીરના જોવામાં રૂડાંદેનું રૂપ આવ્યું. એથી એનાં સગાં પાસે માગણી કરી. રૂડાંદેએ યુક્તિથી કહ્યું કે મારું નામ રહે એવું કાંઈ કરાવો, પછી તમે થાઉં એ ઉપરથી એની ઇચ્છા પ્રમાણે બાદશાહે આ વાવ કરાવી. અંતે, પોતે બાદશાહને વશ થવું પડશે એમ ધારી, વાવ જોવાને બહાને રૂડાંદેએ વાવમાં પડતું મૂકી આપઘાત કર્યો.'

પણ વાવની અંદર જે લેખ છે તેમાં આ વાવ રૂડાંદેએ તીજોરીમાંથી પૈસા કાઢી પતિના શ્રેયાર્થે કરાવી એવું સ્પષ્ટ હોવાથી આ વાત માનવા જેવી નથી એવું શ્રી રત્નમણિરાવ કહે છે.

આ લખાણ વાંચતાં વાંચતાં મને અલ્લાહાબાદના વિદ્વાન કવિતા-વિવેચક શ્રી રામનરેશ ત્રિપાઠીના 'ગ્રામગીત' નામે લોકગીતસંગ્રહમાંનું એક હિંદી ગીત યાદ આવ્યું અને શોધી કાઢીને અહીં આપું છું:

અપને ઓસારે કુસુમા ઝારે લંબી કેસિયા રે ના,
રામા તુરુક નજરિયા પડ઼િ ગઈ રે ના.

(પોતાની ઓસરીમાં કુસુમા પોતાના લાંબા કેશ ઝાપટી રહી હતી. એની ઉપર એક તરકની નજર પડી ગઈ)

ધાઉ તુહૂઁ નથવા રે, ધાઉ તુહૂઁ પગવા રે ના,
રામા જેસિંહ ક પકરિ લે આવઉ રે ના.

(તરકે પોતાના નોકરો અને સિપાઇઓને કહ્યું, 'દોડીને જાઓ અને જયસિંહને પકડીને લાવો.')

જો તુહૂઁ જેસિંહ રાજપાટ ચાહઉ રે ના,
જેસિંહ અપની બહિનિ હમકા બ્યાહઉ રે ના.

(તરકે જયસિંહને કહ્યું, 'જયસિંહ, જો તારે રાજપાટ જોઇતું હોય તો તું તારી બહેનને મારી સાથે પરણાવ.')

યતના બચન સુની ઘરવૈકા લૌટેનિ રે ના,
જેસિંહ ઓઢ઼ે મૂઢ઼ે તાનેનિ ચદરિયા રે ના.

(આ વચન સાંભળીને જયસિંહ ઘેર પાછો ફર્યો અને શોકનો માર્યો માથાથી પગ સુધી ચાદર ઓઢીને પડ્યો રહ્યો.)

બૈઠી જગાવહિ કુસુમા બહિનિયા રે ના,
ભઈયા તોરા ધરમવા નાહીં જઇહૈ રે ના.

(કુસુમા ભાઇની પાસે બેસીને તેને જગાડવા લાગી: 'હે ભાઇ! ઊઠો. તમારો ધર્મ નહિ જાય.')

ઉઠો ભઈયા રે કરહુ દતુઇનિયા રે ના,
ભઈયા તોરા પતિ રખૈં ભગવનવાઁ રે ના.

('હે ભાઈ! ઊઠો. દાતણ કરી લ્યો. ભગવાન તમારી પત રાખશે.')

જો તુહૂઁ મિરજા રે હમહિં લોભાનેઉ રે ના,
મિરજા બાબા ક ગૌંવાં મૂઇયાઁ બકસૌ રે ના.

(કુસુમાએ મિરજા (તરક)ને કહ્યું, 'હે મિરજા! જો તમે મારી પર મોહિત થયા હો, તો મારા બાપુને ગામ અને ભૂમિ આપો.')

હઁસિ હઁસિ મિરજા રે ગૌંવાઁ મૂઇયાઁ બકસૈ રે ના,
રામા રોઈ રોઈ બિલસૈ કુસુમા ક બાબા રે ના.

(મિરજાએ પ્રસન્ન મનથી કુસુમાના બાપને ગામ અને ભૂમિ આપ્યાં. કુસુમાના બાપે રોઇરોઇને તે લીધાં.)

જો તુહૂઁ મિરજા રે, હમહિં લુભાનેઉ રે ના,
મિરજા કાકા જોગે હથિયા બેસાહો રે ના.

(કુસુમાએ મિરજાને કહ્યું, 'હે મિરજા! જો તમે મારી પર મોહિત થયા હો, તો મારા કાકાને માટે હાથી ખરીદી આપો.)

હઁસિ હઁસિ મિરજા રે હથિયા બેસાહૈ રે ના,
રામા રોઇ રોઇ ચઢૈ કુસુમા ક કાકા રે ના.

(મિરજાએ પ્રસન્ન મનથી કુસુમાના કાકાને માટે હાથી ખરીદી આપ્યા. કુસુમાના કાકા રોતાંરોતાં હાથી પર ચઢ્યા.)

જો તુહૂઁ મિરજા રે હમહિં લુભાનેઉ રે ના,
મિરજા ભૈયા જોગે ઘોડવા બેસાહે રે ના.

(કુસુમાએ મિરજાને કહ્યું, 'હે મિરજા! જો તમે મારી ઉપર લોભાયા હો તો મારા ભાઈને માટે ઘોડા ખરીદી આપો.)

હઁસિ હઁસિ મિરજા રે ઘોડવા બેસાહૈ રે ના;
રામા રોઇરોઇ ચઢૈ કુસુમા ક ભૈયા રે ના.

(મિરજાએ પ્રસન્ન મનથી કુસુમાના ભાઇને માટે ઘોડા ખરીદી આપ્યા, જેના પર ભાઈ રડતો રડતો ચઢ્યો.)

જો તુહૂઁ મિરજા રે હમહિં લુભાનેઉ રે ના,
મિરજા તિરિયા જોગે ગહના ગઢ઼ાવઉ રે ના.

(કુસુમાએ કહ્યું, 'હે મિરજા! જો તમે મારા પર મુગ્ધ થયા છો, તો સ્ત્રીને યોગ્ય ઘરેણાં ઘડાવી દો.)

હઁસિ હઁસિ મિરજા રે ગહના ગઢ઼ાવઇ રે ના,
રામા રોઇરોઇ પહિરૈ કુસુમા ક ભૌજી રે ના.

(મિરજાએ પ્રસન્ન મનથી ઘરેણાં ઘડાવી દીધાં. રડીરડીને કુસુમાની ભાભીએ એ ઘરેણાં પહેર્યાં.)

જો તુહૂઁ મિરજા રે હમહિં લોભાનેઉ રે ના,
મિરજા ચેરિયા જોગે ચુનરી રંગાવઉ રે ના.

(કુસુમાએ કહ્યું, 'હે મિરજા! જો તમે મારી પર મોહિત હો, તો દાસીને માટે ચુંદડી રંગાવી દો.')

હઁસિ હઁસિ મિરજા રે ચુનરી રંગાવૈ રે ના,
રામા રોઇરોઇ પહિરૈં કુસુમા ક ચેરિયા રે ના.

(મિરજાએ ચુંદડી રંગાવી આપી. રડીરડીને કુસુમાની દાસીએ ચુંદડી પહેરી.)

એક કોસ ગઈ, દુસર કોસ ગઈ રે ના,
રામા તિસરેં લાગી પિઅસિયા રે ના.

(કુસુમા મિરજાની સાથે એક ગાઉ ગઈ, બે ગાઉ ગઈ, ત્રીજે ગાઉએ તેને તરસ લાગી).

ઘર હી મૈં કુઇયાઁ ખનોબે મોરી કામિનિ રે ના,
કામિનિ પિઅહુ ગેંડુ વવા ઠંડા પનીયા રે ના.

(મિરજાએ કહ્યું, 'હે મારી કામિની! ઘરમાં જ હું કૂવો ખોદાવી આપીશ. તું વાવનું ઠંડું પાણી પીજે.')

તોહરે સગરે પનિયા નિત ઉઠિ પીઅબ રે ના,
મિરજા બાબા ક ગંગાજલ દુર્લભ હોઇહૈં રે ના.

(કુસુમાએ કહ્યું, ‘હે [illegible] તમારા કૂવાનું પાણી તો રોજ-રોજ પીશ. પણ મારા બાપુનું ખોદાવેલું આ સાયર તો પછી દુર્લભ થઈ જશે ’)

> યક ઘોંટ પી ઇનિ, દુસર ઘોંટ પી ઇનિ રે ના,
> રામા તિસરેમેં ગઈ સરઓરવા રે ના.

(કુસુમા સાયરમાં પાણી પીવા ગઈ. એણે એક ઘૂંટડો પીધો, બે ઘૂંટડા પીધા; ત્રીજા ઘૂંટડાની સાથે તે સાયરમાં ગાથાબોળ ઊતરી ગઈ.)

આ એક ‘નિરવા–ગીત’ અર્થાત્ નીંદણી–ગીત છે. યુક્ત પ્રાંત અને બિહારમાં કુસુમા રતીનું આ લોકગીત દાડિયાં સ્ત્રીઓ–મુખ્યત્વે ચમારણો–ખેતરમાં નીંદણી કરતાંકરતાં શ્રાવણ મહિનામાં ગાય છે. ઘંટી દળતાંદળતાં પણ બિહારી સ્ત્રીઓ આ જ ગીતનાં પાઠાન્તરો ગાય છે. બિહારમાં જે પાઠ ગવાય છે તેમાં છેલ્લી આઠેક પંક્તિઓ ઉમેરાએલી છે. એનો અર્થ એ છે કે આ રીતે તુરકને પોતાની બહેન હાથતાળી દઈ ગઈ તેના હર્ષમાં બહેનના ભાઈઓ તાંબુલ–પાન–ખાતાખાતા હસે છે. શ્રી ત્રિપાઠીજીનું માનવું એવું છે કે આ છેલ્લા પ્રસંગથી રસ પૂર્ણતાએ પહોંચે છે. આવી સતી બહેન પામવા બદલ ભાઈઓએ હર્ષિત થવું જ જોઈએ. આ મંતવ્ય બરાબર નથી લાગતું. મૂળ કાવ્ય-રસ કરુણાનો છે, બહેનને રક્ષી ન શકનાર સગાંઓની શરમનો છે, બલિદાનની તીવ્ર વેદનાનો છે.

ત્રિપાઠીજી લખે છે કે આ ગીત અંગ્રેજોને એટલું પસંદ આવ્યું હતું કે ‘લાઈટ ઑવ એશિયા’ના રચયિતા સર એડવિન આર્નોલ્ડે એનો અંગ્રેજી પદ્યાનુવાદ કરેલો.

મૂળ મુદ્દો એ છે કે આ ઘટના છેક ગુજરાત ખાતે અડાલજની વાવ સાથે સંકળાઈ ગઈ. ગુજરાતી લોકકથાને કોઈ લોકગીતનો આધાર નથી, એટલે એમ માની શકાય કે બહારથી કંઠોપકંઠ અહીં આવેલો આ ચોટદાર કિસ્સો જનહૃદયમાં પૂરેપૂરો, કાવ્યરૂપ ધારણ કરવા જેટલી ઉત્કટ હદે ઘુંટાયો નહિ હોય. અડાલજની વાવ કરાવનારી રૂડાંદેની સાથે આ બનાવને સંબંધ નથી. ઘટના બની હશે તો કોણ જાણે ક્યાં. હિંદી લોકગીતનાં પણ પાંચ છ પાઠાન્તરો છે ને એ દરેક-માં પાત્રનામો જુદાં પડે છે. લોકગીતની ને લોકકથાની એ જાણીતી ખાસિયત છે કે સ્થળસ્થળની પ્રજા, જો એની વેધકતા અનુભવે તો પછી પોતાના સ્થળકાળની વચ્ચે એને અપનાવી બંધબેસતું કરી લે છે.

આમ, લોકસાહિત્ય એ સ્થળ કાળ અને વ્યક્તિ પરત્વેના ઇતિહાસની બિલકુલ પાંગળી—બલકે ગેરમાર્ગે દોરવતી આધાર સામગ્રી છે, તથાપિ એ લોકસંસ્કારિતાનું જબરું સાહેદ છે. એને શું ગમતું ને શું નહિ, કયો વિચાર એનાં અંતસ્તલમાં તીવ્રતાથી જડ ઘાલતો, દેશના એકથી બીજા છેડા લગીના એ સમૂહ–મન (mass–mind) પર નાનીમોટી કઈ લહરીઓ પ્રકમ્પ જગાડતી ચાલી જતી, તેની તવારીખને એ નોંધતું હતું. અહીં એનું દૃષ્ટાંત છે. મુસ્લિમ શાસન પ્રત્યેની કકળતી લાગણીએ જ આ કિસ્સો ક્યાંકથી લાવી ગુજરાતની એક વાવ સાથે જોડી દીધો. બેશક એ કિસ્સો પૂર્ણ કાવ્યસ્વરૂપ ધારણ કરી શક્યો તે પછી જ લોકમતને એની આટલી વ્યાપક ચોટ લાગી.

કથકલી કલાનાયક **કુંજુ નાયર** (અનુસંધાન પાછળના પૃ. ૧૪૦થી)

ત્રણેક વર્ષ પર તેમણે મુંબઈ આવીને ત્રણ માસનો કથકલી નૃત્યવર્ગ ચલાવ્યો હતો. તેમાં મુખ્યત્વે તેમણે જાણીતા નૃત્યકાર નટરાજ વશી તેમજ તેમના કેટલાક જૂના શિષ્યોને કથકલી તાલીમનું પુનરાવલોકન કરાવ્યું હતું. તે દરમ્યાન કથકલીના શુદ્ધ શાસ્ત્રીય સ્વરૂપની સમજણ આપવાના ઉદ્દેશથી તેમણે મુંબઈની જનતા સમક્ષ કથકલી નૃત્યના કેટલાક ઉત્કૃષ્ટ પ્રયોગો રજૂ કર્યા હતા. ગુજરાત સાથેનો આ તેમનો પ્રથમ પરિચય હતો.

એમના જીવનની સૌથી કરુણ ઘટના તે એમની વહાલસોયી પત્નીનું અકાળે થએલું અવસાન. તે વખતે તેઓ પોતે સ્થાપવા માગતા કથકલી નૃત્યશાળાના ફાળા માટે નૃત્યપ્રયોગો રજૂ કરવા પોતાના શિષ્યો સાથે મુંબઈ આવ્યા હતા. પરંતુ નૃત્યનો પહેલો કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ તેમને પત્નીના અણધાર્યા અવસાનના દુઃખાઘાતજનક સમાચાર મળ્યા. છતાં તેની કોઈને પણ જાણ થવા દીધા વિના નિશ્ચલ ધ્યેયનિષ્ઠાથી સર્વ પ્રયોગો તેમણે એટલી તો અસરકારક રીતે ભજવી બતાવ્યા કે તેમના પર આવી પડેલા એ કારમા આઘાતની કોઈને કલ્પના સરખીયે આવી નહિ અને પોતાના અદ્ભુતપ્રયોગોથી હાજર રહેલા સર્વ પ્રેક્ષકો પર ‘એક મહાન કલાકાર’ની છાપ મૂકતા ગયા. પરંતુ તેમની એથીયે વિશેષ મહાનતાની પ્રેક્ષકોને ક્યાં ખબર હતી, કે આ સર્વ પ્રયોગો તેમનાં મૃત પત્નીના દેહ પર ખેલાયા હતા. એક તરફ પત્નીની ચિતાનો અગ્નિ પ્રજ્વલતો હશે ત્યારે બીજી તરફ આ પતિ ને વિલાસોલ્લાસયુક્ત નૃત્યાભિનય કરવો પડતો હતો! જીવનની આથી વિશેષ કરુણતા બીજી શી હોઈ શકે?

સંસારનાં શહેરો (અનુસંધાન આગળના પૃ. ૧૪૯થી)

જતા વ્યવહારમાર્ગની સાથે સંકળાઈ ગયું છે, તો બીજી બાજુએ તહેરાનથી તબ્રેઝ થઈને ત્યાંથી છેક કાસ્પિયન સમુદ્ર સુધી જતા ધોરી માર્ગને લઈને એ ઇરાનનું મુખ્ય લશ્કરી ને વ્યાપારી મથક બની રહ્યું છે.

છેક ૧૮૮૦માં કરવામાં આવેલા એક ઉલ્લેખમાં તો એને ૩૧૮ મસ્જિદ, ૧૦૦ જાહેર સ્નાનગૃહો, ૧૬૬ કારવાનસરાઇઓ ને ૨૬,૦૦૦ ઘરોવાળું વર્ણવવામાં આવ્યું છે. પણ આજે તો એનાં જૂનાં જોવા-લાયક સ્થળોમાં બઝીર મસ્જિદ અને કબુદ મસ્જિદ ગણાવી શકાય. બાકી તો ભુખરાપીળા રંગનાં મકાનો અને પૂર્વી ઢબની સાંકડી શેરીઓ એની પ્રાચીનતાનો ખ્યાલ આપે છે. પુરાણો કિલ્લો તો સાવ ખંડિયેર થઈ ગયો છે.

બે લાખ ને સાઠ હજારની વસતિ ધરાવતું આ શહેર આજે પણ એની જૂની વ્યાપારી રોનક તો જાળવી જ રહ્યું છે. વેપારનું એવું જ મોટું મથક હોવા ઉપરાંત તે હુન્નરઉદ્યોગમાં પણ પ્રગતિ કરતું જાય છે. સુંદર ગાલીચાનો તેનો પરંપરાગત ઉદ્યોગ ધીકતો ચાલવા ઉપરાંત હમણાં ચામડાં કેળવવાનાં કારખાનાં, સૂતર–ઊનની મિલો અને સાબુ તથા સીગરેટનાં કારખાનાં ત્યાં વધ્યાં છે. આજુબાજુના પ્રદેશમાં થતાં દ્રાક્ષ, બદામ આદિ સુકામેવાની એની નિકાસ પણ જબરી છે.

સંકટ વટાવી જઇ શકે તે જ શ્રેષ્ઠ.

જે કંઈ બોલો તેનો પૂર્ણ વિચાર કરો; પણ દરેક વિચાર બોલી બતાવતા નહિ.

ધર્મસિંધુ પર વિચાર કરવાના દિવસ ગયા; હવે તો કર્મબિંદુ પર મદાર બાંધવો પડશે.

સદ્વર્તન માટે ખર્ચ કોડીનો યે નથી થતો; પણ દુનિયામાં સૌથી વધુ કિંમત તેની અંકાય છે.

મનગમતું કામ મેળવીને પાર પાડે તે સુખી ખરો; પણ અણગમતું કામ પાર પાડી યશ મેળવે તે તો વીર.

આત્મચરિત્ર લખાઇ ગયા પછી તેમાં સુધારો થઈ ન શકે; પણ એ લેખને પ્રશંસનીય કરવો હોય તો નવાં પરાક્રમોથી પૂરવણી કરો.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો —— લેખક

[૨૭]

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

સાબરમતીનાં મારાં સંસ્મરણો તો અખૂટ છે. અને હમણાં છેલ્લે એના કિનારા પર પ્રાગૈતિહાસિક અવશેષો શોધાયા ત્યારે, છેક ઇતિહાસપૂર્વકાળમાં યે એના અસ્તિત્વના ખ્યાલે મને અભિમાન થયું.

આશાભીલનો ચોતરો અને એના પાસેની મૂર્તિઓ શોધાઈ ત્યારે એ ઊંચા ટેકરા પરથી બંને બાજુનો પાંચ પાંચ માઈલનો વિસ્તાર જોતો આશાભીલ આ સમગ્ર પ્રદેશનું શાસન કેવી ખબરદારીથી કરતો હશે તેનો ખ્યાલ આવ્યો. એ જ ચોતરાની બરાબર સામે પ્રાચીન કર્ણાવતી નગરી અને એનાં ઉત્તુંગ શિવાલયો, કોચરબ્બા માતા તથા હેમાચાર્યનો ઉપાશ્રય આદિનાં ભવ્ય ચિત્રો કલ્પીને મનોભૂમિ પર ઇતિહાસને સજીવ કર્યો છે, અને સરદાર 'પૂલ' થયો ત્યારે એ સમયના અવશેષરૂપ મૂર્તિઓ જોવા અનેક વાર એ સાબરતટે હું ભટક્યો છું.

એ પછી તો 'જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા' વાળી કહેવત મુજબ અમદાવાદ વસાવનાર અહમદશાહ, મહમદ બેગડો, શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ જેવા અનેક બાદશાહો અને સંતો એને કિનારે આવ્યા અને ગયા, પણ સાબરમતી તો વહ્યા જ કરે છે. પછી એને કિનારે શાહજહાં માટે ચાંદાસૂરજના મહેલ બંધાયા. શાહીબાગમાં એકબે વખત કમિશ્નરને મળવા જવાનું થયું ત્યારે ત્યાંના એ મુઘલ મહેલના વિશાળ ઓટલા પરથી સુંદર વળાંક લેતી જે સાબરમતી જોઈ છે ત્યારનો એ મહેલ તો એવો દાઢમાં રાખ્યો છે કે સર્વ પ્રજાજનો એ મહેલ પર જઈ તેનું દર્શન કરે એવા ઉદ્દેશથી, સ્વરાજ્ય આવે ત્યારે, જાહેર માટે તેને ખુલ્લો મુકાવવો. એ દિવસ આવતાં સુધી હાંસોલ, સોમનાથ ને નારાયણઘાટના ઓવારાઓ પર તો ઘણી યે વાર મેં યુવકમંડળો, સાહિત્ય સભા ને કુટુંબીજનોને સ્નાન કરાવીને વ્યાખ્યાનો, ભજનકીર્તન ને જ્ઞાનચર્ચાઓ કરાવ્યાં છે.

સાબરમતીને તીરે મહાત્માજીનો સત્યાગ્રહ આશ્રમ બંધાયા પછી તો 'સાભ્રમતી જલ લોટીલોટી, ગંગા યમુના આવી મળે' એટલી બધી એની મહત્તા વધી ગઈ છે, ને અસંખ્ય વાર એ આશ્રમમાં, સાબરમતીની હૂંફમાં ને એના વાતાવરણની રમ્યતામાં રાજકારણની, મજૂરસેવાની, સાહિત્ય સંગીત અને કળાની પરિષદો પ્રભાની સિતારવાદનની, અને સ્વ. ખરેની રામધૂનોની પ્રસાદી ખૂબ લૂટી છે.

ગાંધીજી પાસે મારૂં જવાનું રોજ બપોરનું. ત્યાં જતી વખતે દેશની દુર્દશાની તથા ગુજરાતના કેટલા યે અણઉકલ્યા પ્રશ્નોની નિરાશાથી હૃદય દબાએલું હોય, એની હંમેશની સાક્ષી સાબરમતી છે; પરન્તુ બેત્રણ કલાકના મહાત્માજીના સત્સંગ પછી સાંજે જ્યારે પાછો ફરૂં ત્યારે છેક એલિસબ્રિજ સુધી સંધ્યાના અલૌકિક રંગોના વાતાવરણમાં એ બધી નિરાશા ગળી જઈને પ્રાપ્ત થએલી નવી આશાઓ અને ઉલ્લાસથી છલકાતે હૃદયે એ સાબરમતીનાં જળ મેં જોયાં છે.

અસહકારની લડતમાં પંજાબના દેશભક્ત પંડિત રામભજદત્ત ચૌધરી જેલમાં ગયા ત્યારે એમનાં વિયોગિની બહાદુરપત્ની સરલાદેવી ચૌધરાણીએ મહાત્માજીના પ્રમુખપદે મળેલી સભામાં એ જ સાબરમતીની રેતીમાં એમનું પ્રિય ગીત ગાયું હતું :

'કદી નહિ હારના, ભાંવે સાડી જાન જાયે.'

એ જ સ્થળેથી કાયદાભંગનું બીડું લઈને સ્વ. કસ્તુરબા તથા મારા મુરબ્બી જીવણલાલ બૅરિસ્ટરને પગે લાગીને મીઠાનો કાયદો તોડવા હું નગર તરફ સરઘસના આકારમાં નીકળ્યો હતો અને એ જ સાબરમતીના શુભનામથી અંકિત જેલમાં પહેલવહેલો ગયો હતો.

એ સાભ્રમતિનું મારા પરનું ઋણ તો કદિ પૂરૂં નહિ ગણાવી શકાય. વિક્ટોરિયા ગાર્ડનને એને કિનારે બેસી મેં કેટલી યે રંગભીની ઉડાડતી સંધ્યાઓને સમયે ધ્યાનધારણાઓ કરી છે; ત્યાં જ લોકમાન્યની મૂર્તિ પાસે સ્વરાજ્ય લેવાની પ્રતિજ્ઞાઓ કરી છે; એ જ સ્થળે સાહિત્ય પરિષદ વેળાના સ્વ. કવિવર ટાગોરના સત્કાર સમારંભ અને ગરબા યોજ્યા છે; ત્યાં જ પંડિત જવાહર જેવા દેશનેતાને માનપત્ર આપ્યાં છે.

એવી જ રીતે, હૃદય વિંધાઈ જાય એવા મારા જીવનના કરુણ પ્રસંગે દધિચિ અને સપ્તર્ષિના ઓવારાઓ પર એ જ માતા સાબરમતીની ગોદમાં મારાં પ્રિયજનો અને ગુરુજનોને અગ્નિસંસ્કાર કર્યા છે.

એવી છેલ્લી વિદાય કવિ નાનાલાલને અમે આપી. એ યુવાનીમાં હતા અને એમનું 'શ્વેતાંબરી સંન્યાસિની'નું પહેલું જ કાવ્ય—

રાત્રી વેરણ થાય, ચંદા બ્હેની !

રાત્રી વેરણ થાય;

પ્રેમ અનંત ઢોળાય, ચંદા બ્હેની॰

એ જ સાબરમતીની રૂપેરી રેતીના પટ પર મેં અનેક વાર ગાયા કર્યું હતું; અને એમનું છેલ્લી વિદાયનું અશ્રુપૂર્ણ ભાષણ પણ મેં એ જ સાબરમતીને કિનારે કર્યું.

મહી 'સાગર'ના ભવ્ય નામથી ગુજરાતમાં ગૌરવભેર ઓળખાતી મહી નદી જ્યાં ખંભાતના અખાતને મળે છે ત્યાં જઈને મિત્રમંડળી સાથે એના જળમાં પગ પખાળી આવ્યો છું; અને વાસદ પાસેના એક ગામની ભાગોળે શરદઋતુની એક અજવાળી રાત્રે એ જ મહીની રેતીમાં એક તત્ત્વજ્ઞાની મિત્ર સાથે પવનની શીતળ લહેરો લેતા જીવ અને બ્રહ્મની જ્ઞાનવાર્તા કરી હતી તે હજી યાદ છે.

ગોધરા લાઈનના અંગાડી સ્ટેશનથી ગળતેશ્વર નામે એક પ્રાચીન તીર્થે જવાય છે. કહેવાય છે કે ત્યાં ચંદ્રહાસનું નગર હતું. ગળતી નદી ત્યાં ભગવાન શંકરને અભિષેક કરીને મહીસાગરને મળે છે. એ પુનિત સ્થાને પણ મેં મહી નદી ભોગવી છે.

સંખેડા જતાં બહાદુરપુર સ્ટેશને હું ઊતરેલો. તે વખતે, ચાણોદ આગળના 'ઓરસંગમ' પાસે નર્મદાને મળનારી 'ઓર' નદી ત્યાં પુર બહારમાં હતી. બાર વર્ષ હોવાથી ઓરમાં પૂર આવ્યું હતું ને હોડીમાં બેસીને સંખેડા જવાતું. એ હોડીમાં બેસીને ઓર ઊતર્યો ત્યારે મથુરા પાસેની યમુનાના દર્શનના આનંદથી યે અદકો આનંદ થએલો.

સંખેડા ગામ એક ઊંચા ટેકરા પર કોઈ પુરાણા કિલ્લાની પાછળ આવેલું છે. સંખેડાના સુતારોને ઘેર જઈ, તેઓ મનોહર પાકા રંગોથી આપણી જે વિશિષ્ટ કલાપદ્ધતિનાં ઘોડિયાં, કોચ, ખુરશીઓ, માચીઓ, બાજઠો વગેરે બનાવે છે તેનો કસબ જોયો; અને સાંજે પાછા વળી એ કિલ્લા ઉપરના ઊંચામાં ઊંચા ટેકરા પરથી સૂર્યાસ્તના રંગો વડે દેદિપ્યમાન થએલાં 'ઓર'નાં ઊછળતાં પાણી જોવાનો અને સૌંદર્યકલાધારી રળિયામણી ગુજરાતને અભિનંદન દેવાનો વિરલ યોગ સાધ્યો હતો.

નર્મદા ની તો ચાણોદ કરનાળી પાસેથી, વ્યાસ અને કબીરવડ પાસેથી, ભરૂચ અને

રાજપીપળાની બાજુથી ખૂબ યાત્રા કરી છે. પરંતુ એના સૌંદર્યનો સૌથી વધારે યોગ તો જબલપુરના આરસના પહાડો વચ્ચેના એના ધીરગંભીર, પવિત્ર અને શાંત વહનમાં ચાંદની રાતે નૌકાવિહાર કરીને અને એના ધોધમાં નાહીને કર્યો છે.

તાપી સૂરત પાસેથી તો ખૂબ જોઈ જ છે, પરંતુ ડુમ્મસ પાસેના એના સમુદ્રસંગમ આગળ તો લગભગ એક મહિના સુધી પ્રાતઃકાળની સંધ્યાપૂજા અને પ્રાર્થના ઉપાસના કરવાનું સદ્ભાગ્ય મને ભગવાને આપ્યું છે.

ગુજરાતની દક્ષિણ સરહદને શોભાવતી કોલક અને દમણગંગા મેં હમણાં જ જોઈ. એમાં દમણગંગાના પથ્થરોના કઠણ પાત્રમાં અને આસપાસની વનરાજિમાં અપૂર્વ શોભા ધારણ કરતી લાગી.

સિંધુ, જેના પરથી આપણે હિંદુ કહેવાયા તેને કરાચી જતાં રસ્તામાં રેલવે પુલ પરથી જ્યારે પહેલી જોઈ ત્યારે તો મને બહુ જ અસંતોષ થયો. કોઈ ભવ્યતા નિર્માલ્ય રૂપે જોતાં જે નિરાશા થાય તે મેં ત્યાં અનુભવી. કરાચીના મિત્રોને જ્યારે મેં એ નિરાશાની વાત કહી ત્યારે એમણે મને સક્કર પાસેની સિંધુ બતાવવાનો આગ્રહ કર્યો છે.

આલમોડા જતાં અમે, કૌશિક ઋષિ પરથી નામ પામેલી કોશીને કિનારેકિનારે મોટરમાં ગયા હતા. પણ એમ દોડતે ઘોડે બ્રહ્મોપદેશ થાય નહિ, તેથી પાછા આવતાં અમે મોટરો ઊભી રખાવી, ને ઊંચી કરાડો ઊતરીને કોશીના વહેણમાં ગયા. એનાં શીતલ જલથી અંગોને પ્રસન્ન કર્યાં. એ જ કોશી પાછી કાઠગોદામ આગળ જોઈ, ત્યાં એના ઉપર બાંધેલો હાર્ડિંજ પુલ જોયો; બંધ દ્વારા એના ત્રણ વિભાગ કરીને નહેરો વાટે તળેટીનાં ગામોને સમૃદ્ધ કરવાનો એક મહાન વૈજ્ઞાનિક સફળ પ્રયોગ ત્યાં જોવા મળ્યો. અને ભારતવર્ષને સુજલ સુફલ કરતી સર્વ 'લોકમાતાઓ'ને અમે ત્યાં પ્રણામ કર્યાં. (ચાલુ)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મય સમીક્ષા

આ વર્ષે લલિત તેમજ બીજા સાહિત્યની સમીક્ષા પ્રો. અનંતરાય મ. રાવળ (૧૦, હીરાબાગ, એલિસબ્રિજ અમદાવાદ)ને તથા વિજ્ઞાન વિભાગની સમીક્ષા પ્રો. ધનજીભાઈ ફકીરભાઈ (કલ્યાણ સોસાઍટી, એલિસબ્રિજ અમદાવાદ)ને સોંપવામાં આવી છે; તેમને પોતપોતાનાં પુસ્તકો મોકલવાની સૌ લેખકો તથા પ્રકાશકોને સભાની વિનતિ છે.



સંસારનાં શહેરો

૫૫-તબ્રેઝ

ઈરાન છેલ્લા થોડા માસથી જગતના રાજકારણના ગૂંચવાયેલા કોકડાની ગાંઠ જેવો બની રહ્યો છે. એ ગાંઠ જ્યાં ખરેખરી પડી છે તે એની વાયવ્ય સરહદનો પ્રાંત આઝરબૈજાન રશિયાની ઉત્તેજના અને સામ્યવાદની હૂંફ નીચે પોતાની માતૃભૂમિ ઈરાનથી છૂટા પડવાની 'સ્વાતંત્ર્ય ઘોષણા' કરી છે એવા આ વખતે, એ પ્રાંતનું પાટનગર, જે ઇરાનનું બીજા નંબરનું શહેર ગણાય છે તે તબ્રેઝ સ્વાભાવિકરીતે જ ધ્યાન ખેંચે છે.

તુર્કીના સીમાડાથી સો માઇલ જ દૂર અને સમુદ્રની સપાટીથી ૪૫૦૦ ફૂટની ઊંચાઇએ આવેલું આ શહેર છેક અતિ પ્રાચીન કાળથી જ ઈરાનની ભૂમિ પર અગ્રણી શહેરની અદા ભોગવતું આવ્યું છે. માર્કોપોલોથી માંડીને ટૅવર્નિયર અને ઈબ્ન બતૂતા સુધીના પ્રવાસીઓએ તેનો ગૌરવયુક્ત ઉલ્લેખ કર્યો છે. પહેલવી ભાષામાં એના નામ (તપ-રેઝ)નો અર્થ થાય છે 'ગરમીનો વર્ષાવ કરનાર'. ઇ. ૨૭૯માં આર્મીનિયાના રાજા ટીરીડેઈટસ ત્રીજાએ તેને પોતાનું પાટનગર બનાવ્યું ત્યારે પણ એ જામેલું ને સમૃદ્ધ શહેર હતું. તે પછી ત્રણ વખત ધરતીકંપોએ (ઇ. ૮૫૮, ૧૦૪૧ અને ૧૭૨૧માં) તથા બે વખત તૈમુર અને નાદીરશાહ જેવા આક્રમકોની લૂંટોએ એને ખેદાનમેદાન કર્યું હોવા છતાં, દર વખતે એ ફટકાઓની કળ વળતાં જ એ ઊઠીને ફરી બેઠું થયું છે ઈ. ૧૦૪૨ના ધરતીકંપમાં તો એનો મોટો ભાગ જમીનદોસ્ત થઈ ગએલો અને ચાલીસ હજાર માણસો નાશ પામેલાં.

તેરમી સદીમાં મંગોલ રાજકર્તા ઇલખાન ગાઝાને તેને પાયતખ્ત બનાવી ફરી સમૃદ્ધ કર્યું. તેણે આલીશાં ઈમારતો અને વિશાળ બજારો બંધાવી તેની ચોમેર ૫૪,૦૦૦ કદમ લાંબો કોટ ચણાવ્યો. મધ્ય યુગમાં સૈકાઓ સુધી તુર્કોમાન રાજાઓએ તેના પર આક્રમણો કર્યાં કર્યાં અને તે તુર્કી તથા ઈરાની રાજાઓ નીચે હાથપલટો પામતું રહ્યું. સોળમા સૈકામાં ઇરાનના સફવી કુળના આદિ પુરુષ શાહ ઇસ્માઇલે તેને પોતાની નવી હકૂમતની રાજધાની બનાવી. ૧૬૧૮માં શાહ અબ્બાસે એને જીત્યું ને સમૃદ્ધ કર્યું અને ૧૬૭૩માં, સાર્દિન નામના પ્રવાસીએ વર્ણવ્યા મુજબ, એ શહેરની વસ્તી પાંચ લાખની હતી. ૧૭૨૧ના ધરતીકંપ પછી ૧૭૩૦માં નાદીરશાહે (જેનું મૂળ નામ તહેમાસ્ત કુલીશાહ હતું) તેનો કબજો લીધો અને ૧૭૩૭-૩૮માં ત્યાં ભયંકર પ્લેગ ફેલાયો, જેમાં ૪૭ ૦૦૦ માણસોના જાન ગયા.

સરહદ પર વસેલા શહેરોની કમનસીબીને વરેલાં આ શહેર પર હવે તુર્કીની પેઠે રશિયાની નજર પણ ચોંટી. પરિણામે ઈરાની સરકારે તેને જબરદસ્ત લશ્કરી મથક બનાવ્યું. છતાં ૧૮૨૬-૨૮માં રશિયાએ તે કબજે કર્યું. પણ સુલેહમાં તે ઈરાનને કબજે આપ્યું.

ઈ ૧૯૦૫માં ઈરાનના પાટવીકુંવરે ત્યાં પોતાની રાજધાની કરી; પણ ૧૯૦૮માં ઈરાની પ્રજાએ સ્વાતંત્ર્ય માટે ત્યાં આંતરવિગ્રહ પ્રકટાવ્યો ત્યારે દુષ્કાળનિવારણ અને શાહની કુમકે આવવાના બહાના નીચે રશિયાએ ૧૯૦૯માં ફરી તેનો કબજો લીધો. દરમ્યાન ૧૯૦૭માં ઇંગ્લંડ અને રશિયા વચ્ચે ઈરાનને વહેંચી લેવાના જે કરારો થયા તેમાં એ રશિયાને ભાગ ગયું અને ત્યારથી આ શહેર યુરોપી રાજખટપટનું કેન્દ્ર બન્યું.

પહેલા મહાયુદ્ધમાં ૧૯૧૫માં તુર્કો અને કુર્દો ત્યાં પેઠા. રશિયનોએ તેમને હાંકી કાઢી કબજો તો લીધો, પણ તુર્કોએ ફરી ૧૯૧૭માં તેને જીત્યું. અંતે ૧૯૧૮માં ઈરાને તેને પાછું સ્વાધીન લીધું અને રેઝાશાહ પહેલવી ત્યાંના યુદ્ધપ્રધાન થયા તેણે તો આઝારબૈજાનમાં સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપી દીધું તે છેક ગયા વર્ષ સુધી. ૧૯૪૫માં રશિયાની પાંખ ત્યાં ફેલાવા માંડી અને આજે એની અસર નીચે તે છૂટું પડી ગયું છે.

જેટલું રાજકીય દૃષ્ટિએ એટલું જ વ્યાપારી અને લશ્કરી દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ છે. ટ્રેબિઝોન્ડ અને અર્ઝરૂમના વ્યાપારમાર્ગ પર એ આવેલું હોઇ, સુએઝની નહેર બંધાઇ તે પહેલાં છેક પ્રાચીન કાળથી એ યુરોપ અને હિંદને જોડતા વ્યાપારનું મોટું કેન્દ્ર હતું. આજે સુએઝનો માર્ગ ઊઘડતાં ઇરાનનો એ વ્યવહાર દક્ષિણ તરફ ખસ્યો છે અને એનું સ્થાન આજે બગદાદે લીધું છે, છતાં સમગ્ર વાયવ્ય ઈરાનનું મુખ્ય વ્યાપારી કેન્દ્ર તો એ જ રહ્યું છે. એક બાજુએ રશિયનોએ બાંધેલી ટબ્રિઝ-જુલ્ફાની રેલવેલાઇન એને કૉકેશિયન રેલવેની સાથે જોડી દે છે અને તેથી એ છેક રશિયાની ભીતરમાં (અનુસંધાન પાછળ પાન ૧૪૭મે)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : શ્રી સૂર્યકાન્ત ચૌધરી, વિઠ્ઠલ ચોક, સાવલી (વડોદરા)

Milada Kalàbová
Dobrovského 27,
Praha VII (Czechoslovakia)
Prague (પ્રાગ-ચેકોસ્લોવાકિયા) ૧ મે ૧૯૪૬

પ્રિય મિત્ર સૂર્યકાન્ત,

હિંદી ને અંગ્રેજી બંનેમાં લખાએલા તમારા પત્ર માટે તમારી ઘણી આભારી છું. પહેલું તો એ કે, હું હિંદી કે અંગ્રેજી એમાંથી એકે બરોબર તો જાણતી જ નથી, પણ અંગ્રેજીમાં વિચારો વ્યક્ત કરવાની પદ્ધતિ અમારી ભાષાને વધારે મળતી છે, (જોકે અમારી સ્લાવ ભાષાઓ બધી યુરોપિયન ભાષાઓ કરતાં સંસ્કૃતને વધારે મળતી આવે છે) ને મારી પાસે અંગ્રેજી ડિક્ષનરી પણ છે—જ્યારે હિંદી નથી. વળી, મને આશા છે કે હું અંગ્રેજીમાં લખીશ તો મારું લખવું તમે વધારે સારું સમજી શકશો.

હું બાવીસ વર્ષની વયની છું, મારી ઊંચાઈ ૧૬૨ સેન્ટીમીટર અને વજન ૫૩ કિલોગ્રામ છે. મારા વાળ બદામી ને આંખો વાદળી છે. મારે ભાઈ કે બહેન કોઈ નથી. હું પ્રાગની ચાર્લ્સ યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાન વિભાગમાં તત્ત્વજ્ઞાન, ઇન્ડોલૉજી (હિંદી સંસ્કૃતિ વિષયક શાસ્ત્ર) અને વિવિધ ધર્મોનો અભ્યાસ કરું છું. ઉપરાંત ઔદ્યોગિક કલાશાળામાં ચિત્રકળાની તાલીમ પણ લઉં છું. એ શાળા આજે યુનિવર્સિટીમાં 'ઍકેડેમી ઑવ ક્રીએટિવ આર્ટ'ની બરાબર ગણાય છે. ત્યાં અમને દૂધ પાઉડરની ડબી માટેના ડિઝાઈનથી માંડીને તે જંગી ભીંતચિત્રો કરવા સુધીનું શિક્ષણ મળે છે.

અમારી ચિત્રકળા, સંગીત કે નૃત્ય વિષે લખી વર્ણવવું બહુ અઘરું થઈ પડશે, કેમકે તમને એ રૂબરૂ બતાવી કે સંભળાવી શકાય એમ તો છે નહિ. પણ થોડા જ વખતમાં હું તમને અમારા દેશની થોડીક ઉત્તમ ગણાતી કલાકૃતિઓની છાપો વગેરે જોવા મોકલીશ.

આ બધી કળાઓનો વિકાસ અમારા દેશના ઇતિહાસને આધારે થતો આવ્યો છે. અમારે ત્યાં અત્યંત સુંદર ગૉથિક (પુરાણી) કળા છે પણ સૌ પ્રથમ ઈ. ૧૪૨૦-૩૪ના હુસ્સાઇટ વિગ્રહ વખતે અમારી સર્જનકળાનો વિકાસ અટક્યો, અને સાથેસાથે અમારી યાદગારીનો પણ નાશ થયો. ઈ. ૧૬૨૦માં પ્રાગ પાસે 'બિલા હોરા' (શ્વેતગિરિ)ના યુદ્ધ પછી તો અમારી બધી જ કલાઓ ને વિજ્ઞાનનો વિકાસ ખોરવાઈ ગયો. અમે સખત હાર પામ્યા, ને ચેક પ્રજાનો ગર્ભશ્રીમંત ઉમરાવવર્ગ તથા સ્વતંત્ર વિચારના બધા જ લોકો જે કૅથૉલિક ધર્મમાં નહોતા માનતા તે સર્વને પોતાનો પિતૃદેશ છોડવાની ફરજ પડી ભણેલા વર્ગનો મોટો ભાગ પણ યુરોપના બિન કૅથૉલિક દેશોમાં વેરણછેરણ થઈ ગયો ને દેશમાં રહેલા બધા કૅથૉલિકોનું થોડી જ પેઢીઓમાં જર્મનીકરણ થઈ ગયું. એ પછીનાં ૨૦૦ વર્ષ લગી તો ચેક કળા માત્ર ગુલામ ગામડિયાઓમાં જ રૂંધાઇ રહી. એ ગાળા પછી ફરી પાછો શિક્ષિત ચેક લોકોનો એક નવો થર ઉદિત થયો ને સમસ્ત સંસ્કૃતિ નવેસરથી જ ઘડાવા માંડી. છેલ્લા સૈકાના અમારા કલાકારો પૈકી સૌથી નામાંકિત નામ મિકોલાસ આલેસ ને જોસેફ માનેસનાં છે; સંગીતમાં બેડ્રિક સ્મેટાના અને ઍન્ટાનિન વૉરાક છે.

નૃત્યનું ક્ષેત્ર તો વિશાળ છે. અમારે ત્યાં ઘણાં સુંદર લોકનૃત્યો છે. થીએટરોમાં બાલનૃત્ય પણ ચાલે છે. ઉપરાંત નૃત્યની વિવિધ શાખાઓ પણ અમારે ત્યાં વિકસી છે. દાખલા તરીકે મિસિસ જેરાબ્કોવાની શાળા—જે બ. દ. ખ્યાતનામ ઇસાડોરા ડંકનની શિષ્યા છે.

છેલ્લા ૧૯૪૪ના યુદ્ધવર્ષ દરમ્યાન અમારાં બે નૃત્યકારો શ્રીમતી ટાઉમાનોવા અને શ્રી રેમારે પૂર્વનાં નૃત્યોનો એક જલસો યોજ્યો હતો, તેમાં એમણે હિંદ, ઇન્ડોનેશિયા અને સીઆમનાં નૃત્યો કરી બતાવ્યાં હતાં એમાંના બધા પોષાકો પ્રાચીન ચિત્રો, શિલ્પો અને ફોટોગ્રાફોની આધારભૂત સામગ્રી પરથી પ્રયોજ્યા હતા. મેં જોએલા શ્રેષ્ઠ સમારંભો પૈકીનો એ જલસો બની ગયો. હું માનું છું કે હિંદી નૃત્ય બહુ જ અઘરું છે. આ તક મળી છે એટલે તમને એક વિનંતિ કરું છું: કૃપા કરીને મને જમીન પર બેસવાની સાચી હિંદી ઢબનું વિગતવાર વિધાન ન સમજાવો? (ચિત્રો સાથે, અને દુઃખ કે અગવડ વિના કેમ બેસી શકાય તેની સમજણ પાડીને.)

હમણાં હમણાં મને ઘણી વાર હિંદ વિષે વિચારો આવે છે. થોડા દિવસમાં અમને સ્વતંત્રતા મળ્યાને વર્ષ પૂરું થશે. અમારી ચૂંટણીઓ આડાં ત્રણ જ અઠવાડિયાં હવે રહ્યાં છે અને અમારા ચાર રાજકીય પક્ષો વચ્ચેના મતભેદો વધવા માંડ્યા છે. પણ યુદ્ધમાં તો અમે સૌ એકસંપ જ હતા. હિંદ આજના તેના સૌથી મહત્ત્વના દિવસોમાં સંપીલું નથી. અમુક હિંદીઓ પોતાના પિતૃદેશના ભાગલા કરવા ઈચ્છે એ શક્યતા જ મને તો સમજાતી નથી. ધાર્મિક મતભેદ એ સાચું જ કારણ છે કે માત્ર એક બહાનું? કોઈ પણ રીતે, સંયુક્ત હિંદે જ એક મહાન સત્તા બનવું જોઇએ અને શાંતિચાહક મહાન સત્તા. જગતને આજે એવી જ સત્તાઓની જરૂર છે.

એ જ રીતે તમારા દેશમાંનો ભૂખમરો પણ ભાગ્યે જ સમજાય એવી વાત છે. યુરોપ આખું આજે UNRRA (અનર્રા) સંસ્થા પાસેથી ખોરાક મેળવે છે. એમ તો અમારા લોકો પણ ઊણા પોષણવાળા જ છે. પણ અહીં કોઈ ભૂખથી મરી નથી જતું. હિંદમાં માપબંધી નથી શું?

મને હિંદની બધી કળાઓમાં, સાહિત્ય, સંગીત, નૃત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ, વર્તમાનપત્રો, સામયિક પત્રો, જાહેરાતચિત્રો, ભોજનની વાનીઓ,—એમ સમગ્ર હિંદી જીવનમાં રસ છે. હું આશા રાખું છું કે તમે હિંદ વિષેનાં તમારાં રસમય બયાનો મને લખવાં ચાલુ રાખશો. એક હિંદી પાસેથી જ એ જાણવાં મને ગમશે, કેમકે અમારી બીજી બધી માહિતીઓ હજી બહુ વિરલ હોય છે અને બનતાં સુધી આધારભૂત પણ નહિ.

તમારી, મિલાડા કાલિબૉવા

હું હિંદી સારું જાણતી થઈશ એટલે તમને હિંદીમાં જ લખીશ.

નવાં પત્રમિત્રો

(૧) Miss Lillian Loader, 19 Mahoney Street, Wanganui East, North Island, New Zealand; (૨) Miss Myra Kuru, C/o S. Heta, Raupunga P. O., Wairoa H. Bay, New Zealand; (૩) જે. એચ ગોહેલ, સિડનહામ કૉલેજ હૉસ્ટેલ, ખંભાલા હિલ, મુંબઇ–૨૬; (૪) ખંડુ જે. ગુજરાતી, પો. ઈદગાંવ, દેવલાલી, નાસિકરોડ; (૫) સુખદેવ વાસુદેવ વ્યાસ, કરોળિયા પોળ, સુલતાનપુરા, વડોદરા; (૬) કિરીટકાન્ત બી. શાહ, જૂની બજાર, અમરેલી (૭) અનંત મ. ધોળકિયા, લીંબડી ઉતારો, વઢવાણ કૅમ્પ; (૮) ઈન્દ્રવદન કુબેરદાસ જોષી, શાહીબાગ, ભીમનાથ, અમદાવાદ; (૯) ચન્દ્રકાન્ત કુબેરદાસ જોશી, રૂમ નં. ૯, રમકડાં માર્કેટ, પાનકોર નાકા, અમદાવાદ.



માધુકરી

સુખિયો નર્મદ તે જન અહીં, ઉદ્યમ ધરતો કરતો સહી;
જરૂરનો પૈસો જે રળે, સંતોષે દહાડા નિર્ગમે.
વિદ્યા સાથે જેને પ્રીત, રસજ્ઞાન નિર્મળ છે નિત;
એકાંતે સાદો જે રહે, સુખિયો નર્મદ તેને કહે.
પસ્તાવો જેને ના હોય, નીતિધર્મે નિશદિન જોય;
મોતશું મળવા જે તૈયાર, ધારો નર્મદ સુખિયો સાર.

—નર્મદાશંકર

સ્વ. ભૂલાભાઈ દેસાઈ

પોતાની ઊંડી કાયદા-કાબેલિયત, સતત પરિશ્રમ અને જ્વલંત દેશદાઝ વડે આઝાદ હિંદ ફોજના પહેલા ઐતિહાસિક ખટલાના ત્રણ આરોપીઓના ગળામાંથી ફાંસીનું દોરડું કઢાવી ફૂલમાળા આરોપાવનાર મહાન ગુજરાતી ધારાશાસ્ત્રી ભૂલાભાઈ જીવણજી દેસાઈનું, ગઈ તા. ૬ઠ્ઠી મેના દિવસે સવારે ૧-૫ વાગ્યે મુંબાઈ મુકામે અવસાન થતાં, હિંદને એક શક્તિશાળી દેશનેતાની ખોટ પડી છે. એમનો જન્મ ઇ. ૧૮૭૭માં સુરત જિલ્લાના વલસાડ પાસેના ભદેલી ગામમાં ગરીબ માબાપને ત્યાં થએલો. સાત વર્ષની વયે એમને નિશાળે જવા માટે સાત માઇલની મજલ કરવી પડતી; અને હાઈસ્કૂલનાં પાછલાં વર્ષો તેમજ કૉલેજનાં વર્ષોમાં એ ગરીબીના જ કારણે એમના માબાપને એમનો અભ્યાસ છોડાવી દેવાનો અનેક વાર વિચાર કરવો પડેલો. પરંતુ એમની ઊંચી અભ્યાસકારકિર્દી તથા કુશાગ્ર બુદ્ધિને લઇને એમના શિક્ષકોનો એમના પર ઘણો જ પ્રેમ રહેતો અને તેમના જ આગ્રહ તથા પ્રોત્સાહનથી એ આગળ ને આગળ અભ્યાસ વધારી શક્યા. અભ્યાસ દરમ્યાન અનેક શિષ્યવૃત્તિઓ મેળવતા જઈ બી.એ.ની પરીક્ષામાં એમણે ઇતિહાસ અને ન્યાયશાસ્ત્ર લઇને ફર્સ્ટ ક્લાસમાં આવી 'વર્ડ્ઝવર્થ સ્કોલરશિપ તથા પ્રાઈઝ' મેળવ્યાં અને એમ. એ.માં પણ ફર્સ્ટ ક્લાસ મેળવી ફેલો થયા.

આ ઉજ્જવલ કારકિર્દીએ તુરત જ એમને અમદાવાદની ગુજરાત કૉલેજમાં ઇતિહાસના પ્રાધ્યાપકનું પદ અપાવ્યું. એ વખતે એમની ઉંમર માત્ર ત્રેવીસ વર્ષની હતી અને એમના હાથ નીચે અભ્યાસ કરતા બી.એ.ના વર્ગના કેટલાક વિદ્યાર્થીઓ એમના કરતાં બબ્બે ચારચાર વર્ષ મોટા પણ હતા. છતાં આજ સુધી કદિ નહિ આવેલો એવો, છટાદાર અને સરળ વાણીમાં અંગ્રેજી વ્યાખ્યાનો આપનાર આ જુવાન પ્રોફેસર વિદ્યાર્થીઓમાં ઘણો જ પ્રિય થઈ પડયો. એમની લોકપ્રિયતા એટલી બધી હતી કે બીજા પ્રાધ્યાપકોના વર્ગમાં મુદ્દલ હાજરી ન આપનાર વિદ્યાર્થીઓ પણ એમના વર્ગમાં હાજરી આપવાનું ચૂકતા નહિ. અંગ્રેજી ભાષા પરના અસાધારણ પ્રભુત્વ, વિશાળ અભ્યાસ અને ચોટદાર વક્તૃત્વશક્તિ વડે વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી વિષય પ્રત્યે એમનું ધ્યાન એ કેન્દ્રસ્થ કરી શકતા. એમના ભાષણનો પ્રવાહ અસ્ખલિત વહેતો, એમનો શબ્દભંડાર વિ-



(બ્લૉક : 'ભારતી'ના સૌજન્યથી)

આ માસ (જૂન)નુ પંખી



બુલબુલ

ફારસી સાહિત્યની પંક્તિએ પંક્તિએ જેનું નામ છે, જેના સ્વરમાધુર્યની તોલે જગતનું કોઇ પંખી ઊભું નથી રહેતું એમ કહેવાય છે, એ મૂળ બુલબુલ તો ઈરાનનું જ કાયમી વાસી. આપણે ત્યાં જે 'બુલબુલ' નામે ઓળખાય છે તે તેના વર્ગનું ખરૂં, પણ જુદા ગોત્રનું. આ મહીને એનું ઉન્માદભર્યું ગાન સંભળાય છે, પણ ઈરાની બુલબુલની સાથે સરખાવી શકાય તેવું એ ગાનમાં કંઈ નથી. થોડીક મિઠાશવાળા બે બોલ, વચ્ચે વચ્ચે વિસામો ખાતું-ખાતું તે બોલ્યે જાય છે.

હિંદભરમાં તે જાણીતું પંખી છે અને જલદી હળી જતું હોઈ ઘણા તેને પાળે પણ છે. તેની અનેક જાતો પૈકી ગુજરાતમાં ત્રણ જાતો થાય છે પણ આપણે ત્યાં બાગ-બગીચા, વાડીઝાડી, કે ભરવસતિમાં સર્વત્ર નજરે પડતું તો લાલ ડુમવાળું બુલબુલ, જેનું ચિત્ર મથાળે આપ્યું છે.

કદમાં ચકલી જેવડું, પણ પૂંછડી સહેજ લાંબી; કીંકણી રંગનાં પીછાંમાં આછાં ટપકાંવાળો દેહ; માથું કાળું અને તેના પર કાળી ટોપી; અને એને ઓળખવાની મોટી નિશાની રૂપ, પૂછડીના મૂળમાં, ડુમના ભાગે લાલ ડાઘ. ચાંચ પાતળી, લાંબી ને કઠોર, ને રંગે કાળી; આંખો ને પગ ઘેરા તપખીરિયા.

ફાગણથી દિવાળી એનો જનનકાળ: નિરંતર ધટાનું વસનારૂં; પગની રચના શિથિલ હોઈ નીચે બહુ ઊતરતું નથી, પણ ડાળેડાળે ભમવાની ટેવને લીધે નજરે બહુ પડે છે સ્વભાવે કજિયાખોર હોવાથી ચાર પંખી ભેગાં થયાં હોય તો આખો દહાડો લડયાં જ કરે; આથી કુકડાં, તેતર વગેરે માફક તેની લડાઇઓ પણ કરાવાય છે.

'વનેચર'

પુલ હતો અને એમની કથનસરણી આકર્ષક હોવાની સાથેસાથે મધુર, મનોહર અને સરળ વહનવાળી હતી, અને એણે જ પાછલાં વર્ષોમાં એમને પ્રખ્યાત ધારાશાસ્ત્રી બનાવ્યા.

શિક્ષણનું ક્ષેત્ર એમને લાંબો વખત આકર્ષી શક્યું નહિ, એથી એમણે 'ઍડવોકેટ' થઈ, ઈ. ૧૯૦૪માં મુંબાઈ હાઇકોર્ટમાં વકીલાત શરૂ કરી. એ વખતે હાઇકોર્ટની ઓરિજિનલ સાઈડમાં સર ચીમનલાલ સેતલવાડના અપવાદ સિવાય મોટે ભાગે અંગ્રેજ અને પારસી બૅરિસ્ટરો જ આગળપડતું સ્થાન ભોગવતા. પણ ટૂંક વખતમાં જ ભૂલાભાઇએ પોતાની શક્તિ દાખવી, અને એ કારકિર્દી ઉત્તરોત્તર એટલી તેજસ્વી થતી ગઈ કે જતે દહાડે સરકાર તરફથી એમને ઍડવોકેટ જનરલનું પદ પણ આપવામાં આવ્યું. આવા જ્વલંત વિજયની ચાવી એમની અતાગ કાર્યરતતા, કાયદાની ઝીણામાં ઝીણી વિગત સુધી ઊંડા જઈને અતિ બારીક તાર પકડી પાડી તેને સબળપણે સફળ કરી બતાવવાની કાબેલિયત અને પોતાની સ્વીકારેલી જીવનસાધના માટે અતૂટ પરિશ્રમ કરવાની એમની શક્તિમાં સમાએલી હતી. પોતાના હાથમાં આવેલા નાના કે મોટા કોઈ પણ મુકદ્દમાની એકેએક વિગતનો ઝીણવટથી અભ્યાસ કરવા એ રાતના મોડે સુધી બેસતા અને કોઈ કડક પ્રતિસ્પર્ધીની ઉલટતપાસની માફક એ પોતાના કેસની બધી નબળી બાજુને બરોબર તાવીને જોઈ જતા. અને એમ, આખા કેસને ચોમેરથી સંપૂર્ણતયા ઉલટાવીઉલટાવીને જોયા પછી જ એ મુકદ્દમાને ચલાવવાનો પોતાનો માર્ગ નક્કી કરી લેતા. વકીલાતના ક્ષેત્રમાં આજે એમના શિષ્ય તરીકે ફળવાઇને આગળ આવનારમાં કનૈયાલાલ મુનશી, મોતીલાલ સેતલવાડ, એમ. વી. દેસાઈ અને જી. એન. જોષી જેવી નામાંકિત વ્યક્તિઓને ગણાવી શકાય.

શરૂઆતનો અમુક સમય તો ભૂલાભાઇ રાજ્યકારણમાં પડેલા નહિ. પણ પહેલા મહાયુદ્ધ વખતે હિંદના રાજકારણમાં મિસિસ ઍની બેસંટનો પ્રવેશ થયો અને આયર્લેંડને પગલે ચાલી હિંદે પણ હોમરૂલની માગણી મૂકવી એવું કૉંગ્રેસે ઠરાવ્યું એટલે સર ચીમનલાલ, સર જહાંગીર વગેરે વિનીત નેતાઓ ખસી ગયા અને મિ. ઝીણા વગેરે જેવા જે જુવાન કાર્યકરો હોમરૂલ લીગમાં જોડાયા તેમાં ભૂલાભાઈ પણ હતા, અને તે એ સંસ્થાના ઉપપ્રમુખ પદે નીમાયા. પણ એ વખતે એમનું જીવન કાયદાથી વધુ ઘેરાએલું હતું તેથી, તેમ જ કાંઈક મતભેદ થતાં એમણે એ પદ છોડયું. ગાંધીજીની રીતે દેશસેવાના ક્ષેત્રમાં પડવું એમને શરૂઆતમાં ફાવ્યું ન હતું. પણ બારડોલીના સત્યાગ્રહ વખતે ખેડૂતોનો 'કેઇસ' રજૂ કરવા માટે સરદાર વલ્લભભાઇને સારા વકીલની જરૂર પડી અને એમની નજર ભૂલાભાઈ પર પડી. સરદારના નિમંત્રણે એ કૉંગ્રેસ પક્ષે જોડાયા અને એક વખત એમાં જોડાયા પછી તો ગાંધીજીના અંગત પરિચિતોના ગણાતા વર્તુલમાં તેઓ થોડા વખતમાં દાખલ થઈ ગયા. ત્યાર પછી તો પોતાની કુશાગ્ર બુદ્ધિ અને કાર્યકુશળતા વડે એ ગાંધીજી અને 'કૉંગ્રેસ હાઈ કમાન્ડ'ના અગત્યના સલાહકાર થઈ પડયા. બીજાઓને કૉંગ્રેસ કારોબારીમાં દાખલ થતાં જે સમય જોઇએ એથી ઘણા જ થોડા સમયમાં તેઓ તેમાં પણ લેવાઈ ગયા, અને સત્યાગ્રહની લડત વખતે જેલો પણ બરદાસ્ત કરી.

પણ ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે જેલમાં એમની તબિયત લથડી અને એ છૂટયા. એમનું માનસ મૂળથી જ બંધારણવાદી હતું, એટલે નેતાઓ જેલમાં હતા તે વખતે એમણે બહાર આવીને મધ્યસ્થ સરકારને રાષ્ટ્રીય બનાવવા માટે લીગના પ્રતિનિધિ લિયાકતઅલીખાન સાથે મંત્રણાઓ ચલાવી, દેસાઈ-લિયાકત કરારો કર્યા. એ વખતે દેશનું વાતાવરણ એટલું બધું નિરાશામય થઈ ગયું હતું કે કંઈક કરવાની જરૂર તો હતી જ; પણ બીજી બાજુ પ્રજા આવી સમાધાનભરી વાતોથી મુદ્દલ સંતોષાય તેમ ન હતી. છતાં એમણે પોતાને વિષે ગેરસમજૂતીઓ ઊભી થવાના ભયને વહોરી લઇને પણ એ મંત્રણાઓ ચલાવી, અને એ કારણે એ વખતે એમની લોકપ્રિયતામાં કંઈક ઓટ પણ આવેલી.

પણ ટૂંક વખતમાં જ એ ઓટમાં ઘોડાપૂર લાવનારો પ્રસંગ બન્યો. દૂરપૂર્વમાં ઊભી થએલી આઝાદ હિંદ ફોજના ત્રણ અફસરો પર દેશદ્રોહનો આરોપ ઘડી સરકારે દિલ્હીના લાલ કિલ્લામાં મુકદ્દમો ચલાવવાનો નિર્ધાર કર્યો. પ્રજા પણ એ મુકદ્દમાની કાર્યવહી તરફ મીટ માંડીને જોઈ રહી હતી. લથડતી તબિયતે પણ ભૂલાભાઈએ એ ત્રણ વીરોને બચાવવાનું કામ માથે લીધું. એમણે દિવસ અને રાત ન જોયાં, પરિશ્રમની પારાશીશી ન જોઇ, હજારો દસ્તાવેજો અને કાગળિયાં તપાસ્યાં, અનેક સાક્ષીઓની ઉલટતપાસો કરી અને એ બધાના અંતે, છેલ્લા ભાષણમાં એમની શક્તિ ટોચે પહોંચી. ગુલામ પ્રજાના 'બળવો કરવાના હક્ક'નું એમાં એમણે પ્રતિપાદન કર્યું, અને આઝાદ હિંદ લશ્કરની સ્થાપના ગેરકાયદે નથી એમ સાબીત કરીને એ ત્રણે વીરોને મુક્તિ અપાવી.

પણ એ એમના જીવનનાટકનો છેલ્લો જ પ્રવેશ હતો. મુકદ્દમાની કાર્યવહીની અંતિમ બેઠકોમાં તો એમણે પોતાનાં નબળાં પડી ગએલાં ફેફસાંમાં ઑક્સિજન ભરાવીભરાવીને પણ હાજરી આપેલી. આ હતી એમની કાળજાંતૂટ મહેનત કરવાની શક્તિ

મુકદ્દમો પૂરો થયો. દેશભરમાંથી અભિનંદનોનો વરસાદ વર્ષે જતો હતો. એમના માનમાં સમારંભો અને મેળાવડા થયે જતા હતા. એવામાં મુંબાઈના 'બાર' (વકીલમંડળ)નો વાર્ષિક મેળાવડો આવ્યો. એના માનનીય મહેમાન તરીકે એમને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું. મેળાવડામાં એ હાજર થયા. એમના તબીબોએ એમને જવાની ના પાડી હતી. પણ ભૂલાભાઈએ એમની સલાહ કેટલી માનવી એ નક્કી કરી રાખ્યું હતું. એમણે નિર્ધાર કર્યો હતો કે 'ભલે મેળાવડામાંથી મારું શબ જ બહાર નીકળે; પણ હું જઈશ તો ખરો જ.' અને ત્યાં એમણે એમની છેલ્લી શક્તિઓ કેન્દ્રિત કરીને પિસ્તાલીસ મિનિટ સુધી 'ગુલામ દેશના આઝાદીના જન્મસિદ્ધ હક્ક' ઉપર ભાષણ આપ્યું. તાળીઓ પર તાળીઓ પડયે જતી હતી. નાટકનો પડદો પડતાં પહેલાંનું એ 'ભરતવાક્ય' હતું.

એ પૂરું થયું અને લાંબો શ્વાસ લઈ એ લથડતે અંગે ઘેર જઇને સૂતા. એ પથારીમાંથી એ પાછા બેઠા થયા જ નહિ.

અને જ્યારે હિંદ આઝાદ થશે ત્યારે, જેમના સફળ પ્રયાસે એ આઝાદી આવી આપણે ગણીશું, એમનાં નામ સાથે 'ભૂલાભાઇ દેસાઇ' એ નામ પણ સદાને માટે લખાએલું રહેશે. (સંકલિત)

અનેનાસ

ઉનાળામાં તન-મન-ચિત્તની શાંતિ જાળવતાં ફળોમાં અનેનાસ પણ ઘણું ગુણકારી ગણાય છે. મૂળ એ અમેરિકાની પેદાશ. ખાવામાં તે સહેજ ખટાશવાળો વિશિષ્ટ સ્વાદ આપે છે. તેમાં ૨ ટકા ઇન્વર્ટેડ સ્યુગર છે.

ઘણાં વર્ષો પહેલાં એક માણસ કલાકો સુધી અનેનાસનાં પતીકાં પાડવાનું કામ કરતો હતો. તેને જણાયું કે કામને અંતે હંમેશાં પોતાની આંગળીઓ પરની કુદરતી સ્નિગ્ધતા દૂર થઇ જતી, અને આંગળાંની ચામડીમાં એક વિશિષ્ટ પ્રકારનો ફેરફાર દેખાતો. એક તબીબે એ માણસનાં આંગળાં તપાસ્યાં અને પરિણામે એવી શોધ થઇ કે

અનેનાસના રસમાં એક પ્રકારનું પાચક તત્ત્વ હોય છે. ઉપરાંત તેમાં ખાંસી પેદા કરતી ખોટી ત્વચાઓને ઓગાળવાની પણ શક્તિ રહેલી છે.

પાચનક્રિયા માટે અનેનાસનો રસ ઘણો જ અસરકારક છે. અપચાના દર્દીઓ માટે ખાધા પછી તે ઘણો જ ફાયદાકારક જણાયો છે. યોગ્ય પાચનક્રિયા માટે પેટમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ અને એન્ઝીમ નામના રસની જરૂર પડે છે. ભોજન પછી જઠરમાં થતા આ બન્નેના આંતરસ્રાવને અનેનાસનો રસ ઉત્તેજના આપે છે એ સિવાય, અનેનાસના રસમાં પણ બ્રોમેલિન નામનું એન્ઝીમ ભળેલું હોય છે. માંસ, કઠોળ, ઈંડાં અને માછલી જેવાં વધુ પ્રોટિન દ્રવ્ય ધરાવતા ખોરાક માટે અનેનાસનો રસ એક પાચક માધ્યમ તરીકે ઘણો જ ઉત્તમ જણાયો છે.

લોહીમાં ક્ષારતત્ત્વોનું પ્રમાણ જરૂર કરતાં વધારે થતું અટકાવવા માટે અનેનાસ ઘણું ઉપયોગી ફળ છે, કેમકે તેમાં લોહીનાં આમ્લ-તત્ત્વો જાળવી રાખવાનો ગુણ છે આંતરડાંમાં ઊછરતા ટાઇફૉઇડના જંતુઓને અનેનાસનો રસ વધતાં રોકે છે. અનેનાસમાં 'એ', 'બી', 'સી' અને 'ડી' વીટામીન પણ ઠીક પ્રમાણમાં હોય છે. વીટામીન 'એ' ખાસ કરીને ચેપ સામે ઝઝૂમવાની શક્તિ શરીરને અર્પે છે.

ફળનાં ખનીજ તત્ત્વો આરોગ્યની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનાં ગણાય છે. અનેનાસમાં પણ લગભગ તમામ આવશ્યક ખનીજ તત્ત્વો હોય છે. ખાસ કરીને તાંબુ, લોહ અને મૅંગેનીઝનું પ્રમાણ એમાં વધુ છે. આથી યોગ્ય પૌષ્ટિક ખોરાક ન લેવાવાનાં કારણે થતા રક્તક્ષય કે લોહીબગાડ(ઍનીમિયા)નાં દર્દો પર અનેનાસનું સેવન ઉત્તમ ઈલાજ કહી શકાય. લોહીની નિરામયતા જાળવી રાખવા માટે લોહ, તાંબુ અને મૅંગેનીઝ એ ત્રણ અગત્યનાં ખનિજ તત્ત્વો છે જે અનેનાસમાંથી મળી શકે છે. ઉપરાંત અનેનાસમાં કૅલ્શ્યમ(ચૂનો)અને ફૉસ્ફરસ જેવાં બે મહત્ત્વનાં ખનિજ તત્ત્વો પણ છે. કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ માત્ર તંદુરસ્તી જાળવવા માટે જ નહિ પરંતુ લાંબી જિંદગી ટકાવી રાખવા માટે પણ અત્યંત આવશ્યક છે. ખોરાકમાં આ તત્ત્વોની ઉણપ હોય તો હાડકાંનો દુખાવો, દાંતનો સડો અને 'રીકેટ' જેવા રોગો થાય છે. આ માટે અનેનાસ ખાત્રીલાયક ખાદ્યપદાર્થ છે.

મૂત્રાશયો કે હૃદય રોગગ્રસ્ત હોય તો શરીરમાં પાણીનું પ્રમાણ વધી જાય છે. વધારે પડતા પાણી તથા લોહીનો કચરો બહાર કાઢી નાખવાના મૂત્રાશયોના કાર્યમાં અનેનાસ ઘણું મદદગાર થઇ પડે છે.

પાયોરિયા (દાંતનાં પેઢામાંથી પરુ નીકળવાના રોગ)માં તો અનેનાસ ઘણું હિતાવહ છે એ પ્રયોગથી સિદ્ધ થયું છે.

અનેનાસમાં સખત રેષાઓ હોય છે તેથી વૈદ્યો ગર્ભિણી સ્ત્રીઓને માટે એ વર્જ્ય માને છે, કેમકે રેસાઓ પચે નહિ અને ખોટી ઉત્તેજના કરે, જેને પરિણામે ગર્ભસ્રાવ થઇ જાય.

('નવસૌરાષ્ટ્ર' તથા 'કોંગ્રેસ' ઉપરથી)

દોકડા—સેન્ટ

આજે હિંદી સરકાર દશાંશ પદ્ધતિનું ચલણ દાખલ કરવા વિચારી રહી છે તે વખતે તેમાં આવનારા સોમા ભાગના સિક્કા માટેનો 'સેન્ટ' શબ્દ આપણને અજાણ્યો અને વિદેશી લાગે છે; પણ આપણે ત્યાંના જૂના નાણાવ્યવહારમાં પણ દશાંશ પદ્ધતિનું અમુક ચલણ હતું એની જાણ કદાચ આજની પેઢીને નહિ હોય.

આપણે ત્યાં ગુજરાતમાં—ખાસ કરીને કચ્છ કાઠિયાવાડમાં એક રૂપિયાના સો દોકડાનું ચલણ હતું. હજુ હમણાં, વિશ્વયુદ્ધના આરંભ સુધી તો જૂનાગઢમાં દોકડા ચાલતા ને એનાં પડોશી રાજ્યોમાં પણ તે અર્ધા પૈસાના વિનિમયમાં ખપતા. એ સિક્કા ખૂબ વજનદાર હોવાથી યુદ્ધકાળની ધાતુની અછતના સમયમાં તેનું ત્રાંબામાં રૂપાંતર થઈ ગયું.

એક રૂપિયાના ૧૦૦ દોકડાનો એ હિસાબ એટલો પ્રચલિત હતો કે આપણા બીજા વ્યવહારમાં પણ અમુક એકમના ૧૦૦મા ભાગના માપ માટે આપણે ત્યાં 'દોકડા' શબ્દ વપરાતો થઈ ગયો છે. પરીક્ષાના ૧૦૦ માર્કની ગણત્રીમાં 'માર્ક' શબ્દને બદલે 'દોકડા' શબ્દ હજી વપરાય છે. વરસાદના માપમાં પણ ઇંચના ૧૦૦મા ભાગને આપણે 'દોકડા' જ કહીએ છીએ.

અને જૂની પેઢીના નામાવટીઓ તો, વ્યાજની ગણત્રી કરતાં આજના જુવાનોને લાંબી લેખણે ત્રિરાશીઓ માંડતા જોઇ મૂછમાં હસે છે અને કહે છે કે અમે તો મોઢેથી ગણી કાઢીએ—જેટલા ટકાની તેરીખ તેટલા દોકડા એક રૂપિયાનું વ્યાજ અને આપણે મૂંઝવણ રજૂ કરીએ કે 'પણ તમારી આ દોકડાની ગણત્રીમાં આનાપાઈ કેમ કરીને કાઢવા ?' તો કહેશે કે '૨૫ દોકડાનું પાવલું, ૫૦ દોકડે આઠ આના, ૭૫ દોકડે બાર આના, એ જૂગવાર ગણત્રી કરી લેવી; એ બાદ કરતાં જે છૂટક વધે તેમાંથી ૬| દોકડાનો આનો ગણો. છતાંયે શેષ વધે તો દોકડાની બે પાઈ ગણો.' ધારો કે ૪૩૮ રૂપિયાનું ૪ ટકા લેખે ૨|| વર્ષનું વ્યાજ ગણવાનું હોય તો ૪૩૮×૪×૨|| =૪૩૮૦. એટલા દોકડા વ્યાજ થાય. તેના રૂપિયા કરવા માટે તેના છેલ્લા બે અંક કાપી દશાંશ ચિહ્ન મૂકતાં ૪૩ રૂપિયા ને ૮૦ દોકડા થાય. તેમાંથી ૭૫ દોકડાના ૧૨ આના અને ૫ દોકડાની ૧૦ પાઈ થાય.

માસેમાસની જુદી જુદી રકમો હોય તો યે એ બધાનો સામટો સરવાળો કાઢી વ્યાજ ગણવાની એમની રીત અનોખી જ છે. ભણેલો વિદ્યાર્થી જે હિસાબ ગણતાં એ ડઝન ત્રિરાશીએ ને પંચરાશીઓ માંડે તે જૂના હિસાબનીશો થોડા સરવાળા ગુણાકારથી પતાવી દે છે.

આમ, દોકડાનું ચલણ પણ આપણે ત્યાં જૂનું છે, એટલું જ નહિ પણ અમુક ગણત્રીમાં તે સરળ પણ હતું. એ ચલણનું કોષ્ટક આ રહ્યું: ૧૬ વિશ્વાસીની ૧ બદામ; ૧૬ બદામનો ૧ દોકડો; ૧૦૦ દોકડાનો ૧ રૂપિયો; અને ૧૦૦ બદામનો ૧ આનો. —પી. ર.

દક્ષિણ હિંદના સિક્કાઓ

પ્રાચીન સિક્કાઓના અભ્યાસીઓને ઉત્તર હિંદ જેટલી સરળતાથી દક્ષિણ હિંદમાં અભ્યાસનાં સાધનો મળતાં નથી. ત્યાંના ઇતિહાસ જેટલી જ મુશ્કેલી ત્યાંના સિક્કાઓના નિર્ણય વિષે છે. ત્યાંના સિક્કાઓ ઉપર લખાણ ક્વચિત જ હોય છે, હોય છે તે ટૂંકાં, અને સાલ-સંવત તો એથી યે વિરલ. વળી ઉત્તર હિંદ જેટલું દક્ષિણના સિક્કામાં વૈવિધ્ય કે આકર્ષણ ન હોવાથી એનો અભ્યાસ પણ ઓછો થયો છે. આ બધાં કારણોથી દક્ષિણ હિંદના સિક્કાઓ વિષે બહુ ઓછી માહિતી મળે છે.

દક્ષિણના સોનાના સિક્કાનો એક પ્રકાર (૫૦થી ૬૦ ગ્રેનનો) હુન, વરાહ (તેના પરની વરાહની છાપને લીધે) કે પેગોડા કહેવાતો; અને બીજો ૫થી૬ ગ્રેનનો 'ફનમ' કહેવાતો. ત્રાંબાના સિક્કા 'કાસુ' નામે ઓળખાતા, જેના ઉપરથી અંગ્રેજોએ હિંદમાં આવી 'કૅશ' (પરચુરણના અર્થમાં) શબ્દ બનાવ્યો. રૂપાના સિક્કા જવલ્લે જ પડતા અને તે 'ચક્રમ' કહેવાતા.

દક્ષિણના સિક્કાઓની બીજી ખાસિયત એ કે તે ઘણા જ નાના (ઝીણા) હતા. અને કાલીકટના 'તારેસ' નામના એક કે બે ગ્રેનના સિક્કા તો દુનિયાભરના ચલણમાં સૌથી નાના જણાયા છે.

દક્ષિણ હિંદનાં રાજ્યોના બે વિસ્તાર પાડી શકાય: (૧) નર્મદા અને કૃષ્ણા-તુંગભદ્રા નદીઓ વચ્ચેના પ્રદેશ, તથા મૈસુર—જ્યાં તેલુગુ તથા કાનડી ભાષાઓ અનુક્રમે બોલાતી; અને (૨) બાકીનો દક્ષિણ

દેશ-પાંડ્ય, ચેરા, ચોળ અને પલ્લવ રાજાઓનો પરાક્રમપ્રદેશ. જ્યાં તામિલ અને તેની અનુષંગી ભાષાઓ બોલાતી.

ઈ. સ.ના ત્રીજા સદી સુધીના દક્ષિણ હિંદના ઇતિહાસની બહુ સાધનસામગ્રી મળતી નથી. ત્રીજીથી છઠ્ઠી સદી સુધી આજના કાનડા જિલ્લા અને પશ્ચિમ મૈસુરમાં કદંબ વંશના સ્વતંત્ર બ્રાહ્મણ રાજાઓ થઈ ગયા જેમની રાજધાની 'વનવાસી' નામે હતી. જે 'જયન્તી' અથવા 'વૈજયન્તી' નામથી પણ ઓળખાતી. આ કદંબ કુળના વંશજો છેક ચૌદમા સદી સુધી નાનાનાના અધિકારો ઉપર જણાયા છે અને વિજયનગરના મહાન હિંદુ રાજ્યના સ્થાપક 'રાય' રાજાઓને પણ કેટલાક કદંબ વંશ જોડે સંબંધ ધરાવતા માને છે.

મૈસુરમાં એ કદંબો કરતાં પણ વિશેષ જાણીતો ગંગ નામનો વંશ બીજીથી અગિયારમી સદી સુધી રાજ્ય કરી ગયો. જેમાંના દસમી સદીના ગંગ રાજાઓ જૈન ધર્મના બહુ ચુસ્ત પુરસ્કર્તા હતા, અને તેમાંના એક રાજાના પ્રધાન ચામુંડરાયે શ્રવણબેળગોળા મુકામે ઊભી કરેલી ૫૬ ફૂટની ગોમટેશ્વરની પ્રચંડ પ્રતિમા તો જગત-પ્રખ્યાત છે. પણ દક્ષિણ હિંદમાં સૌથી આગળ પડતો પહેલો રાજવંશ તો ચાલુક્યોનો જ ગણાય. તેના સિક્કાના નમૂના આ અંકના છેલ્લે પાને આપેલા છે. અને પછીના સિક્કાઓ હવે ક્રમાનુસાર ત્યાં આવશે.

નવાં પુસ્તકો

માનવ અર્થશાસ્ત્ર માનવજાતનાં સુખ અને પ્રગતિનો ખ્યાલ નજર સામે રાખીને લખેલો, આપણા સમાજના આર્થિક પ્રશ્નોનો વિચાર કરતો ૫૦૦ પાનાંનો શાસ્ત્રીય ગ્રંથ; લેખક નરહરિ દ્વારકાદાસ પરીખ. પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૬-૦-૦; **આધુનિક ભારત** મધ્યયુગની રાજશાહીમાંથી નીકળીને અર્વાચીન લોકશાહીની ઢબે આપણું રાષ્ટ્ર શી રીતે જન્મ્યું એ નવીન હિંદની કથા કહેતો આચાર્ય જાવડેકરનો મરાઠીમાં બહુમાન પામેલો મહત્ત્વનો ગ્રંથ: અનુવાદ કરનાર પાંડુરંગ ગણેશ દેશપાંડે, પ્રકાશક-ગુજરાત વિદ્યાપીઠ. અમદાવાદ. ૬૦૦ પાનાં. ૬-૦-૦; **હિંદુસ્તાની-ગુજરાતી કોશ** રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીનો પરિચય સાધવામાં અત્યંત ઉપયોગી નીવડે એવો, નાગરી તથા ઉર્દૂ બંને લિપિમાં શબ્દો આપતો ૧૬,૦૦૦ શબ્દભંડોળ ધરાવતો કોશ: સંપાદક મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૪-૦-૦; **શ્રી જમનાલાલજી** શ્રી ઘનશ્યામદાસ બિરલાએ લખેલા સંસ્મરણાત્મક જીવનપરિચયનો અનુવાદ: કરનાર-કરીમભાઈ વોરા, પ્રકાશક ઉપર મુજબ, ૦-૬-૦; **મલેરિયા** દર વરસે હિંદની દસ કરોડની વસતિને આવરી લેતા આ ઘરઘરના રોગને યથોચિત સમજવામાં તથા તેના ઉપચાર કરવામાં સહાયભૂત થાય તેવું પુસ્તક: સંપાદક વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૦-૭-૦; **વિદ્યાર્થી ગ્રામપ્રવૃત્તિ** તેના ઉદ્દેશ અને વર્ગો માટેની યોજના સમજાવતું ઘણું ઉપયોગી અને માર્ગદર્શક પુસ્તક: સંપાદક મગનભાઈ પ્ર. દેસાઈ, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. ૦-૬-૦; **કલાપીનો કેકારવ** સ્વ. 'સાગર'ના સંશોધન તથા ટીકા વગેરે સાથેની ૭૦૦ પાનાંની નવી આવૃત્તિ: મુખ્ય વિક્રેતા પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરા, ૭-૦-૦; **ત્રિપુટી** ગોવિંદભાઈ અમીનની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ: પ્રકાશક આર. આર. શેઠની કંપની મુંબઈ ૨, ૨-૮-૦; **સારોદ્ધાર (પ્રથમ ખંડ)** વિવિધ પ્રકારના સાહિત્યમાંથી જ્ઞાનદાતા, રસપ્રદ અને અર્થવાહી જણાએલા વિવિધ વિષયના ટૂંકા સારરૂપ લેખોનો મધુભંડાર: લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી. પ્રકાશક ઉપર મુજબ, ૦-૧૨-૦.

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૨ ઇટાલીના તારણહાર ગૅરીબાલ્ડીનું અવસાન, ૧૮૮૨.
તા. ૪ નાનાસાહેબે કાનપુરમાં બળવાની સરદારી લીધી, ૧૮૫૭.
તા. ૮ બાપ શાહજહાંને કેદ પૂરી ઔરંગઝેબે ગાદી પચાવી, ૧૬૫૮.
તા. ૧૨ જાપાનમાં પહેલી રેલવે ખુલ્લી મુકાઈ, ૧૮૭૨.
તા. ૧૪ હવાઈ રસ્તે પહેલો આટલાંટિક પાર થયો, ૧૯૧૯.
તા. ૧૬ દેશબંધુ ચિત્તરંજન દાસનું અવસાન, ૧૯૨૫.
તા. ૧૮ નેપોલિયનનો અસ્ત કરનાર વૉટર્લૂનું યુદ્ધ, ૧૮૧૫.
તા. ૨૨ હિંદમાં અંગ્રેજોનો પગદંડો સ્થાપનાર પ્લાસીનું યુદ્ધ, ૧૭૫૭.
તા. ૨૮ હિંદમાં પૈસાવાળાં પોસ્ટકાર્ડ પહેલાં નીકળ્યાં. ૧૮૭૯.
તા. ૨૯ કલકત્તા યુનિવર્સિટીને સમૃદ્ધ અને જીવંત કરનાર મહાન બંગાળી ને સમર્થ કેળવણીકાર આશુતોષ મુખરજીનો જન્મ, ૧૮૬૪.

આ માસની વ્યક્તિવિશેષ

મૅક્સિમ ગૉર્કી



નૂતન રશિયાનું ઘડતર કરનાર શ્રેષ્ઠ સાહિત્યસ્વામીઓમાં છેક ટૉલ્સ્ટૉયની ઊંચાઈએ ઊભા રહી શકે એવા આ જમાનાના લેખકનું મૂળ નામ તો ઍલેક્સાઈ મૅક્સિમોવિચ પેશ્કૉવ. મૅક્સિમ (=કડવો) ગૉર્કી એ તો એણે હાડમારીઓ ને જહેમતોમાં ગાળેલી જિંદગીની કડવાશ દર્શાવવા ધારણ કરેલું તખલ્લુસ છે. ઈ. ૧૮૬૮ના જૂનની ૧૪મી તારીખે નિજની-નૉવગોરોડ નામે ગામમાં એક મામૂલી કારીગરને ત્યાં એ જન્મ્યો. પાંચ વર્ષની વયે પિતા ગુજરી જતાં માએ બીજું ઘર કર્યું અને એ માતામહને ત્યાં મોટો થયો. પણ નવમે વર્ષે તો એને જાતકમાઈ પર જ જીવવા વારો આવ્યો, ને પેટનો ખાડો પૂરવા એ પાછળનાં પંદર વર્ષ એણે કેટલા વિચિત્ર ધંધા ને કેટલા રખડપાટ વેઠ્યા એ તો એનું જ મન જાણતું. નાનપણમાં ખાવાના જ જ્યાં ફાંફાં હતા ત્યાં ભણતર તો ક્યાંથી જ થયું હોય? પણ એ રખડપાટમાં એક બે [illegible] પાસેથી એણે વાંચતાં શીખી લીધું અને ઉત્કટ જ્ઞાનપિપાસાથી ખૂબ સાહિત્ય વાંચી નાખ્યું. ઈ. ૧૮૯૨માં ટિફ્લિસના એક દૈનિકમાં એની પહેલી વાર્તા છપાઈ. પણ એને ખરી કીર્તિ તો ૧૮૯૫માં 'ચેલ્કાશ' નવલિકાએ અપાવી. ૧૮૯૮માં એનો પહેલો વાર્તાસંગ્રહ બહાર પડ્યો. હથોડો છોડી એણે હવે કલમ પકડી. પત્રકારત્વ, નાટકો, વાર્તાઓ ને લેખો પર ખૂબ હાથ અજમાવ્યો. થોડા જ વખતમાં રશિયાના સીમાડા બહાર એનું નામ દેશદેશાંતરમાં પહોંચી ગયું.

જે ભઠિયારાને ત્યાં એ સાહિત્યસંપર્ક પામ્યો તેને ત્યાં જ એ એક છૂપા ક્રાંતિકારી મંડળના સંપર્કમાં પણ આવેલો. ૧૮૯૯માં તે જાહેર મંડળમાં જોડાયો, અને જેલ પણ જવું પડ્યું. ૧૯૦૫ની પ્રાથમિક ક્રાંતિમાં એણે સક્રિય ભાગ લીધો. અને એણે રશિયા છોડ્યું.

૧૯૦૭માં કેપ્રી મુકામે એને લેનિનનો પરિચય થયો અને એ ૬ વર્ષોમાં એ બંનેએ ક્રાન્તિની કૈં કૈં યોજનાઓ વિચારી. આખરે ૧૯૧૭ની મહાન ક્રાંતિ સફળ થઈ. લેનિને એને નવા રાજ્યઅમલમાં શિક્ષણ ને સંસ્કારિતાનો મુખ્યાધિકારી નીમ્યો. પણ નાનપણના રઝળાટ અને જુવાનીની આપત્તિઓએ ભાંગેલા એના શરીરને હવે રશિયાની ટાઢ સદી નહિ અને ૧૯૨૨માં એ ઇટાલી જઈ વસ્યો. ત્યાં ૧૯૩૬ના જૂનની ૧૮મીએ તે અવસાન પામ્યો.

भूली जवाती छो बधी / लाखो किताबो सामटी (Gujarati)

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની
—કલાપી

અમેરિકાના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનની રાજકચેરીમાં એક મોભાદાર જગ્યા ખાલી પડેલી. તેને માટે આવેલી અરજીઓમાં વૉશિંગ્ટનના એક નિકટના મિત્રની પણ અરજી હતી, અને સૌને ખાતરી હતી કે એ જગ્યા તે મિત્રને જ મળશે. પણ નિમણૂક જાહેર થઈ ત્યારે સાંભળનારા સૌ સ્તબ્ધ થઇ ગયા કે વૉશિંગ્ટનનો એક વિરોધી જ એ જગ્યાએ નીમાયો છે! કોઇએ ખુલાસો પૂછતાં વૉશિંગ્ટને ઉત્તર દીધો: 'જે જગ્યા માટે તેણે ઉમેદવારી કરેલી તેને મારો મિત્ર લાયક ન હતો, જ્યારે ચૂંટાનાર જ ખરો લાયક હતો. તે મારો વિરોધી હતો તેથી શું થયું? ન્યાય તો શક્તિવાનની જ કદર માગે.'

કહેવતોના અર્થ: 'ખાળે ડૂચા ને દરવાજા મોકળા'–એક બાજુ નાની નાની વાતોમાં કરકસર કે લોભ કરવામાં આવે અને તેની સાથોસાથ બીજી તરફ બેફામ વ્યય થતો હોય તેનું ધ્યાન કે દરકાર ન હોય, એવી સ્થિતિ દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી અંગ્રેજી કહેવત પણ જાણીતી છે: Penny wise and pound foolish. એના જેવી બીજી કહેવતો: 'છાશનો લોભ ને ઘીની મોકળ' 'ઊંટ સલીતા જાય ને ડોશી પૂણીઓ વીણે'; 'ઘીના ઘડા ઢળતા મૂક્યા ને કાચલી-કોડિયાં કોટે બાંધ્યાં'; 'અચ્છેર સારૂ દોઢીએ જાય, ને દોઢ શેર ઘરમાં ઉંદર ખાય'; 'કોડીમાં કૃપણ ને રૂપિયે દાતાર'; 'હાથીના હાથી હાલ્યા જાય ને ગધેડાનો પાટ પુછાય'; વગેરે.

અનેકાર્થી શબ્દ: કુંજર=હાથી; બ્રહ્મા; પેટ.

ગણિતગમ્મત: ૪૩૫૬ એ એવી ચાર અંકી સંખ્યા છે જેમાં ૩ થી ૬ સુધીના ક્રમિક અંકો વપરાયા છે ખૂબી એ છે કે એ સંખ્યાને દોઢ ગણી કરશો એટલે એ જ સંખ્યાનાં આંકડા ઉલટાઇને ૬૫૩૪ આવશે! –(મ. ના. ખત્રી)

છીપની ચીજોને રખે ગરમ પાણી કે સાબુથી ધોતા! એથી એની ચમક ચાલી જશે. સાચો ઉપાય ચાકની ભૂકી અને ઠંડા પાણીના મિશ્રણથી તેને સાફ કરવાનો છે.


રંગેલા ફર્નિચર પર બેલતેલનું આછું પોતું જોરથી ઘસજો. સફાઇ ને ચમક બંને આવશે.



ગયા અંક સુધી આપણે મોટે ભાગે ઉત્તર હિંદના સિક્કાઓ વિષે જાણ્યું. દક્ષિણ હિંદના સિક્કાઓ વિષે થોડી પ્રાથમિક માહિતી આ અંકની 'માધુકરી'માં આપી છે, અને ત્યાંના ઇ. પૂર્વેના સિક્કાઓ વિષે અંક ૨૫૭ માં થોડો પરિચય આવી ગયો છે.

દક્ષિણ હિંદમાં સાર્વભૌમત્વ ભોગવનાર પહેલો રાજવંશ ચાલુક્યોનો, જે હૂણ-ગુર્જર ઓલાદના હતા. છઠ્ઠી સદીમાં પુલકેશી (૧લા) એ બીજાપુર પરગણામાં આવેલા બાદામીમાં તેની સ્થાપના કરી. જૂનામાં જૂનો ચાલુક્ય સિક્કો ઈ. ૬૧૫માં થઇ ગએલા વિષ્ણુવર્ધન રાજાનો મળે છે, જેના પર એક બાજુ તેલુગુમાં 'વિષમસિદ્ધિ' એવું એ રાજાનું બિરુદ અને બીજી બાજુ, બંને પડખે દીપકવાળા ત્રિશૂલનું આલેખન છે. આ ઉપરાંત ચાલુક્યોના પ્રતીક રૂપ વરાહની છાપવાળા ઘણા સિક્કા મળી આવ્યા છે. પૂર્વ વિભાગના ચાલુક્ય રાજાઓમાં ઈ. સ. ૧૦૧૨માં થઇ ગએલા નૃપતિ રાજરાજનો ઘણા મોટા કદનો ચપટો સોનાનો સિક્કો ઉપર આપ્યો છે તેમાં વચ્ચે વરાહનું આલેખન ને ચોમેર શ્રી રાજરાજ, સ. (સંવત) ૩૫, એવું લખાણ છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકામાંથી આશરે ૧૫૦૦ દૈનિક પત્રો નીકળે છે.



થીએટર આગળ ટિકિટ લેવા ઊભી રહેલી માણસોની આ હારની લંબાઇ તમે શું ધારો છો? એ થીએટરની ઊંચાઇ જેટલી જ છે. ટૂંકી લાગે છે તે દૃષ્ટિભ્રમ છે.

કોઇ માણસ એટલો લાંબો નથી હોતો કે જેથી તેને કદિ ઝૂકવું જ ન પડે: તેમ, એટલો ટૂંકો પણ નથી હોતો કે જેથી તેને કદિ વાંકા નમવું ન પડે.

—એક કહેવત

મુંબાઈ યુનિવર્સિટી, નીચે જણાવેલી વીસ ભાષાઓનાં શિક્ષણ-પરીક્ષણની વ્યવસ્થા કરે છે: અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, કન્નડ, ઉર્દૂ, સિંધી, હિંદી, બંગાળી, સંસ્કૃત, પાલી, અર્ધમાગધી, ઈરાની, અરબી, ફ્રેન્ચ, જર્મન, પોર્ટુગીઝ, લૅટિન, હિબ્રુ, અવસ્થા અને પહેલવી.

અમેરિકામાં થતા પાકનો ૨૦ લાખ એકર જમીન જેટલો પાક તો દર વર્ષે જીવાતનો ભોગ થઇ પડે છે.



અમેરિકાના ઑક્લાહોમા પ્રાંતના સૅન્ડ સ્પ્રિંગ્સ ગામના વતની વર્જિલ કૉબલ નામે આ માણસના માથા સોંસરી બંદુકની ગોળી નીકળી ગએલી તે છતાં તે જીવતો રહ્યો. ગોળી તેના માથામાં પાછળથી પેઠી ને બે ભમર વચ્ચે નાકના મૂળમાંથી બહાર નીકળી!

સાદા દેખાતા વીજળીના ગોળાની બનાવટમાં ૩૬ પ્રકારના વિવિધ ભાગોનું સંયોજન હોય છે અને તેને સંપૂર્ણ કરતાં લગભગ ૧૦૦૦ ક્રિયાઓ કરવી પડે છે.

જર્મનીમાં આવેલી માઇન નદીના પ્રવાહનો જોશ એટલો બધો છે કે સ્ટીમથી ચાલતાં વહાણો પણ સામે પૂરે તેમાં સફર કરી શકતાં નથી. આથી આશાફેનબર્ગ અને હામ્બર્ગ વચ્ચે ચાલતો ૧૮૦ માઈલનો બધો વહાણવ્યવહાર એક જંગી સાંકળને આશરે આશરે વહાણોને કટકેકટકે ચલાવીને કરવો પડે છે.


માર્ચ અંકમાં છેલ્લા પાનાના મથાળાની કાવ્યપંક્તિઓની નીચે કવિ તરીકે 'નાનાલાલ' નામ ભૂલથી આવી ગયું છે; ત્યાં 'પુનલાલ' જોઇએ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ









(કલાકાર · અબ્દુર્રહમાન ચુઘતાઇ) **આલાપ અને આરઝૂ**



ફોટો-હરીફાઈનું પરિણામ (બાજુએ: નીચેથી ઉપરના ક્રમમાં)

પહેલું ઇનામ: 'ગ્રામકલા'-કંચનરાય અમીન (અમદાવાદ); બીજું ઇનામ: 'પોર્ટ્રેટ'-અન્વરઅલી હેમાણી (કરાંચી); ત્રીજું ઇનામ: 'બે બહેનો'-મધુકાન્ત મહેતા(નવસારી); નોંધપાત્ર: 'મારી બિલાડી' -રતિલાલ ગામી (કડી). ભાઈ કંચનરાયનો 'ગ્રામકલા'નો વિષય ખૂબ વપરાઈ ગએલો છે. રજૂઆતમાં પણ નવીન કોણ કે દૃષ્ટિ નથી. પ્રિન્ટની ટેકનિક સારી છે. ઉપરનો હાથ નજીક આવવાથી વધારેપડતો મોટો જણાય છે તે ખૂંચે છે. ભાઇ અન્વરઅલી હેમાણીનું 'પોર્ટ્રેટ' લાક્ષણિક મુખભાવ ધરાવતી ફોટોગ્રાફીનો સારો નમૂનો છે. ભાઇ મધુકાન્તના 'બે બહેનો'ના છાયાચિત્રના સંયોજનમાં જોઈતી સચોટતા અને ડિઝાઇનનું તત્ત્વ નથી. ભાઈ રતિલાલ ગામીના ચિત્ર 'મારી બિલાડી'નો વિષય સારો છે, પણ સ્વાભાવિકતા ઓછી છે ને કૅમેરાની ઝડપ ઓછી પડવાથી બાળકનો હાથ હાલી ગયો છે. સંયોજન સુધારવા માટે મૂળ પ્રિન્ટને ડાબી બાજુથી ૦॥ ઇંચ કાપ્યો છે.